શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

પરીપદ્મ ગ્રંથમાળા

સંપાદકો
ગિજુભાઈ
અને
તારાબેન

૪૪૨
1

160108

ઘા.મં. બા.મં.
ના.ઘૈ.ત્ત ૧૧ | ૮૫

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

પશુપક્ષી ગ્રંથમાળા

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

ગાંધીડું

: લેખક :

ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ–૪૦૦૦૦૨ : અમદાવાદ–૩૮૦૦૦૧

©
પ્રકાશકના

સ્વ. ગિજુભાઈ શતાબ્દી વર્ષ નિમિત્તે
પુનર્મુદ્રણ : ફેબ્રુઆરી ૧૯૮૫
પ્રત : ૫૧૦૦

મૂલ્ય ૩. ૨૦–૦૦
[આ ગ્રંથમાં ૮ પુસ્તિકાઓ છે]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ – ૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)

શીદ ને વાંસે પડ્યા છો !

હા ભાઈ હા, મારું જ નામ ગધેડું તો હું જ એ ગધેડું.

શીદ ને વાંસે પડ્યા છો ?

એક કુંભાર તો વાંસે પડ્યો જ છે. રોજ ભાર ભરે છે ને ડીફે ડીફે મારે છે.

પેલો ધોબી યે વાંસે પડ્યો છે. પહેલાં તો એ બળદ રાખતો, પણ હમણાં વળી મને રાખ્યો છે. ગાંસડો લૂગડાં મૂકે છે, ને એ ગાઉ ચલાવે છે.

પેલો જોગી યે વાંસે પડ્યો છે. ધૂળ ઉપડાવે, ભૂતડો ઉપડાવે, ગેરુ ઉપડાવે ને દિવસ આખો કામ કરાવે.

આ તે કાંઈ રીત છે? જે મળે તે વાંસે જ લાગે છે ! ત્યાં સુધી તો જાણે ઠીક કે આવા લોકલાઈ વાંસે લાગે છે; એ તો જાણે કે અણસમજુ, પણ આ ભણેલાગણેલા તે શીદ વાંસે લાગતા હશે ? બીજું ઠોર

લોકલાઈ=ગામડિયા લોકો; લોકવરણ

નથી તે મારું નામ લે? બીજાં ઢોર નથી તે મારો કાન પકડે? બીજું કામ નથી તે મારું કામ કાઢે? વાર્તા તો કેવી લખી ગધેડાની. 'એક હતું ગધેડું ને એક હતું શિયાળ.' 'એક વાર એક ગધેડો તળાવકાંઠે ચરતો હતો.'

આમ કુલમ ઉપાડીને મંડ્યા લખવા. લખે નહિ એનું પોતાનું? પોતાને મૂકીને ગધેડાનું શીદને લખે છે? પોતે જાણ્યાં ઓછાં છે, કે મોળા છે? દા'ડો બપોર લખવા તો કે' ગધેડાનો થાજે ઈ શે. આ લખી નાખ્યું: "મારી મતિ જુદી છે. [illegible] શું બીજું શું તમારો મત જુદો છે? [illegible] કવિતા લખવાવાળો થયો ત્યારે બીજા બધા [illegible] કોયલ બૂરી, મોર બૂરો, ગાયું બૂરી, ઘેર બૂરી, તો મારી કવિતા બેઠા બેઠાં બેઠાં તો બેઠા, પણ મારા મરક્કામે હેતે ચડાવ્યું [illegible] 'કૂદો બદો રાસભ મિત્ર મારા.' રાસભ એટલે ગધેડું [illegible] કવિતામાં લખે છે કે હે મારા મિત્ર ગધેડા! બીજા બધા તમે કૂદો, મિત્ર બદો. [illegible] કવિતા! [illegible] કોયલ પણ કાળી, પણ ચિત્તડાંને તો મારી વાંસો પડ્યા છે, તે એ પણ મારાં ચિત્તડાંને કાઢે છે ને પ્રાણ [illegible]

છે. બીજા કશાનાં ચિત્ર કાઢવાનું નહિ હોય ભલા ? જો મારામાં કંઈ હતું તો મારું ચિત્ર કાઢ્યું ! સાહેબ લોકો ય જાણે મારી વાંસે પડ્યા છે. આવા ડાહ્યાડમરા દેખાય છે, પણ જરા વારમાં 'યૂ ગધ્ધા ફૂલ' બોલે છે. ગધ્ધા એટલે તો ગધેડું. ને ફૂલ એટલે મૂરખો ને યૂ એટલે તમે. એટલે 'તમે ગધેડા મૂરખા.' હવે આમાં હું ગધેડો મૂરખો કે તમે ગધેડા મૂરખા ?

દેવોએ પણ મને નથી છોડ્યો તો ! શીતળા તો કે' ગધેડા ઉપર બેસું. શું મારી પીઠ કાંઈ રૂપાળી છે ને કાંઈ સુંવાળી છે ? પણ વાંસે પડવું જ હોય તો કોણ ના પાડતું'તું ?

આ આટલા બધા તો વાંસે પડ્યા છે. આ વળી તમે રહી ગયા હતા તે આવ્યા છો. શું કરવું છે તમારે, કહો જોઈએ ? ક્યારના બોલો છો ને જેને તેને નામ પૂછો છો, તે જોયે નથી ઓળખતા ? લક્ષ્મણે નથી ઓળખતા ?

બાપુ, મારું જ નામ ગધેડું ને હું જ પોતે ગધેડું. આ હું ઉકરડા પર ઊભું. તમારે મારું જે કરવું હોય તે કરો. વાંસે લાગ્યા છો તે કાંઈ છોડી દેશો ?

દાદાની શિખામણ

ઘરડો ગધેડો મરવા પડ્યો. ગધ્ધીડોશીને બોલાવ્યાં ને કહ્યું : 'જુઓ, બાઈ! મારો કાળ આવી લાગ્યો છે. હું હવે બે ઘડીનો મે'માન છું. આપણાં બોલકાં—બોલકીઓને બોલાવો. હું તમને કેમ જીવવું ને કેમ સુખી થવું તે કહેતો જાઉં.'

ગધ્ધા દાદાનો પરિવાર એકઠો થયો. દીકરાના દીકરા, ને તેની વહુઓ, ને તેનાં બચ્ચાંકુચ્ચાં દાદાની પથારી ફરતાં ફરી વળ્યાં. દાદા ઉકરડાને સાથરે પડ્યા હતા.

દિલગીર ચહેરે સૌ બેઠાં હતાં; દાદાની સામે આતુરતાથી જોઈ રહ્યાં હતાં.

દાદાએ કહ્યું : 'જુઓ બચ્ચાંઓ! મરતાં મરતાં બે વાત કહી જાઉં છું તે કાનમાં રાખજો. ને વાત નીચે પડી ન જાય માટે કાન રોજ ઊંચા રાખજો.

'વાત એમ છે કે ભલે લોકો આપણી પાસે ગમે તેટલું કામ કરાવે; પણ આનાકાની ના કરતા. આપણે ઘોડા જેવા રૂપાળા નથી ને તેના જેટલા ઉતાવળા યે નથી : પણ ધીમે ધીમે આપણે ઘણું કામ કરીએ છીએ. આપણે તો કામ કરીને કામણ કરવાનું છે. કુંભાર આપણા પર શા માટે ચડી બેસે છે? આપણા કામથી તે રાજી થાય છે માટે.

'આપણે કામચોર ન થવું. આપણા વડવાએ એક વાર કામની ચોરી કરેલી. એ વાત તમે સૌ જાણો છો : મીઠાની ગૂણવાળી. એવી ચોરી આપણને સહતી નથી માટે ન કરવી.

'વળી દીકરાઓ! આપણે કોઈ દિવસ ધરો ને એવાં લીલાં ઘાસનો શોખ ન કરવો. એની વાત પણ મેં તમને કહી છે : પેલા શિયાળ સાથે આપણા વડવા ફસાઈ ગયેલા તેની. માટે ભલો આપણો ઉકરડો ને ભલાં આપણાં રાડાં!

'વળી બેટાઓ! આપણે ગવૈયાનું કામ ભૂલેચૂકે પણ ન કરવું. એ કામ પણ આપણી જાતને નથી ફાવતું. આપણો કંઠ ભલે સુંદર છે, પણ તેની કશી કિંમત નથી. એમ 'ના હું

તો ગાઇશ ! કહીને કહી ન ગાતાં એવી બાબતમાં આપણી સાત પેઢીએ એકડા વડવાને કેવો માર પડ્યો હતો, તેની વાત તમે જાણો છો.

'જુઓ, મારાં વહાલાં બોલકાંઓ! તમને હું કહી રાખું. ગામનાં છોકરાંઓ લિમારી પૂંછડીએ ડબલું બાંધવા આવે ત્યારે તમે તેમને પાછલે પગે પાછુ મારજો. એ એક અદ્‌ભુત ઉપાય છે. એ આપણા બાપદાદાથી ચાલતો આવતો રામબાણ ઉપાય છે.

'ને એક વાત કહેવાની રહી જાય છે કે તમે કદી શિયાળની દોસ્તી ન કરતા. ભૂખે મરી જજો પણ એને પડખે ન ચડતા. આપણા વડવાને એણે સિંહ પાસે મરાવી નાખ્યો હતો!

'દીકરાંઓ ને વહુઓ! સહુ સાંભળો: બધા કહે છે કે ગધેડાને કાળજું અને કાન બનને નથી. એ લોકો ખોટું કહે છે તે વાત ભૂલશો નહિ. જુઓ, હું આવડો ઘરડો થયો છું છતાં મારા કાન સાબૂત છે, અને મારે કાળજું પણ છે. જુઓ, તમારા કાન અને કાળજાંને તપાસી જુઓ.

'હવે મારી છેલ્લી સલાહ છે કે તમે 'ઇસપનીતિ' ને 'પંચતંત્ર' ને એવી એવી

ચોપડીઓ વાંચશો નહિ. તેમાં આપણી નિંદા કરી છે. ગિજુભાઈ આપણા મિત્ર છે, તેણે આપણી એક ચોપડી લખી છે તે વાંચજો ને તેમાં કહેવા પ્રમાણે ચાલજો. તેને તમે બોલકાંઓ ! ઘણાં ગમો છો. પોતાનાં બાળકોને તેઓ ઘણી વાર બોલકાં કહે છે.'

આટલું કહેતાં ઘરડો દાદાની આંખ મિંચાઈ ગઈ ને દાદા સ્વર્ગે સિધાવ્યા.

સૌએ તેમની વાત કાનમાં રાખી ને કાન ઊંચા રાખી લીધા.

ખરેખર હું દિલગીર છું

'ખરેખર હું દિલગીર છું કે હું ગધેડો છું. માણસ હોત તો કેવું સારું થાત! એને કાંઈ છે? વૈતરું કરવું પડતું હોત તો બધી ખબર પડત. શેઠને ક્યાં ભાન છે કે આ બે મીઠાનાં છાલકાં તે કેમ ઊપડે? પણ એને શું? આ મજાનો ગાતો ગાતો ચાલ્યો આવે છે. કેવું ગાય છે એ તો કોણ જાણે! આના કરતાં તો ગધેડાં સારું ભૂંકે છે. હશે, હું તો મારું દુઃખ ગાઉં છું. આ રોજ એનું એ વૈતરું! ગામમાં જવું, મીઠાનાં છાલકાં ઉપાડવાં કે ઘરભણી આવવું. આમાંથી કેમ છુટાય?'

પાછળથી શેઠે પડકાર્યો : 'એ જરાક તો પગ ઉપાડ! આ હમણાં સાંજ પડશે, આમ ધીમે ધીમે પગલાં ઉપાડે છે તે! છે જરા યે મનમાં ફિકર?'

ગધેડો મનમાં બબડ્યો : 'ખરેખર, હું

દિલગીર છું કે હું ગધેડો છું.'

રસ્તામાં નદી આવી. ઊતરતાં ઊતરતાં ગધેડો લપસ્યો. પાણીમાં જઈ પડ્યો; થોડું ક પાણી પણ પીવું પડ્યું. પણ 'અરે! આ બધો ભાર ક્યાં ગયો? કોણ જાણે દૈવને બબર! ઠીક થયું કે લપસ્યા ને પડ્યા. હવે તો રોજ લપસીશ ને ભાર ઉતારીશ. ભીનો તો થઈશ; જરાક પાણી પણ પિવાશે; પણ હરકત નહિ. એ ભાવમાં મોંધું નથી!'

ગધેડાભાઈ મલકાતા ચાલ્યા.

બીજે દિવસ થયો. મીઠું લઈને પાછા વળ્યા. નદી આવી. ગધેડો કહે : 'હું કાંઈ બીજા ગધેડા જેવો ગધેડો નથી. પાણીમાં જ પડવા દે એટલે ભાર ભારને ઠેકાણે, ને આપણે હળવા ફૂલ!'

અને ભાઈ તો હળવેક દઈને ચાલાકીથી લપસ્યા; બધું મીઠું પાણી પાણી! ને બન્ને છાલકાં બાલીબમ!

ગધેડાભાઈ તો મલકાયા. મનમાં મનમાં કહે : 'કહે છે ને કે ગધેડાને અક્કલ નથી!'

શેઠ બિચારો શું કરે? ગધેડો લપસી ગયો

એમાં એનો શો વાંક ?

ત્રીજો દિવસ થયો. માલ લઈ પાછા ફર્યા. ગધેડાને તો ફાવ્યું. હળવેક દઈને લપસ્યા ને છાલકાં ઝાલીખમ !

શેઠ સમજી ગયો. તે કહે : 'મારો દીકરો પહોંચેલો લાગે છે ! કાલ વાત છે, બેટમજીની !'

ચોથો દિવસ થયો. શહેરમાં ગયા, શેઠ છાલકામાં મીઠું શાનું ભરે ! એણે તો હળવી હળવી વાદળી ભરી; દાબીદાબીને.

ગધેડો મનમાં હરખાયા. 'આજ તો અત્યારથી જ હળવો ભાર છે, ને વળી પાણીમાં પડશું એટલે સાવ ખલાસ ?'

નદી આવી.

શેઠ મનમાં કહે : 'હવે લપસજે, બેટા તને ય ખબર પડે ! ભાઈશા'બ ચાલાકી કરવા નીકળ્યા છે !'

ત્યાં તો ગધેડો લપસ્યો. મીઠું ક્યાં હતું તે ધોવાઈ જાય ? વાદળી તો પાણીથી ભરાઈ ભરાઈને થઈ ભારે સીસા જેવી. પછી જોઈ લ્યો ગધેડાભાઈની મજા !

ગધેડાભાઈ ખૂબ મૂંઝાયા. પાણીમાંથી

બહાર જ નીકળાય ત્યારે ને ? ઘણું બળ કરે, પણ ભાર ક્યાં જાય ?

શેઠ કહે : 'કાં ભાઈ ! ગયાં 'તાં ને ચાલાકી કરવા ?'

ગધેડો બિચારો શું કહે ? મનમાં ને મનમાં બોલ્યો : 'ખરેખર હું દિલગીર છું કે હું ગધેડો છું !'

ના, હું તો ગાઇશ !

ઉકરડેથી ઊતર્યા ને પૂંછડી હલાવતા ચાલ્યા : 'દિવસ કંઈક સારો લાગે છે. ચાલ ને ક્યાંક પહોંચી જઈએ ? ચાલ ને જીવને રાજી કરીએ !'

પૂંછડી હલાવતા ઊપડ્યા. નાક ચડાવતા ચાલ્યા.

રસ્તે એક શિયાળ મળ્યું.

'કાં ભાઈ ! ક્યાં ઊપડ્યા ?'

'પણે જરા લટાર મારવા'

'ક્યાં વળી ?'

'પેલું લીલું ખેતર છે ને, ત્યાં.'

'તે ત્યાં જઈને શું કરીશું ?'

'શું કેમ ? જરા ખાઈશું, ફરશું ને મોજ કરશું. જીવને જરા સુખ આપીશું.'

'તે ખેતર આપણા બાપનું છે ?'

'આપણા બાપનું તો ક્યાંથી ? ખેતરવાળો બિચારો કાંઈ ગધેડો છે ? શિયાળ છે ? એ તો

પેલો રામો પટેલ છે; માણસની જાત છે. એતર એના બાપનું છે.'

'ત્યારે ?'

'તે આપણને અંદર જતાં તો આવડે ને ? અંદર જઈને ખાઈશું ને પીશું. ખાવાપીવામાં બાપનું ન બાપનું એવું વળી ક્યાં છે ?'

શિયાળ કહે : 'ઠીક ભાઈ! ચાલો ત્યારે.'

ચાલતાં ચાલતાં ભાઈબંધો એતર પાસે આવ્યા.

ફરતી એક વાડ હતી; પણ અંદર કેમ પેસાય ?

ગધેડો કહે : 'ઊભો રહે, લે જરા પાટુ મારું. આ જરા છીંડું પડ્યું. ચાલ જોઈએ, પેસ જોઈએ !'

શિયાળભાઈ અંદર ગયા. નીચે પડી ગધ્ધા-ભાઈ પણ અંદર પેઠા.

આ....ને મજેની ધરો; ગધેડું ને વળી ધરો મળી !

આ....ને નિરાંતે ખાધું, ખાધું, ખાધું ! શિયાળભાઈ પણ ખાતા હતા. શેરડીના સાંઠાનો રસ પીતા હતા. એતરમાં થોડી શેરડી પણ હતી.

એક તો ગોધેડો ભાઈ ને વળી પેટ ભરાયું હોઈયાં કરી પેટે હાથ ફેરવ્યો. શી પડી હતી શિયાળની કે ભૂખ્યું છે કે ધરાયું છે?

ઉખાણું પીધું એટલે તો જાણે રાજ કર્યું. 'હોઈયાં હોઈયાં! ચાલો હવે ગીતો ગાઈએ, જરા લડીએ ! ચ્યાલો જરા ગાઈએ, જરા માણીએ !! કેવી મજાની ધરતી છે! કેવો મજાનો પવન છે! ચ્યાલો હવે ગાઈએ' એમ કરી મંડ્યા એ તો 'ઘેંકૂક' કરવા.

શિયાળ કહે: 'એ ભાઈ! આ તે શું માંડ્યું?'

'અરે, હું તો ગાઉં છું.'
'રાખ રે ભાઈ! હું હજી ભૂખ્યો છું.'
'પણ તે મારે તો હવે ગાવું છે.'
'અરે મર રે મૂઆ; હું હજી ભૂખ્યો છું.'
'ના રે ભાઈ! હું તો હવે ગાઈશ. જો ઘેંકૂક, ઘેંકૂક.'

એમ એમ એમ કરી રાખ્યું પેલો કાકો આવશે તો મારી નાખશે.'

અરે, એ વળી શું કરવાનો?...
અરે, સાંભળ! રાખ, થોડી વાર રાખ! ના, હું તો ગાવાનો જ ગાવાનો!

ઘેંકૂક ઘેંકૂક, ઘેંકૂક ઘેંકૂ.....ક !'

'જો મારા દીકરા વાડીમાં પેઠા છે તે !'

રામો પટેલ લાકડી લઈને દેખાયો.

'રે ભાગ રે ભાગ તારો ડોસો આવ્યો.'

'ના રે, હું તો ગાઈશ. બસ, હું તો ગાઈશ.

ઘેં.....કૂ.....ક !'

'એ ભાગજે હું, હું તો મારે આ ભાગ્યો.

આ પેલો આવ્યો.'

'ના, હું તો ગાઈશ; ના, હું તો ગાઈશ !

ઘેં.....'

શિયાળભાઈ તો એક ઠેકડો મારીને ભાગ્યા ને રામા પટેલ આવી પહોંચ્યા.

'લે તારું ઘેંકૂક ! લે તારું ઘેંકૂક ! રોજ આવીને તું જ ખાઈ જાય છે !'

ગધેડાભાઈનું ઘેંકૂક ! 'ઘેં....એ' થઈ ગયું, ને લાકડી લાગી તે આમ નીચા નમી ગયા !

પછી તો હાડ ઠીક ભાંગ્યા પણ એ તો ગધ્ધાભાઈ!

હાલ જાય હવાલ, પણ બંદાના ખ્યાલ જાય કે? એ તો પાછા એના એ; ના કહો તો યે ગાવાના !

ચારે જણાં ઊભેલાં

ચારે જણાં ઊભેલાં; પીઠ ફેરવીને ઊભેલાં.
એકનું મોં ઉગમણું, બીજાનું આથમણું,
ત્રીજાનું ઓતરાદું ને ચોથાનું દખણાદું.
એક કહે : 'ઉગમણી કોર જઈએ.'
બીજું કહે : 'આથમણી કોર જઈએ.'
ત્રીજું કહે : 'ના ઓતરાદા જઈએ.'
ચોથું કહે : 'ના દખણાદા જઈએ.'
એકે તરફ ન ગયાં;
ચારે જણાં ઊભાં રહ્યાં.
એકે કહ્યું : 'હું કહું છું કે ઉગમણા જઈએ.'
બીજે કહ્યું : 'હું કહું છું કે આથમણા જઈએ.'
ત્રીજે કહ્યું : 'હું કહું છું કે ઓતરાદા જઈએ.'
ચોથે કહ્યું : 'હું કહું છું કે દખણાદા જઈએ.'
સૌનું કહેવું પડ્યું રહ્યું;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એક કહે : 'બસ, મારું કહ્યું જ માનો.'
બીજું કહે : 'બસ, મારું કહ્યું માનો.'
ત્રીજું કહે : 'ના બસ, મારું કહ્યું માનો.'
ચોથું કહે : 'ના બસ, મારું જ માનો.'

કોઈએ કોઈનું માન્યું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

પહેલું કહે : 'મારું કહેવું સાચું.'
બીજું કહે : 'મારું કહેવું સાચું.'
ત્રીજું કહે : 'મારું કહેવું સાચું.'
ચોથું કહે : 'અરે, મારું જ સાચું.'

કોઈ કોઈનું સાચું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એક કહે : 'ઉગમણા જ જવું પડશે.'
બીજું કહે : 'આથમણા જ જવું પડશે.'
ત્રીજું કહે : 'ઓતરાદા જ જવું પડશે.'
ચોથું કહે : 'દખણાદા જ જવું પડશે.'

ક્યાંઈ કોઈ ગયું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

પહેલું કહે : 'મારું કહેવું કરવું પડશે.'
બીજું કહે : 'મારું કહેવું કરવું પડશે.'
ત્રીજું કહે : 'મારું જ કહેવું કરવું પડશે.'
ચોથું કહે : 'મારું જ કહેવું કરવું પડશે.'

કોઈએ કોઈનું કહેવું કર્યું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એટલામાં એક છોકરો આવ્યો.
હળવેક દઈને વચ્ચે ગયો.
આસ્તેક દઈને બાંધી દીધાં;
ચારે જણનાં ચારે પૂંછડાં–
જોર કરીને બાંધી દીધાં;
કચકચાવીને બાંધી દીધાં.

એમ ને એમ ઊભાં હતાં;
પીઠ ફેરવીને ઊભાં હતાં.

એકનું મોં આથમણું, બીજાનું ઉગમણું,
ત્રીજાનું દખણાદું ને ચોથાનું ઓતરાદું.

એક કહે : 'બસ, આવો છો કે નહિ?'
બીજું કહે : 'કેમ, આવો છો કે નહિ?'
ત્રીજું કહે : 'અરે! આવો છો કે નહિ?'
ચોથું કહે : 'ભાઈ! આવો છો કે નહિ?'

એકે જણ ખસ્યું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં
એક કહે : 'હું મારે આ ચાલ્યું.'
બીજું કહે : 'હું મારે આ ચાલ્યું.'
ત્રીજું કહે : 'હું ય મારે આ ચાલ્યું.'
ચોથું કહે : 'હું પણ મારે આ ચાલ્યું.'
એકે જણ ચાલ્યું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એમ કરીને એક ચાલ્યું;
એમ કરીને બીજું ચાલ્યું;
એમ કરીને ત્રીજું ચાલ્યું;
એમ કરીને ચોથું ચાલ્યું;
એમ કરીને ચારે ચાલ્યાં.
એમ કરીને ચારે ચાલ્યાં.

એક જણનું ખેંચાયું;
બીજા જણનું ખેંચાયું;
ત્રીજા જણનું ખેંચાયું;
ચોથા જણનું ખેંચાયું.
ચારે જણાનાં ખેંચાયાં;
ચારે જણાનાં તણાયાં.

એક કહે : 'કોણ ખેંચે છે?'
બીજું કહે : 'કોણ ખેંચે છે?'
ત્રીજું કહે : 'કોણ ખેંચે છે?'
ચોથું કહે : 'કોણ ખેંચે છે?'

ચારે જણાં પૂછી રહ્યાં.
ચારે જણાં ખેંચી રહ્યાં.

એક જણની તૂટી ગઈ;
બીજા જણની તૂટી ગઈ;
ત્રીજા જણની તૂટી ગઈ;
ચોથા જણની તૂટી ગઈ.

ચારે પૂંછડી તૂટી ગઈ;
ચારે જણાંની તૂટી ગઈ.

એક ભાગ્યું ઉગમણું;
બીજું ભાગ્યું આથમણું;
ત્રીજું ભાગ્યું ઓતરાદું;
ચોથું ભાગ્યું દખણાદું;

ચારે જણાં ભાગી ગયાં;
ચારે કોર ભાગી ગયાં.

એક જણ હોંચી કરતું

બીજું જણ ઘેકૂંક ઘેકૂંક;
ત્રીજું જણ ભોં ભોં કરતું,
ચોથું જણ ટ્રેં ટ્રેં કરતું.
ચારે જણાં ભાગી ગયાં.
ચારે દિશામાં ભાગી ગયાં.

કોણ કહે છે,
આર્યા વિના ન ચાલે ?

બેઠો બેઠો વાંચતો હતો.

શેરીમાંથી અવાજ આવ્યો : 'તડ, તડ, તડ !' 'ઘેંકૂક, ઘેંકૂક, ઘેંકૂક !'

બિચારા ગધેડાને કોઈ મારતું લાગે છે ! સિંહને કોણ મારે ? હળવું લોહી હવાલદારનું. કુંભારે ય ગધેડાને મારવામાં શૂરો. ચાલ, જોઉં તો ખરો કોણ મારે છે ?

એકાને ગધેડો જોડ્યો હતો. એકામાં રેતી ભરી હતી. રેતીના ભારે ગધેડો બેવડ વળી ગયો હતો. અટકી ઊભો હતો ને છોકરો ધડ્ડસ ધડ્ડસ એને ટીપતો હતો.

'ભાઈ! ગધેડાને તે આટલો શીદ્ મારે છે ? જરાક તો દયા રાખ !'

'ભાઈ! એ તો એ જ લાગનો છે. મારી

મારીને મરી જઓ પણ એકનો બે ન જ થાય.'

'અરે, એવું તે કાંઈ હોય! ગધેડાને અક્કલ છે. કોઈ કોઈ માણસો યે ગધેડાં જેટલાં ડાહ્યાં હોય છે.'

'પણ તમે જ કહો ને; ચાલે નહિ ત્યારે કરવું શું?'

'પણ મારાથી તો અટકીને ઊભો છે. મારથી ચાલતો હોય તો અટકીને ઊભો શા માટે રહેત?'

'ખરી વાત છે ભાઈ! રોજ આની આ હોળી! કેટલી યે લાકડીઓ ભાંગી નાખી. મારી મારીને હાથ ચમચમી જાય છે; પણ ઠોરને અક્કલ છે કે મફતનો માર ન ખાઉં!'

'અક્કલ તો એને ય છે, પણ મારથી એ બહેરી થઈ જાય છે. મારથી તો ઊલટું માણસ પણ નઠોર થઈ જાય છે.'

'પણ ભાઈશા'બ! માર્યા વિના તે કેમ ચાલે? એ કાંઈ સમજે ત્યારે ના!'

'સમજે સમજે; ન કેમ સમજે? એક વાર લાકડી નાખી દે, ને જરાક વાંસો થાબડ એટલે ચાલશે. જરાક રેતી હળવી કર; જરાક બિચારાને

ભૂખ લાગી હોય તો ખાવાનું ખડ આપ. જોજે, એ પછી ચાલે છે કે નહિ ?'

છોકરે ગધેડાને ખડ નાખ્યું; એ સૂંડલા રેતી કાઢી નાખી: જરાક થાબડયો, ને ગધેડો આ.... મજાનો ચાલ્યો.

હું ઘેર આવ્યો. મને થયું કે ચાલ ને બધાને આ વાત કહું કે ગધેડાને થાબડયો એટલે ચાલ્યો, ને માર્યો એટલે અટક્યો.

કોણ કહે છે કે માર્યા વિના ન ચાલે ?

ડોસો અને દીકરો

એક હતો ડોસો અને એક હતો દીકરો. બાપદીકરો પરગામ ગધેડું વેચવા ચાલ્યા. આગળ બાપદીકરો ચાલ્યા જાય છે ને પાછળ ગધેડું દોરાયું આવે છે.

રસ્તે માણસો મળ્યા. તે કહે : 'અરે રામ ! આ બાપદીકરા જેવા કોઈ જોયા છે ? નાહકનું ગધેડું ચાલ્યું આવે છે ને બાપદીકરો પગ તોડે છે !'

બાપે દીકરાને ગધેડા ઉપર બેસાડ્યો ને પોતે ગધેડું દોરી આગળ ચાલ્યો.

બે બાઈઓ મળી. બાઈઓ કહે : 'અરે રામ ! આ કળજુગ ભાળ્યો ? પાંસઠ વરસનો બાપ ચાલ્યો આવે છે ને દીકરો શાહ્યજાદો ગધેડે બેઠો આવે છે !'

દીકરો હેઠો ઊતર્યો ને બાપ ગધેડા ઉપર બેઠો. ત્યાં બે બુઢિયાં મળ્યાં. ગધેડા ઉપર બેઠેલા બુઢ્ઢાને જોઈ કહે : 'એલા તારા ઘોળામાં ધૂળ પડી !

લાજતો નથી, આ છોકરો ચાલ્યો આવે છે, ને તું ખાસો ગધેડે ચડીને બેઠો છે તે ?'

ડોસો શરમાઈ ગયો ને દીકરાને પોતાની આગળ બેસાડ્યો. જરાક દૂર જાય ત્યાં બાઈ બોનું બેક ટોળું મળ્યું, તે કહે : 'અરે, છે આ બાપ-દીકરાને દયા ? આ રૂપાળા ગધેડા ઉપર બેઠા આવે છે ! એને કાંઈ વાચા છે તે બોલે ? બિચારો ભારથી ભોંયે અડ્યો છે !'

બાપદીકરો ગધેડા ઉપરથી ઊતરી પડ્યા.

દીકરો કહે : 'બાપા ! ત્યારે હવે આપણે શું કરશું ?'

ડોસો કહે : 'ચાલો ત્યારે આપણે જ ગધેડાને ઉપાડીએ.'

બાપદીકરાએ વળીએ બાંધીને ગધેડાને ઉપાડ્યો. પુલ ઉપરથી જતાં ગધેડાએ તોફાન કર્યું ને બાંધેલ દોરીઓ છૂટી ગઈ. ગધેડાભાઈ પાણીમાં, ને રામ બોલો ભાઈ રામ !

મારો મત જુદો છે

કેમ જાણે કેમ, મારો મત જુદો છે શું, લાંબા કાન છે માટે? શું, મોટા કાન છે માટે? શું, ભાર વહે છે માટે? શું, ચાળોટે છે માટે? શું, ભૂંકે છે માટે?

લોકો એને મૂરખો કહે છે. એમાં મૂર્ખાઈ ક્યાં છે?

ઘોડાના કાન લાંબા છે.
બગલાનો વાન ધોળો છે.
બળદ ભાર વહે છે.
ઘોડો ય ચાળોટે છે.
કૂતરું ય ચાળોટે છે.

ભૂંકે નહિ તો શું કરે? ઘોડો હણહણે, ગાય ભાંભરે, ભેંશ રણકે ને ગધેડું ભૂંકે; એમાં નવાઈ શી? એમાં બિચારો મૂરખો શાનો?

કોણ કહે છે કે એ મૂરખો છે?
કુંભાર કહે છે કે એ મૂરખો છે?

ધોબી કહે છે કે એ મૂરખો છે ?

ત્યારે બીજાને શી ખબર પડે ? એક તો બિચારો બોલે નહિ, બડ-ચંદી માગે નહિ. દિવસ આખો ઢસરડા કરે, રાત બધી ગાયા કરે, ને તો યે બિચારો મૂરખો !

આ તે કાંઈ રીત કહેવાય? આ તે કાંઈ ન્યાય કહેવાય !

ભલે બધા માને નહિ; મારો મત જુદો છે.

ચીડિયાખાનું

ગિજુભાઈ

ચીડિયાખાનું

સાંજ પડી હતી ને વાળુ કરીને કુટુંબ ફળિયામાં બેઠું હતું.

નાનાં રમુ ને કમુ વસંતરાયના ખોળામાં આળોટતાં હતાં.

લખ્મી અને ચંપક આકાશ સામે જોઈ સપ્તર્ષિ અને હરણી નક્ષત્રો નિહાળતાં હતાં.

રમણ કંઈક વિચારતો હતો.

રાધા કાલ માટે શાક સુધારતી હતી.

રમણે એકાએક કહ્યું : 'બાપુ ! કેટલા યે દિવસથી આપણે બાગમાં ગયા નથી. મને પેલા વાંદરા અને સિંહ અને હાથી ને એવું એવું જોવાનું મન થયું છે.'

લખ્મી કહે : 'બાપુ ! કાલે જ ચાલોને ? કહે છે, હમણાં ત્યાં ગેંડો આવેલો છે.'

ચંપક કહે : 'હેં, ગેંડો ? અરે એનું ચિત્ર તો જોયેલું છે. નાક ઉપર શિંગડું હોય

છે, તે ? વાહ ! ચાલો ચાલો, કાલે જ જઈએ.'

રમુ-કમુ કહે : 'અમને તો વાંદરા જોવા બહુ ગમે છે. સિંહ ત્રાડ પાડે છે તે અમારા કાન ફૂટી જાય છે.'

વસંતરાય કહે : 'પણ તમે બાગમાં તો આવશો ને ?'

રમુ-કમુ કહે : 'બાગમાં તો આવવાનાં જ; પણ અમે સિંહ જોવા નહિ આવીએ. અમે બા સાથે વાંદરા જોવા જઈશું.'

વસંતરાય કહે : 'વારુ, ત્યારે આપણે આવતી કાલે બાગ જોવા જઈશું. જુઓ, પાંચ વાગે તમે બધાં તૈયાર થઈ રહેજો. હું કામ પરથી આવીને તમને બાગ ભણી લઈ જઈશ.'

બીજે દિવસે બાગમાં જવાનું જાણી સૌ બાળકો ખુશી થયાં ને બાગના વિચાર કરતાં ઊંઘી ગયાં.

બીજે દિવસે સાંજે પાંચ વાગે બાગમાં જવાની તૈયારીઓ ચાલવા લાગી. રાધાએ કમુનું માથું ઓળી આપ્યું. લખીએ પોતાનું માથું ઓળી લીધું. રમુને ચંપકે ચોરણી ને પહેરણ પહેરાવ્યાં ને ચંપક અને રમણ બૂટ પહેરી બાપુની

વાટ જોતા બેઠા.

પાંચ વાગ્યા ને બાપુ આવ્યા. બધાં દોડીને સામે ગયાં ને તેમને વળગી પડ્યાં.

બાગમાં જવાની તૈયારી જોઈ વસંતરાયે ઝટપટ થોડો નાસ્તો કરી લીધો, ને ઘર વાસી રાધાબેન અને બાળકો બાગ તરફ ઊપડ્યાં.

જેમ જેમ બાગ નજીક આવવા માંડ્યો તેમ તેમ છોકરાં હરખાવા લાગ્યાં; કૂદી કૂદીને ચાલવા માંડ્યાં. એટલામાં તો બાગનો દરવાજો પણ આવ્યો ને સૌ અંદર ગયાં.

બાપુ કહે : 'જુઓ, આજે આપણે એકલાં વાંદરાં જ જોઈએ તો કેમ? આપણે હવેથી દર અઠવાડિયે આવશું ને બાગના જુદા જુદા ભાગો જોઈશું.'

બધાં કહે : 'દર અઠવાડિયે આવવાનું હોય તો તો ભારે મજા! બધું નિરાંતે જોવાશે ને ફરવાની મજા પડશે!'

એટલામાં તો સૌ વાંદરાઓ પાસે આવી પહોંચ્યાં.

રમુ અને કમુ તો રાધાબેનની બે બાજુની આંગળીએ વળગેલાં હતાં. રમણુ, લખી અને

ચંપક એકલાં એકલાં જ ચાલતાં હતાં.

વાંદરાઓ માટે નાનાં મોટાં પાંજરાંઓ રાખવામાં આવ્યાં હતાં.

મોઢા આગળના એક મોટા પાંજરામાં એક મોટો એવો વાંદરો હતો. તેના હાથ લાંબા હતા ને પગ નાના હતા; તેનું નાક ચપટું હતું અને હોઠ મોટા હતા; શરીરનાં રૂંવાડાંનો રંગ લાલ હતો.

છોકરાં આ વાંદરાને ધારી ધારીને જોતાં હતાં. ત્યાં તો વાંદરાં પાંજરામાં અધ્ધર ઝાડની ડાળીઓ જેમ ગોઠવેલા એક સળિયાથી બીજે ને બીજેથી ત્રીજે એમ ઠેકવા લાગ્યો. એવી તો ઝડપથી ઠેકતો હતો કે સૌને ખૂબ નવાઈ લાગી.

રમુ ને કમુ કહે : 'બાપુ ! આ વાંદરાને પૂંછડી કેમ નથી ? વાંદરાઓને તો પૂંછડી હોય છે.'

વસંતરાય કહે : 'આ વાંદરો ઓરાંગ-ઉટાંગની જાતિનો છે, એને લોકો વનમાણસ પણ કહે છે.'

ચંપક કહે : 'હં, ત્યારે ! એ ચાલે છે પણ માણસની જેમ, ને ઊભો રહે છે ત્યારે તો જાણે વાળવાળા ડિલવાળો માણસ જ ઊભો હોય.

એવું લાગે છે.'

રમણ કહે : 'બાપુ! તમે એક દિવસ કંઈક કહેતા તો હતા કે માણસોના બાપદાદા વાંદરા હતા!'

લખી કહે : 'આવા આપણા બાપદાદા હતા?. એંહ!'

વસંતરાય કહે : 'એ વાત તો લાંબી છે ને સાંભળવા જેવી છે; કાંઈ કાઢી નાખવા જેવી નથી હોં, લખી! કોઈ વાર મારે તને કહેવી પડશે.'

રાધાએ ત્યાં લખેલા પાટિયા તરફ સૌનું ધ્યાન ખેંચ્યું. તેમાંથી વાંચ્યું :—

વાનરની જાત :—ઓરાંગ ઉટાંગ

રહેઠાણ :—બોર્નિયા અને સુમાત્રા

ખોરાક :—પાન, ફળ અને ફૂલ

બધાં એ પાંજરું છોડીને બીજા પાંજરા પાસે આવ્યાં.

ત્યાં કાળાં મોઢાંવાળા વાંદરા હતા. તેઓની પૂંછડી ખૂબ લાંબી હતી. તેઓના ડિલે ધોળા કાળા વાળ હતા.

લખી કહે : 'આ વાંદરા તો આપણા

દેશના; ખરું ના ?'

વસંતરાય કહે : 'હા જ તો. ગુજરાતમાં આ જાતના વાંદરા ઘણા થાય છે.'

ચંપક કહે : 'અરે, એ તો બાવળ પર ને બીજાં ઝાડ પર એવા તો રમે છે ને કૂદે છે ! હું ગયે વર્ષે કાકાને ત્યાં અમદાવાદ ગયો ત્યારે ગાડીને રસ્તે કેટલા યે આવતા હતા. મૂરખા ગાડી સાથે દોડતા હતા; અમદાવાદમાં તો એ છાપરે છાપરે રખડે, અને બારી ઉઘાડી રહી હોય તો ઘરમાંથી રોટલી કે બાંધેલો લોટ પણ લઈ જાય !'

રમુ કહે : 'હેં બાપુ ! એનું મોં કાળું કેમ હશે ?'

લખી કહે : 'એ તો હનુમાનના દીકરાઓ હશે. બાપુએ રામાયણની વાતમાં નો'તું કહ્યું કે એક વાંદરો હનુમાન હતો; એણે તો આખી લંકા બાળી નાખી ને પછી પોતે પણ થોડોક હાથ–મોંએ દાઝ્યો, એટલે એનાં હાથ-મોં કાળાં થયાં.'

ચંપક કહે : 'એ તો જાણે કે વાર્તામાં આવ્યું, બાકી ખરી રીતે એ કાળાં કેમ થયાં

હશે તે તો કોણ જાણે.'

વસંતરાય કહે : 'એનું પણ કારણ તો જડશે જ.'

બાગમાં કેટલાંએક બીજાં છોકરા પણ વાંદરાં જોતાં હતાં. તેઓ તેમને ચીડવતાં હતાં :

'હનુમાનજી હૂક, તારી દાઢીમાં થૂક.
હનુમાનજી હૂક, તારી દાઢીમાં થૂક !'

હનુમાનજી પણ ભારે હતા. ઊંચુ નીચું જોઈ સામે ખિજાતા ને હૂકહૂક કરતા હતા.

રમુ અને કમુ પણ એને ખીજવવા લાગ્યાં. પણ ત્યાં તો વસંતરાય કહે : 'અરે, પેલી શીંગો રહી જાય છે. વાંદરાભાઈને માટે જ આણી છે. રાધા ક્યાં ગયાં ? તમારી પાસે છે કે ? થોડીએક નાખોને.'

રાધાએ શીંગો કાઢી એટલે રમણ કહે : 'અમે નાખીએ.'

કમુ-રમુ કહે : 'અમે નાખીએ.'

સૌએ થોડી થોડી શીંગો નાખી.

વાંદરાભાઈ ઝટપટ શીંગો ફોલતા જાય ને મોમાં મારતા જાય.

એક શીંગ થઈ રહે એટલે પટ લાંબો હાથ

કરે ને બીજી માગે.

ગમ્મત ચાલતી હતી ત્યાં તો બાપુ કહે : કાં, હવે આગળ ચાલશું કે ?'

સૌ બીજા પાંજરા પાસે ગયાં. એ પાંજરામાં એક વાંદરું લાંબા રાખેલ સળિયાને પૂંછડી વીંટાળી હાથપગ છૂટા મૂકી હીંચકા ખાતું હતું.

ચંપક કહે : ' અરે, આ તો લખીની ગોઠણુ !'

લખી કહે : ' મારી શાની ગોઠણુ ? તારી હશે. વાંદરો !'

રમણ કહે : ' તે તું જ એનાં જેમ હાથ મૂકી ઊંધે માથે લટકે છે ને !'

બાપુ કહે : ' એ તો જાણે ઠીક. તમે બધાં ય છો તો સરખાં, પણ હવે આ વાંદરાને તો જુઓ !'

ત્યાં તો વાંદરાભાઈ એ પૂંછડીથી ત્યાં પડેલી તરબૂચની ચીર પકડીને મોં આગળ લાવીને બાધી.

રમુ–કમુએ શીંગો નાખી તો તે પણ પૂંછડીથી પકડી પાસે લીધી.

બાપુ કહે : ' આને માકડસા વાંદરાં કહે છે. એ અમેરિકામાં થાય છે. આવા વાંદરાં ત્યાં

જ થાય છે, અને સાહેબ લોકો એને પાળે છે. એમ તો એ બહુ રમતિયાળ હોય છે. એક સાહેબે બે બિલાડીનાં બચ્ચાંને માકડસાની સાથે પાળ્યાં હતાં.'

વાતો ચાલતી હતી ત્યાં તો ચંપક બીજે પાંજરે જઈ પહોંચ્યો હતો. ત્યાં એક વાંદરું હતું – માત્ર આઠ-દસ ઇંચનું. એનું મોઢું ઘુવડ જેવું, કાન પાતળા ને ગોળ, નાક નાનું ને સીધું, ને આંખો મોટી ગોળ હતી.

બધાં કહે : 'હોય નહિ, આવું તે વાંદરું હોય ? આ તો કંઈક બીજું છે.'

ત્યાં તો વસંતરાય ને રાધા પણ આવ્યાં.

વસંતરાય કહે : 'કહો જોઈએ, આ કઈ જાત ?'

બધાં કહે : 'એ વાંદરું જ ન હોય.'

વસંતરાય કહે : 'એ પણ વાંદરાની જ જાત છે. એનું લજ્જાવતી વાંદર એવું નામ છે. અંગ્રેજીમાં એને 'લોરીસ' કહે છે. આપણામાં કોઈ એને 'લાજુક' પણ કહે છે.'

લખી કહે : 'બાપુ ! એનું નામ લજ્જાવતી શા માટે પાડ્યું હશે ?'

બાપુ કહે : 'જેવી જેની ટેવ છે. જુઓ, અત્યારે એ કેવું છાનુંમાનું ઊંઘે છે! શરમાઈ જાય એમ આમ ટૂંટિયાં વાળીને ટિંગાયું છે, બરું? એને જગાડશું તો યે જાગશે નહિ. પણ રાત પડશે ને કોઈ નહિ હોય ત્યારે પાંજરામાં ફરશે ને બાશે પીશે. જંગલમાં પણ એ રાતે જ ખોરાક શોધવા નીકળે છે. રાતે જીવજંતુ સૂતા હોય એને ઉડાવે છે, નાનાં પક્ષી ને એનાં ઈંડાં પણ બાય છે. બાકી પાન, ફળ, ફૂલ તો બાય જ છે.'

રમુ-કમુ કહે : 'ઓત્ તારીની! જીવડાં પણ બાય છે ને પક્ષીને પણ બાય છે?'

રમણુ કહે : 'બાપુ! આ વાંદરું કયા દેશનું હશે?'

વસંતરાય કહે : 'જોઈએ, શું લખેલું છે.'

પાટિયું જોયું તો જણાયું કે એ પ્રાણી સિંહલદ્વીપ, આસામ, ત્રિપુરા, તેમ જ સુમાત્રા વગેરે સ્થળે થાય છે.

વખત ઘણો થઈ ગયો હતો.

વસંતરાય કહે : 'ચાલો, આજ તો ઘેર જ જઈએ. આવતે અઠવાડિયે વાત.'

બધાં કહે : 'ના બાપુ ! આવતે અઠવાડિયે નહિ, કાલે જ આવશું. હજી તો બીજું ઘણું યે જોવાનું છે. પેલા સિંહ, હાથી, મગર ને એ બધું તો બાકી છે. પેલો ગેંડો યે હજી નથી જોયો. રોજ રોજ જોઈશું ત્યારે માંડ કેટલા યે દિવસે પૂરો ભાગ જોવાશે.'

ચંપક કહે : 'ત્યારે બાપુ ! એક વાર એમ કરોને, સવારે આવવું તે ઠેઠ સાંજે પાછા જવું ? દિવસ આખો જોયા જ કરવું.'

રાધા કહે : 'હા, એ ઠીક છે. રવિવારે તારા બાપુને રજા હોય છે તે સવારે બાવાનું લઈને આવશું, ને ઠેઠ સાંજ સુધી જોઈશું.'

બધાં કહે : 'તો બહુ મજા પડશે.'

સૌ આનંદમાં ઘેર ગયાં ને બાઈ પીઈને સૂઈ રહ્યાં.

શનિવારની રાત્રે બાળકો ઉત્સાહમાં હતાં. બધાં આવતી કાલની વાતો કરતાં કરતાં મોડી રાતે સૂતાં. છતાં સૌથી પહેલાં રમુ અને કમુ ઊઠ્યાં, ને એમણે સૌને જગાડ્યાં. સૌએ ઝટ ઝટ દિશા-દાતણ પરવારી લીધાં. કોઈને કહેવું યે ન પડ્યું કે ચાલો ઝટ દૂધ પીઈ લ્યો. આજે તો

રસોડામાં વખત પહેલાં સૌ ભેગાં થયેલાં, ને બા અને બાપુ ઘર વાસી બહાર આવે તે પહેલાંનાં ક્યારનાં યે કપડાં પહેરી રમુથી માંડીને રમણ સુધીનાં સૌ છોકરાં ફળિયામાં થનગની રહ્યાં હતાં. હોંશમાં ને હોંશમાં તેઓ દોડતાં ચાલ્યાં ને ઘડીકમાં બાગમાં આવી પહોંચ્યાં.

સવારનો પહોર હતો. બાગમાં ઝાડો ને છોડો તાજાં તાજાં હતાં; હમણાં જ ઊઠેલાં પંખીઓ જ્યાં ત્યાં કિલકિલાટ કરી રહ્યાં હતાં. બાગના રસ્તાઓ અને લીલી ગોંદરી પાણીથી છંટાઈ રહી હતી. બે ત્રણ ઠેકાણે ફુવારા પણ ઊડી રહ્યા હતા.

બાપુએ કહ્યું : 'અહીં આપણે ઉતારો કરીએ.'

સૌએ એક વડના ઝાડ તળે ભાતના ડબા અને કળશા-પ્યાલા મૂક્યા.

એટલામાં તો રમણું અને ચંપા સિંહના પાંજરા તરફ જતાં દેખાયાં.

રમુ-કમુ કહે : 'અમે ત્યાં નહિં આવીએ.'

બાપુ કહે : 'અરે, આવો તો ખરાં. એ તો પાંજરામાં પૂરેલા છે; કાંઈ બહાર આવીને આપણને કરડી ન શકે.'

રમુ–કમુ : 'બાપુ ! અમને તમે પાસે રાખજો.'

સૌ સિંહના પાંજરા પાસે આવ્યાં. પાંજરામાં એક કેસરીસિંહ ઊભો થયો ને બરાડ્યો; સામેથી સિંહણ પણ ઘૂરકી.

રમુ ને કમુ પહેલાં તો ચમકી ગયાં; પણ પછી તો નિરાંતે ઊભાં. એમને ખાતરી થઈ કે આવા મોટા સળિયા તોડીને સિંહ બહાર નહિ આવી શકે.

ચંપક કહે : 'જો રમુ ! આ કેશવાળીવાળો સિંહ ને કેશવાળી વિનાની સિંહણ. સિંહણને કેશવાળી ન હોય.'

કમુ કહે : 'હેં બાપુ ! સિંહ શું ખાય ?'

બાપુ કહે : 'એ તો શિકારી પ્રાણી છે. હરણ, ગાય, ભેંશ, જે મળે તેને મારીને એ ખાઈ જાય.'

કમુ કહે : 'પણ બાપુ ! અંદર પાંજરામાં બેઠો બેઠો શી રીતે શિકાર કરે ?'

બાપુ કહે : 'એ તો એને રોજ તૈયાર ખોરાક મળે છે.'

ચંપક કહે : 'સાચી વાત છે. ઘેટાં-બકરાં-

ગ્યાને મારીને એને આપવામાં આવે છે.'

રાધા કહે : 'સૂસૂ....કેવું ખરાબ!'

રમણ કહે : 'છે ને આપણી યે રીત! સિંહને પકડીને પાંજરે નાખવો, શિકાર કરવા દેવો નહિ ગ્યને ઉપર જતાં ઘેટાં-બકરાંનો ભોગ આપવો!'

બાપુ કહે : 'પણ તે વિના પછી સિંહના દર્શન ક્યાંથી કરો?'

લખી કહે : 'હેં બાપુ! જંગલમાં સિંહ ક્યાં રહેતો હશે?'

બાપુ કહે : 'સિંહ ગુફામાં રહે. દિવસ આખો ઘોર્યા કરે; સાંજે શિકાર કરવા નીકળે!'

રમણ : 'બાપુ! સિંહ ક્યાં થતા હશે?'

ચંપક કહે : 'સિંહ આફ્રિકામાં થાય છે, નહિ? એવું કાંઇક વાંચ્યું તો હતું.'

બાપુ કહે : 'હા, ખરી વાત છે, આફ્રિકા એટલે સિંહોનું ઘર.'

રાધા કહે : 'આપણા જૂનાગઢ પાસે ગિરનારના જંગલમાં પણ થાય છે. આપણા ગિરનો સિંહ કાંઈ જેવો તેવો નથી થતો.'

લખી કહે : 'વાહ, ત્યારે તો આપણા કાઠિયાવાડમાં સિંહ પણ થાય છે!'

ચંપક કહે : 'આ સિંહને સરકસમાં લાવે છે તે સરકસવાળાને સિંહ ખાઈ ન જાય ?'

બાપુ કહે : 'એ તો નાનપણથી બચ્ચું પાળવું પડે છે. તેમ છતાં યે સિંહની જાત છે; વખતે જાત પર જાય તો ફાડી પણ ખાય !'

રમુ–કમુ કહે : 'ઓય બાપરે ! તો તો સરકસ જોવા ન જઈએ.'

બધાં વાતો કરતાં કરતાં રીંછના પાંજરા પાસે આવ્યાં.

ભાઈશા'બ ખીર ખાતું હતું.

બાપુ કહે : 'જુઓ, આ રહ્યા રીંછભાઈ. સાહેબને ખીર ભાવે, ફળ ભાવે ને મધ બહુ ભાવે. ને ભાઈશા'બ જંગલમાં હોય તો ઝાડે ચડીને મધપૂડાની માખીઓ પૂંછડીથી ઉડાડે ને મધને ચૂસી જાય !'

લખી કહે : 'પણ માખીઓ કરડે નહિ ?'

રાધા કહે : 'આ એના આવા લાંબા વાળમાં માખીઓ ક્યાં કરડે ?'

રમુ-કમુ કહે : 'એ જુઓ તો, આ તો આપણી જેમ ચાલે છે ! વાહ ! કાંઈ દેખાય છે !'

ચંપકે કાંકરો માર્યો ને કહ્યું : 'અરે નાચ

કરો, મિયાંજી ! નાચ કરો.'

બાપુ કહે : 'એને ન બીજવીએ. રીંછ આમ તો ભલું છે, પણ બિજાય ત્યારે તો ભારે અરાબ. માણસને ય માર્યા વિના ન રહે.'

રમણ કહે : પણ આ તો પાંજરામાં પૂરેલું છે ને !'

રાધા કહે : 'તે પૂરેલાને બીજવે તેમાં શી નવાઈ ? જને જંગલમાં, ને થાને સામે !'

રમણ કહે : 'તે મારે એક વાર આફ્રિકાના જંગલમાં જવું છે, ને ત્યાં જઈ રીંછને પકડવું છે.'

બાપુ કહે : 'પણ તારે રીંછ પાછળ જવું હોય તો હિમાલય જવું. અગર અમેરિકામાં જવું. આફ્રિકામાં તો સિંહો, જિરાફ અને ઝીબ્રા મળે.'

ત્યાં તો પાંજરામાંની ગુફામાંથી રીંછણ અને તેનાં બે બચ્ચાં આવ્યાં. બચ્ચાં રીંછણને ધાવતાં હતાં. રમુ-કમુને તે જોવાની બહુ મજા પડી. બચ્ચાંને સૌએ મૂળા ને ગાજર નાખ્યાં; નાનકડાં બચ્ચાંએ કટકબટક કરતાં તે ઉડાવ્યાં.

પાસે જ શાહુડીનું પાંજરું હતું. કેટલા-એક ગામડિયાઓ તે જોતા હતા. ગામડિયાઓ

એને શેઢાડી કહેતા હતા. એક ગામડિયે લાકડીનો ઘોકો માર્યો એટલે શાહુડી ખૂબ ખિજાઈ ને પીંછે-પીંછાં ઊભાં કરી દીધાં. છૂટી હોત તો એને ખબર પડત ! ડિલે આખે વીંધી નાખત.

બાપુ કહે : 'જુઓ આ શાહુડી. એનાં પીંછાં છે ને, એને અણી બહુ હોય છે. શાહુડી એનાથી પોતાનું રક્ષણ કરે છે.'

રાધા કહે : 'પરમેશ્વરે કેવાં રૂપાળાં પીંછાં આપ્યાં છે ! એનું મોં ભૂંડું ભૂખ છે, પણ પીંછાં છે કાંઈ !'

રમણ-ચંપક કહે : 'બાપુ ! ચાલોને; એમાં કાંઈ જોવાનું નથી. ચાલોને, પણે ગેંડો છે તે જોવા જઈએ !'

સૌ ગેંડા પાસે ગયાં. એક મોટા પાડા જેવો ગેંડો ઊભો હતો. ઘણા લોકો જોવાને એકઠા મળ્યા હતા. ગેંડો આમતેમ આંટા મારતો હતો ને ઘાસ ને પાંદડાં ખાતો હતો.

રમુ અને કમુ કહે : 'બાપુ ! આ એના નાક પર શું છે?'

રમણ કહે : 'એ એનું શિંગડું છે; એ એનું હથિયાર. કોઈ મારવા આવે તો આમ કરીને

માથું મારે તે શિંગડેથી વીંધાઈ જાય.'

ચંપક કહે : 'ખોત્ તારીની !'

બાપુ કહે : 'આ ગેંડાને એક શિંગડું છે; બાકી આફ્રિકાના ગેંડાના નાક પર બે શિંગડાં હોય છે. ગેંડાને શિંગડાં બન્ને કામમાં આવે : દુશ્મનને મારવામાં ને કંદમૂળ ભોંયમાંથી ખોદવામાં.'

વાત ચાલે છે ત્યાં તો લખી ગેંડાના પાંજરા ઉપર લટકાવેલ પાટિયું વાંચવા લાગી. સૌ ત્યાં ગયાં ને લખીએ વાંચી સંભળાવ્યું :

આપણા દેશમાં આસામ અને સુંદરવનમાં ઘણા ગેંડાઓ જોવામાં આવે છે. હિંદુસ્તાનના ગેંડાને એક શિંગડું હોય છે; આફ્રિકાના ગેંડાને બે હોય છે. ગેંડાનું ચામડું ખૂબ કઠણ અને મજબૂત હોય છે. લોકો તેના ચામડાની ઢાલ કરે છે. તે ઢાલ એવી તો કઠણ હોય છે કે તલવારના ઘાથી પણ તે કપાતી નથી. ગેંડાના ચામડાની વળી સોટીઓ પણ થાય છે. તે સોટીઓ ચળકતી ને રૂપાળી બને છે; તે મારવાથી બીજાને બહુ વાગે છે; ગેંડાનું શરીર મોટું છે છતાં તે ખૂબ દોડી શકે છે. ગેંડા બિનજળ નથી, પણ બિનજાય તો હેરાન કરી દે છે. તેનો ખોરાક ઘાસ, ઝાડ, પાન, વેલ અને કાંટાવાળાં ઝાડ હોય છે.

રમુ-કમુ કહે : 'બાપુજી ! ચાલો હવે ઉતારે જઈએ. હવે તો ભૂખ લાગી છે.'

તડકો ઠીક ઠીક થયો હતો. બધાં વડ નીચે ગયાં, ભાતું કાઢ્યું અને સૌએ ધરાઈ ધરાઈને ખાધું.

બા અને બાપુ બે શેતરંજી નાખી જરા આડે પડખે પડ્યાં. પણ છોકરાંને વળી આરામ શા ? એ તો કહે : 'ચાલો, પાછાં જોવા જઈએ.'

પણ બાપુએ બે વાગે જવાનું કહ્યું એટલે એ તો બીજે ઊપડ્યાં. વડ ઉપર વાંદરાં જેમ ચડ્યાં ને વાંદરાં જેમ હૂકહૂક ને હોકારા કરી મૂક્યા. વડની વડવાઈએઓ ચંપક અને રમણ તો હીંચકા ખાતા હતા. વખત થયો ને સૌ બાગ જોવા ચાલ્યાં. હજી તો ઘણું યે બાકી હતું.

બધા હાથી પાસે આવ્યાં. એવડો મોટો હાથી ! રમુ અને કમુ તો જોઈને કહે : 'ઓ બાપ રે ! આ તો મોટો હુંગરો !'

છોકરાં હાથીને નિહાળી નિહાળીને જોવા લાગ્યાં. રમુ કહે : 'એના પગ તો થાંભલા જેવા છે. જાણે કોતરીને મોટા થાંભલો કર્યો !'

કમુ બોલી ઊઠી : 'હા. ત્યારે તો હાથી

ચાલે એટલે પાતાળમાંથી પાણી નીકળે :

'હાથી ધમધમ ચાલે, પાતાળપાણી કાઢે;
પાતાળપાણી ઊંડાં, હાથીને પગે કૂંડાં.'

લખી વચ્ચેથી બોલી : 'અરે, કાન તો જુઓ ! પંખા જેમ આમ આમ ફફડ્યા જ કરે છે. બાપુ ! હાથી એમ કાન શું કામ હલાવતો હશે ? મચ્છર ન પેસે એટલે ?'

બાપુ કહે : 'બબર નથી. એ તો એમ હલાવ્યા જ કરે છે, એવી જ એની ટેવ.'

હાથી ઘાસના એકેક બબ્બે પૂળા સૂંઢથી લઈને મોંમાં મૂકતો હતો. હાથી ખાતો હતો.

રમણ કહે : 'કેવડા મોટા કોળિયા !'

બા કહે : 'તે, એ તો હાથી છે.'

લખી કહે : 'આ એનો હાથ મજનો છે. આ....ને સરસ મજનો વાળીને ઘાસ પકડે છે, ને જરા યે પડવા દેતો નથી.'

ત્યાં તો માવત પાણી પાવા આવ્યો.

રમુ કહે : 'હવે હાથી પાણી : :શી રીતે પીશે ?'

ત્યાં તો માવતે મોટી જબ્બરી બાલદી મૂકી ને હાથીએ સૂંઢથી બધું પાણી ખેંચ્યું. સૂ.....

કરીને બધું પાણી અંદર ચડાવી ગયો. પછી ? પછી બધું પાણી મોઢામાં ઠાલવી દીધું.

એટલામાં કમુએ ધૂમ પાડી કહ્યું : 'બા, બા ! હાથીની આંખો તો જુઓ, કેટલી બધી નાની છે ? સાવ ઝીણી ઝીણી ! આવડો મોટો હાથી ને એની આવડી નાની આંખો ?'

નાનાં બાળકો તો હાથીને જોવામાં મશગૂલ થઈ ગયાં. એ તો ત્યાં જ બેઠાં.

હાથી પણ ઊભો ઊભો ઝૂલતો હતો. સૂંઢથી ઘડીકમાં ઘાસ લઈને વાંસા ઉપર નાખતો હતો; વખતે ધૂળ લઈને પણ ઉડાડતો હતો; ને કોઈ કોઈ વાર તો ત્ર ત્ર એવી ચીસો પાડતો હતો.

ત્યાં તો રતુનું ધ્યાન દાંત તરફ ગયું. તે કહે : 'બા ! આ લાંબું લાંબું શું છે ?'

બા કહે : 'એ તો એના દાંત છે; એને દંતૂશળ કહેવાય છે.'

'પણ એનાથી એ ખાતો તો નથી !'

'એ એના ખાવાના દાંત નથી. ખાવાના દાંત મોઢામાં બીજા હોય છે, આ તો પેલા દાંત જેની ચૂડી થાય છે, ને આપણે ત્યાં ડાબલી છે એવી ડાબલીઓ ને એવું એવું થાય છે, તે.'

રમણુ ને ચંપક તો હાથીની ટેવો વગેરે વાંચવામાં પડ્યા હતા. પાંજરા ઉપરના એક મોટા પાટિયામાંથી તેઓ વાંચતા હતા :—

> હાથીઓ ભારતવર્ષમાં બંગાળ, આસામ, ઓરિસ્સા અને મદ્રાસના પ્રદેશોમાં પહાડ ને જંગલમાં થાય છે. તેઓ મોટાં મોટાં ટોળાંમાં રહે છે. દિવસે તેઓ નદીકાંઠે કે તળાવકાંઠે પડી રહે છે. રાત્રે તેઓ ખાવાનું શોધવા નીકળી પડે છે.

ચંપક રમણુને કહે : 'આવડો મોટો પહાડ જેવો કૂબી નહિ જતો હોય ?'

'એ તરતો હોય ત્યારે જેવું જોઈએ.'

તેઓએ આગળ વાંચ્યું :—

> હાથીને બહુ સરસ તરતાં આવડે છે. હાથી પહાડો ઉપર પણ, જ્યાં ઘોડાઓ પણ ન ચડી શકે ત્યાં ચડી શકે છે.

બાપુએ કહ્યું : 'ચાલો, હવે બીજે જઈએ. એક કલાક તો અહીં જ કાઢ્યો.'

તેઓ કાંગારુના પાંજરા ભણી ચાલ્યાં.

રસ્તામાં લખીએ બાપુને પૂછ્યું : 'બાપુ ! આ હાથી શા કામનો હશે ?'

બાપુ કહે : 'હાથીને પાળી શકાય છે. હાથીમાં બહુ બુદ્ધિ હોય છે. પાળ્યા પછી તેઓ જે બતાવીએ તે કામ કરે છે. હાથી જંગલમાં લાકડાં ગોઠવે છે. સવારીના કામમાં પણ આવે છે. અસલ તો રાજાઓ હાથી પર બેસીને લડતા. સરકસમાં હાથીઓ પાસે ઘણી ઘણી રમતો કરાવવામાં આવે છે.'

ચંપક કહે : 'હા હો; આપણે એક વાર હાથીને સરકસમાં કામ કરતાં જોયો હતો.'

રમુ-કમુ કહે : 'બાપુ ! અમને સરકસમાં નહિ લઈ જાઓ ?'

સૌ કાંગારુના પાંજરા પાસે આવ્યાં.

પાંજરા પર મોટા અક્ષરે લખ્યું હતું :—

ઑસ્ટ્રેલિયાનું વતની

બાપુએ કહ્યું : 'આમાં કાંગારુ છે. આ પ્રાણી આપણે ત્યાં ક્યાંઈ નથી થતું. માત્ર ઑસ્ટ્રેલિયામાં જ થાય છે.'

બધાં કાંગારુ જોવા ઊભા રહ્યાં.

બા કહે : 'હું તો થાકી ગઈ છું એટલે પણે પીંપળાને છાંયે બેઠી છું. તમે સૌ જાઓ.'

કાંગારુ પાંજરામાં બેઠું બેઠું ઘાસ ખાતું

હતું. તેનાં બચ્ચાં તેની આસપાસ રમતાં હતાં.

એટલામાં કાંગારુની છાતી પાસેથી એક બચ્ચું કૂદી પડ્યું. બધાંને નવાઈ લાગી કે આ ક્યાંથી આવ્યું !

બાપુએ સમજાવ્યું : 'કાંગારુની છાતીએ એક કોથળી હોય છે; જુઓ પેલી દેખાય છે તે. બચ્ચાં જન્મ્યા પછી મોટાં થાય ત્યાં સુધી એમાં રહે છે. એમાં જ તે ધાવે ને બધો વખત રહે છે. પછી જ્યારે મોટાં થાય છે ત્યારે બહાર આવે છે. મા જ્યાં જાય ત્યાં બચ્ચું સાથે જ જાય છે.'

ત્યાં તો કોથળીમાંથી બીજ બચ્ચાએ ડોકું કાઢ્યું. બધાં તેની સામે જોઈ રહ્યાં ! નાનકડું એવું એનું મોં હતું.

ચંપકે પૂછ્યું : 'કાંગારુ કેવું પ્રાણી ગણાય ? માંસાહારી કે વનસ્પતિ આહારી ?'

બાપુએ કહ્યું : 'કાંગારુ સાધારણ રીતે ઘાસ ખાય છે. કોઈ કોઈ વાર ખેતરોમાં જઈને અનાજ ખાય છે; તે માંસાહારી નથી. પણ કાંગારુ લડવામાં ઘણું જબ્બર હોય છે. વીશપચ્ચીશ કૂતરા પાછળ પડે તો પણ તેને હરાવી દે છે. ઝાડના થડની પાછળ પોતે સંતાય છે ને કૂતરું

નજીક આવે કે પાછલા પગની લાત મારે છે. તેનો પાછલો પગ ઘણો જોરાવર હોય છે. લાત ખાઈ કૂતરું દૂર જઈ પડે છે. બીજું નજીક આવતાં તેના પણ તેવા જ હાલ થાય છે. એમ બધાં કૂતરાને તે હઠાવી દે છે.'

વાત ચાલતી હતી એટલામાં તો કાંગારુ પાછલા બે પગ અને પૂંછડી પર બેઠું. માણસ કે બિસકોલી બેસે છે તેમ બેઠું, ને મોં આમ આમ કરી સૌની સામે જોઈ રહ્યું. છોકરાંએ કહ્યું : "શું જુઓ છો, કાંગાભાઈ?"

બાએ પીંપળા પાસેથી કહ્યું : 'એ હવે ચાલો; સાંજ પડવા આવી.'

છોકરાં કહે : 'બાપુ! એક વાર મગર જોઈને પછી જઈએ.'

સૌ મગર પાસે ગયાં. મગરને એક ગોળ પહોળા કૂવા જેવા ખાડામાં રાખી હતી. કૂવા ફરતી જાળી બાંધી લીધી હતી. સૌ જાળીએ ચૂંટેલીને મગર જોવા ઊભાં.

મગર પાણીમાં હતી.

રમુ-કમુ કહે : 'મગર તો નથી!'

બાપુ કહે : 'હમણાં દેખાશે; ઊંડે ગઈ છે.'

સૌ નજર રાખીને જોઈ રહ્યાં. ત્યાં તો મગરે શ્વાસ લેવા મોં ઊંચું કર્યું ને દેખાઈ.

બધાં કહે : 'મગર! મગર!'

મગર ઉપર આવીને પાણીમાં આંટા મારવા લાગી. મોટું લાંબું એવું પૂંછડું વાંસે વાંસે ચાલ્યું જતું હતું.

ચંપક કહે : 'મગર જરા યે ગમે એવી નથી. જરા યે રૂપાળી નથી.'

રમણ કહે : 'તે એ તો જેવી થઈ હોય એવી હોય. એ વળી એવી છે.'

લખી કહે : 'મને તો સુંદર લાગે છે. કેવી મજાની પૂંછડી છે! ને એની પીઠ પર ભીંગડાંની ભાત તો જુઓ! કેટલું બધું ઝીણું ઝીણું જાણે ચિતરામણ છે!'

ચંપક કહે : 'છે આ લખ્ખડી યે તે! મગરને સુંદર કહે છે.'

ત્યાં તો મગર ડૂબકી મારીને અંદર ગઈ. સાંજ પડવા આવી હતી. મગરને ખોરાક આપવાનો વખત થયો હતો. એક માણસ ડબામાં રાતું રાતું લઈને આવ્યો ને મગરને નાખ્યું. મગર ગળચ કરીને ગળી ગઈ.

રમુ-કમુ કહે : 'મગરને ખાવાનું શું આપ્યું, બાપુ?'

બાપુ કહે : 'એ તો એને માંસ આપ્યું.'

રમણ કહે : 'તે મગર તો માછલાં ખાય.'

બાપુ કહે : પણ અહીં કાંઈ શિકાર કરવા એ થોડીક છૂટી છે? ને આ ખાડામાં એટલાં માછલાંયે ક્યાંથી હશે?'

ચંપક કહે : 'ત્યારે તો જનાવર મારીને માંસ આપતા હશે.'

બાપુ કહે : 'હા, સિંહ, મગર સૌને પાળ્યાં છે તે એને એનો ખોરાક આપવો જ પડે.'

લખી કહે : 'એ તો બાપુ, નહિ સારું. જનાવરોને મારીને આને જિવાડવાં?'

રમણ કહે : 'પણ જંગલમાં યે એ લોકો તો શિકાર કરવાનાં જ.'

લખી કહે : 'પણ તો યે આપણે શું કામ મારવાં ને ખવરાવવું?'

ચંપક કહે : 'તો તો આવાં પ્રાણીઓને અહીં પૂરવાં જ ન જોઈએ.'

બાપુ કહે : 'તો જોવા ક્યાંથી આવવાનાં હતા?'

લખી કહે : 'તો કંઈ નહિ.... એટલું જોયું એ છું. એને છોડી મૂકવાં જોઈએ.'

રમુ-કમુ કહે : 'ના બાપુ ! એને છોડાવશો નહિ. એ અમારે ફરી વાર જોવાં છે.'

એટલામાં તો મગરને બે-ચાર વાર બાવાનું બચકું ભરાયું ને મગર ગળી ગઇ.

સાંજ પડી ગઈ હતી: સૌ થાકી ગયાં હતાં.

બાપુએ ગાડી બોલાવીને સૌને બેસાર્યાં. ભાતાના ડબા પણ મૂકી દીધા.

બધાં કહે : 'બાપુ ! હજી તો આપણે કાંઈ ન જોયું. હજી તો કબૂતર, ને પોપટ, ને ચકલાં, ને હરણ, ને એવું એવું ઘણું જોવાનું બાકી છે.'

બાપુ કહે : 'વળી કોઈ વાર આવશું.'

મહાસભાઓ

૭

ગિજુભાઈ

પશુઓની મહાસભાઓ

એક વાર આફ્રિકાના જંગલમાં સિંહ અને હાથી એક નદીકિનારે ભેગા થઈ ગયા.

બન્ને એકબીજાના દુશ્મન તો ખરા જ; પણ સારા નસીબે આજે તેઓ ધરાયેલા હતા. તેથી તેઓ સામસામે ન લડતાં પાસેપાસે આવીને વાતો કરવા લાગ્યા.

સિંહ કહે : 'અરે હાથીભાઈ! આપણે સૌ અંદર અંદર લડીએ છીએ, ને એકબીજાને ખાઈ જઈએ છીએ. આપણામાં એકસંપ તો છે જ નહિ; ઊલટું એકબીજાના દુશ્મન છીએ. આ સ્થિતિમાં શિકારી લોકો આવે ને આપણો ઘાણ વાળી દે તો તેમાં શી નવાઈ?'

હાથી કહે : 'વનરાજ! આપનું કહેવું સાચું છે. હમણાં હમણાંમાં તો શિકારીઓનાં ટોળેટોળાં આવે છે ને કરચરઘાણ વાળે છે. તેઓની પાસે નવી નવી જાતની બંદૂકો ને એવાં એવાં

હથિયારો છે કે તેમની સામે થવું અશક્ય જ બને છે.'

સિંહ કહે : 'મારો પણ એ જ અનુભવ છે. અહીંના જંગલી લોકો ભાલાથી શિકાર કરતા હતા તે ભાલા ઘણા ઝેરી તો હતા, પરંતુ તેઓ ક્યાંથી ઘા કરે છે તે દેખાતું ને તેઓ સામી છાતીએ લડતા. પરંતુ આ નવા લોકો તો ચોરની જેમ છૂપા રહી ભાલાને બદલે ગોળી વડે મારી નાખે છે.'

હાથી કહે : 'બરોબર, આનો આપણે ઉપાય કરવો જોઈએ. નહિતર તો થોડા જ વખતમાં આપણી બોલાદ નાશ પામશે ને આફ્રિકા આપણા વિના ખાલી પડી જશે.'

સિંહ કહે : 'ત્યારે આપણે શું કરીશું? પશુઓની એક સભા બોલાવીશું?'

હાથી કહે : 'એમ જ કરીએ. સૌના મત જાણીએ. એકમત થઈને નક્કી કરીએ કે એ લોકોની સામે કેમ થવું.'

વનરાજે તુરત જ શિયાળને બોલાવ્યું ને કહ્યું : 'જા, બધાં પ્રાણીઓને જઈને કહે કે આજે બપોરે આપણી સૌની સભા છે. શિકારીઓ

આપણને મારી નાખે છે તે બાબતમાં વિચાર કરવાનો છે. કહેજે કે અહીં આવતાં કોઈ ન ડરે. ખાતરી આપજે કે વનરાજે સૌના જનની જોખમદારી લીધી છે, ને સૌને હાજર રહેવા વનરાજનો હુકમ છે.'

શિયાળ હરખાતું હરખાતું સૌને સંદેશો પહોંચાડવા દોડ્યું.

રસ્તે જતાં તેને મદમસ્ત ગેંડો મળ્યો. ગેંડાને તેણે હાજર રહેવા આમંત્રણ આપ્યું જેનો રાજી થઈ ગેંડાએ સ્વીકાર કર્યો.

આગળ જતાં જંગલી ભેંશ અને દાતરડી વાળું ડુક્કર મળ્યાં. તેમને પણ આમંત્રણ આપ્યું. સંદેશો સાંભળવા તે જરા બેદરકાર તો હતાં; ઘણી વારે વાતને સમજ્યાં; પરંતુ આખરે આવવાની હા પાડી.

ત્યાંથી ચાલી શિયાળ વરુ પાસે ગયું.

વરુ કહે : 'ઓહો, ખુશીથી પધારશું. આવે પ્રસંગે આવવું જ જોઈએ ના!'

પોતાના મનમાં કહે : 'ઠીક છે, વખતે બેચાર સસલાં ત્યાં મળી રહેવાનાં.'

નાનાં નાનાં પશુઓ તો શિયાળને જોઈ નાસભાગ કરવા માંડ્યાં. તેમને તો શિયાળ ઉપર તિરસ્કાર હતો, પણ તે છતાં સિંહનો સંદેશો હતો એટલે સાંભળવો પડ્યો.

રસ્તે જતાં અચાનક લાંબી ડોકવાળું જિરાફ મળ્યું. તેણે ખુશી બતાવી કહ્યું : 'ભલે, હું વખતસર હાજર રહીશ, ને સાથે વળી ઝીબ્રાને પણ લાવીશ.'

શિયાળ આખા જંગલમાં ફરી વળ્યું; ને ઘેરઘેર સંદેશો આપી દીધો.

નાઇલ નદીના સુંદર કિનારા પર સભાની જગા હતી. સુંદર ઝાડોની ઘટા નીચે રેતીના ગાલીચા પર બેસવાનું હતું. બાજુ પર નદી ખળ-ખળ વહી જતી હતી. વનમાંથી ઠંડો મીઠો પવન ચાલ્યો આવતો હતો.

દમામ સાથે વનરાજ આવ્યા અને એક મોટા ઝાડ નીચે બિરાજ્યા.

ચોમેર વનરાજે નજર કરી અને સૌને હાજર જોઈ પોતે ખુશાલી દર્શાવી.

ત્યાર પછી તેઓ ધીર ગંભીર અવાજે

બોલ્યા : 'તમે જાણો છો કે શા માટે તમને અહીં બોલાવેલાં છે. આપણા દેશમાં જે નવા લોકો આવેલા છે તેઓ આપણા દુશ્મન છે. તેઓ ઘણા ભયંકર છે. તેમની પાસે મારવાની કળા અજબ જેવી છે. તેઓ ગર્જના અને વીજળીને પોતાની પાસે રાખે છે, ને વખત પડયે તે આપણી સામે ફેંકે છે. માટે હરકોઈ ઉપાયે આપણે તેમનો નાશ જ કરવો જોઈએ; પરંતુ ભાઈઓ અને બહેનો, વાઘો અને વાઘણો, જિરાફો અને જિરાફીઓ, ગેંડાઓ અને ગેંડીઓ, ડુક્કરો અને ડુક્કરીઓ! તમારો મત હું જાણવા માગું છું કે આપણે તેમને કેવી રીતે શરણે લાવવા.'

અધીરા વાઘજીભાઈ બોલી ઊઠયા : 'એમાં વિચાર શા કરવા'તા? ચાલો આજે જ રાત્રે જઈએ ને હલ્લો કરીએ. તેમને આપણે ફાડી ખાઈએ. એમના એ કડાકાધડાકા આ પંજા આગળ શી વિસાતમાં છે? બસ, ચાલો.'

વરુ કહે : 'મને ય એમનું લોહી પીવાની તો ઘણી મરજી છે, પણ નમ્રતાથી હું વાઘજી-ભાઈથી જુદો પડું છું. રાતે હુમલો કરવો એ

સહીસલામત નથી. તેઓ રાતે ચોકી રાખે છે; તેમના કૂતરા ચાલાક છે, ને તેઓ તેમને જગાડી દે છે.'

ડુક્કરે વગરવિચાર્યે કહ્યું: 'ત્યારે આપણે દાળે દિવસે જ હલ્લો કરો ને! મારી આ દાતરડીઓ જોઈ છે? જો હું એની પાસે પહોંચું તો તો એના રામ બોલાવી દઉં!'

ગેંડાનો મત પણ સદ્દરહુ મુજબ થયો. તે કહે: 'એમ હું તો કંઈ તેમનાથી ડરતો નથી. મારી ચામડી તો ઘણી જાડી છે. એની ગોળીઓ મારા શરીર પર ફૂલની જેમ પડી પડીને ખરી જાય છે. પણ રાતે આપણે તેમને બરાબર જોઈ શકીશું નહિ, માટે રાતે તો હલ્લો ન જ કરીએ.'

ગેંડા ઉપર જંગલી પાડો ચિડાયો. તે કહે 'ત્યારે ભાઈશા'બને લશ્કરને મોખરે જ મૂકજો! જુઓને પોતાની ચામડીની શેખી કરે છે! શું અમારે જાડી ચામડી નથી?'

ગેંડો કહે: 'તે, જાડી ચામડી છે ત્યારે જ તો તારા જાતભાઈઓ માણસની ગુલામી કરે

છે ! જો ને નૈરોબીની મ્યુ ? તેને ગાડીએ જોડે છે જ તો !'

પાડાનો મિજાજ ફાટ્યો. તે કહે : 'એવા બોલ હું નહિ સાંખું. એવી લાંબી જીભ અને એટલું બધું બળ છે તો આવી જા !'

પાડો અને ગેંડો લડવા પર આવી ગયા; જરા એકબીજાને હાથ પણ બતાવ્યા. પણ ત્યાં તો વાઘજીભાઈ વચ્ચે પડ્યા ને શાંતિ પથરાઈ.

સિંહે કેશવાળી હલાવી ઠંડે પેટે કહ્યું : 'મારો મત તો સાંજે હલ્લો કરવાનો છે. આપણે બહાદુર હોઈશું તો જીત મેળવીશું; અને આપણે બધા બહાદુર જ છીએ, પણ હવે આપણે એક હાથીભાઈને પૂછવાનું રહ્યું છે. એનો મત પૂછીએ.'

હાથી ધીમેધીમે ઊભો થયો અને સૂંઢ ઊંચી કરી બોલ્યો : 'જુઓ ભાઈઓ ! કદાચ મારું કહેવું આપને ન પણ ગમે. મને તમે બીકણ કહેશો; પણ હું બીકણ નથી એની તો તમને ખાતરી છે. એ ખાતરી આપણા પ્રમુખશ્રીને પણ છે જ. મારું કહેવું એમ છે કે એ

લોકો ઘણા પક્કા છે. તેઓ બળવાળા નથી પણ કળવાળા છે, તેઓ હિંમતબાજ નથી પણ યુક્તિબાજ છે; તેઓ બહાદુર નથી પણ બીકણ છે. છતાં તેઓ દગાથી ને યુક્તિથી મારી શકે છે એ ચોક્કસ છે. આપણી પાસે દગો નથી, યુક્તિ નથી. આપણે સામી છાતીએ લડવાવાળા છીએ માટે જ મારો મત છે કે તેઓની સામે આપણે નહિ જીતીએ. અને માટે જ મારો મત એવો છે કે આપણે દેશ છોડી ચાલ્યા જવું જોઈએ.'

ઝીબ્રા કહે : 'મારો પણ એવો જ મત છે. હું સ્વતંત્ર છું. માણસને વશ નહિ વર્તું. પણ મારામાં લડવાની તાકાત નથી એટલે દૂરના પહાડમાં નાસી જઈશ; એ લોકોને હાથ તો નહિ જ આવું.'

વાઘ આવી નામરદાઈભરી વાણી સાંભળીને ઘણો ગરમ થઈ ગયો; પરંતુ સિંહની શરમે બેસી રહ્યો.

એટલામાં જિરાફે લાંબી ડોક હલાવી ભાષણ આદર્યું : 'મારો વિચાર લડવાનો યે નથી અને નાસવાનો યે નથી. હું તો અહીં જ

રહીશ, ને ચરી ખાઈશ. અહીંના લોકો જે હોય તે ભલે હોય; હું તેમનાથી નથી બીતું. આ વાઘ, વરુ અને આ નામદાર પ્રમુખસાહેબ કયાં ઓછા ભયંકર છે? તેઓ રોજ ને રોજ કયાં ઓછા શિકાર કરે છે?'

ત્યાં તો વાઘનો પિત્તો ફાટ્યો ને પૂંછડું પછાડીને જિરાફ ઉપર કૂદી પડ્યો. જિરાફે સભાજનોની મદદ માગી ને ઘણાં ફાંફાં માર્યાં, પણ આખરે વાઘના પંજા નીચે પડવું પડ્યું.

આ ભયંકર બનાવથી સભા ચમકી ગઈ. નદીકાંઠે શાંતિથી નદીનું જળ જેતું હરણુ આ જોઈ નાસી છૂટ્યું, પણ તેની પાછળ કયારના તાકી રહેલા શિયાળ અને વરુ પડ્યાં.

સિંહે ત્રાડ પાડી શાંતિ રાખવા મહેનત કરી પણ તેથી તો ગભરાટ વધ્યો અને હાથી તથા બીજાં પશુઓ ય નાસભાગ કરવા લાગ્યાં. વનરાજને ઘણું માઠું લાગ્યું. તે ધીરે પગલે પણ બબડતો બબડતો પોતાની ગુફા તરફ ચાલ્યો :

'જ્યાં અંદર અંદર જ કુસંપ હોય ત્યાં સામાવાળાને કયાંથી હઠાવાય?'

❋

આવળનો ગર્વ

'કાં બાઈ! ક્યેાં ચાલ્યાં?' કરેણે ગુલમેંદીને પૂછ્યું.

'લ્યેા, જાણતાં નથી, આજે તેા ફૂલેાનેા મેળાવડેા છે તે?' ચાલતાં ચાલતાં ગુલમેંદીએ જવાબ આપ્યેા.

'પણ તેમાં આટલી બધી ઉતાવળ શી છે? હજી તેા આખી એક ઘડીની વાર છે.'

'જાણેા છેા ને, આપણે મેાટાં ફૂલેામાં ખપીએ છીએ તે? વહેલા જઈએ તેા સારી જગા મળે. માણસ જેમ આપણામાં યે હવે તેા કળજુગ આવ્યેા છે. મેાટાંએા મેાડા મેાડા આવે ને પહેલા જઈને બેસે; એને કેાણ પૂછે છે? મેાટાં કહેવાય ના!'

'ત્યારે તેા ચાલેા હું ય વહેલી આવું.'

ફૂલેાનેા મેળાવડેા. એની શેાભાની શી વાત! ભાંડવેા ફૂલેાનેા, ચંદરવેા ય ફૂલેાનેા, જાજમેા

ફૂલોની, ગાદીતકિયા ને કલમખડિયા પણ ફૂલોના. અરે, ઘંટડી પણ ફૂલોની તો ! પાટિયાં પણ ફૂલોનાં જ હતાં. પીળી કરેણથી લખ્યું હતું : 'શાંતિ.' બારમાસી વડે ગૂંથ્યું હતું : 'બીડી પીવાની સખ્ત મનાઈ' સૂર્યમુખીથી ચીતર્યું હતું : 'સ્ત્રીઓ માટે બાસ.' નાના ગલથી બતાવ્યું હતું : 'અહીં પુરુષો.'

બધો ઠાઠ માણસોની પરિષદ જેવો હતો.

સ્વયંસેવક પણ ફૂલના જ હોય ના ? ધતૂરો અધિકાર ચલાવવામાં પહેલો. સ્વયંસેવકોનો એ ઉપરી હતો. ભૂંગળા જેવું મોઢું ફાડીને કહેતો હતો : 'એ આમ બેસો તેમ બેસો; આમ જાઓ, તેમ જાઓ.'

અમરવેલી સ્ત્રીવિભાગમાં ટહેલતી હતી. મોટું મોઢું ફાડીને સ્ત્રીઓને તે કહેતી હતી : 'બહેનો ! શાંતિ રાખો, શાંતિ રાખો.'

બાવળ આકડાને કહે : 'હવે આપણામાં યે સુધારો પેઠો. દેખાદેખી તે કાંઈ આવી હોય ? લખ્યું છે : 'બીડી પીવાની સખ્ત મનાઈ.' કોણ અહીં બીડી પીવાનું છે તે ?'

'હોય, નવા જુગની વાતો છે. આપણે તો ભાઈ જંગલી રહ્યાં. આટલું સભાઓમાં

આમંત્રણ મળે છે એટલા ભાગ્યશાળી !'

ડોલતાં ડોલતાં જસૂદ અને પાણકંદ આવી પહોંચ્યાં. હસતાં હસતાં ગલગોટા અને ઝીણિયાં પણ આવ્યાં. હવે સૌ બડેખાંએાના આવવાની રાહ જોતાં બેઠાં.

ત્યાં દૂરથી ચંપો દેખાયો; ચમેલી એની સાથે હતી. શી એની ચટકમટક ચાલ ! ધીમે પગલે ને સભ્યતાપૂર્વક જૂઈનિઈ પણ આવ્યાં. મઘમઘતો મોગરો આવ્યો. ગંધવતી જાસવંતી આવી; ડોલતું ડોલર આવ્યું ને બીજના ચાંદા જેવી પાતળી ગુલછડી ય આવી. પારિજાતકનાં તો ટોળેટોળાં આવ્યાં : કેસરી લાકડી લઈને જાણે નાનાં બાળકો નીકળ્યાં !

સૌ ગોઠવાઈ ગયાં. બે ફૂલો બાકી હતાં : એક કમળ અને બીજું ગુલાબ. કમળ તો ફૂલની રાણી. કવિઓએ ફૂલરાણીઓની કવિતા બનાવી હતી. ચિત્રકારો રંગમાં પીંછી બોળીને ઊભા થઈ રહ્યા હતા : ક્યારે કમળરાણી પધારે ને ક્યારે ચિત્ર દોરીએ ! અને ખબરપત્રીઓ પણ આવ્યા હતા.

ત્યાં તો કમળ દેખાયું.

જાઇજૂઈ રસ્તો બતાવતાં હતાં; ગુલાબ વાતો

કરતું હતું; કરેણુ ચમ્મર ઢોળતી હતી; નિશિગંધા ને ડોલર અંગરક્ષક પેઠે ચાલતાં હતાં.

સભા આખી ઊભી થઈ.

કમળે આસન લીધું; ગુલાબ પાસે બેઠું. કામકાજ શરૂ થયું.

કમળ પ્રમુખપદેથી બોલ્યું :

'બહેનો અને ભાઈઓ! આપણે એક પ્રશ્નનો નિકાલ કરવાનો છે, ઘણા વખતથી તકરાર ચાલે છે કે આપણામાં મોટું કોણ? સુંદર કોણ? સુગંધી કોણ? ઉપયોગી કોણ? મને લાગે છે કે સૌ પોતપોતાની યોગ્યતા વિષે કહે. પછી એક મંડળી નીમી યોગ્યતાનો વિચાર કરી, તેનો ક્રમ ગોઠવી, પ્રસિદ્ધ કરીશું.'

મોગરો ઊભો થયો ને તેણે દરખાસ્તને ટેકો આપ્યો. કામ આગળ ચાલ્યું.

ત્યાં દૂરથી આવળબાઈ દેખાયાં. પહોળાં પહોળાં થઈને ચાલ્યા આવતાં હતાં : જાણે મારા જેવું કોઈ નહિ! નજીક આવ્યાં.

ધતૂરો કહે : 'બહેન! સ્ત્રીઓનો વિભાગ પેલી બાજુ છે; ત્યાં પધારો.'

પણ આવળબાઈ તો સાંભળે જ શાનાં!

અમરવેલી કહે : 'બહેન ! આમ પધારો; આ આપણો વિભાગ છે.'

આવળબાઈ મનમાં ચિડાયાં : 'એંહ ! ત્યાં કોણ બેસવાનું છે? જઈશ હું તો પ્રમુખ પાસે ને ત્યાં બેસીશ. છું તો પ્રમુખપદને લાયક, પણ હવે ઠીક છે; બોલીએ નહિ ત્યાં સુધી.'

આવળ તો પ્રમુખ પાસે ગઇ, અને ભસ દઈને બેઠી.

કમળ વાંકું વળી ગયું; ગુલાબની પણ બે-ચાર પાંખડીઓ ખરી ગઈ.

ગુલાબ વિચારમાં પડ્યું; મોગરો મૂંઝાયો; ડોલરે ડોળા તાણ્યા; ગલગોટે ગડબડ કરી ને ગલ ગમ ખાઈ ગયા.

બધાં કહે : 'આ તે કાંઈ રીત છે? આ તે કાંઈ શોભા છે? આવળબાઈ તે આવાં કેવાં! શરમ શરમ!'

કમળે શાંતિ ફેલાવી કામ આગળ લીધું. ગુલદાવદી ઊભી થઈ. ત્યાં તો આવળ આડી પડીને બોલી : 'પહેલાં હું બોલીશ.'

સૌ ચિડાઈ ગયાં. કમળે સૌને શાંત કર્યાં.

આવળ બોલી : 'ખરેખર, બોલવામાં કે

ચાલવામાં બધે ઠેકાણે મારો જ હક પહેલો છે. રૂપગુણમાં હું જ સર્વશ્રેષ્ઠ છું. કમળ કોમળ છે, ગુલાબને કાંટા છે, ડોલરની પાંખડી ટૂંકી છે ને મોગરો છેક ધોળો છે. જુઓ, ઝીણિયાં અને ગલગોટા તો ઋતુના છોડવા; શિયાળો આવ્યો એટલે ઠરી જાય ને ઉનાળો આવ્યો કે બળી જાય. બરેબરી તો હું છું, બારે માસ એવી ને એવી ને આપણે તો બધી રીતે બરાબર. હું કાંઈ ચંપા જેમ ઊંચી તાડ જેવી નથી; ને ઠીંગણાં બારમાસી જેવી ટચૂકડી ય નથી; હું પાતળી યે નથી ને જાડી યે નથી; આ ને રૂપાળી સમ-ધારણ છું. ઠીક છે, એ તો કમળને બધાં ફૂલરાણી કહે છે ને મોગરાને પ્રેમપુષ્પ કહે છે તે ચાલે છે; બાકી બરી રાણી તો હું છું ને બરું ફૂલ મારું છે.'

ચારેકોર હો હો થઈ રહ્યું.

'કાઢો કાઢો, એ અભિમાની આવળને! એ તો ચમારવાડે જ શોભે. એને તો ઉપાડો જ તે. નાખો જઈને એને ચમારના કુંડમાં, તે રાણી છે તે બધી બબર પડે!'

બધાં ફૂલ ઊપડ્યાં; મેળાવડો પડ્યો રહ્યો.

આવળને તો ઉપાડી, ને જઈને બધાંએ એને ચમારના કુંડમાં ડુબાડી તે આજની ઘડી ને કાલનો દિવસ !

તે દિવસથી ચમાર આવળને કુંડમાં નાખે છે, ને ચામડાં રંગે છે.

પંખીઓની મહાસભા

પંખીઓ કહે : 'માણસો તો મહાસભા ભરે જ છે; પણ ગયા માસમાં પશુઓએ પણ મહાસભા ભરી. આપણે પણ શા માટે ન ભરવી ? શું આપણે પણ અનેક પ્રશ્નો ચર્ચવાના નથી ? ચાલો, આપણે પણ એક મહાસભા ભરીને આપણી વાતોનો વિચાર કરીએ.'

મહાસભાની ઉત્સાહભેર તૈયારીઓ થવા લાગી. પંચવટીનું મોટું જંગલ મહાસભાના મંડપ તરીકે પસંદ થયું. ગોદાવરીના કાંઠાનાં વનવૃક્ષોની ઘટાઓ મહેમાનોના ઉતારાઓ માટે નક્કી થઈ. ઝાડેઝાડ, જંગલેજંગલ ને વનેવન, મહાસભાની પત્રિકાઓ વહેંચાઈ ગઈ. પરદેશમાં પ્રતિનિધિઓને આમંત્રણ મોકલવામાં આવ્યાં.

ચકલાં અને કાબરો સ્વયંસેવક તરીકે તનતોડ મહેનત કરી રહ્યાં હતાં; કબૂતર ને હોલાંઓ મહેમાનોને ઉતારે મૂકવાં હતાં; કોયલને

સંગીતકાર્યમાં યોજી હતી. તૈયારી સુંદર થઈ હતી.

મહેમાનો આવી ગયા. દેશદેશના મહેમાનો હતા. કાશ્મીરનો શ્યામો હતો; પંજાબનો સક્કર હતો; બંગાળનો બાજ હતો; ગુજરાતની ચકલી હતી; વિલાયતથી મેગલી અને રોબીન પણ આવ્યાં હતાં. સંખ્યા સારી હતી.

કામકાજનો સમય સવારના સાતથી નવ અને સાંજના ચારથી સાતનો હતો.

સભાનો કાર્યક્રમ અગાઉથી જાહેર કરવામાં આવ્યો હતો.

સવાર પડ્યું. મહેમાનોને જગાડવા માટે કૂકડાઓને રાખ્યા હતા. કૂકડેકૂક કૂકડેકૂક, ચારે-કોર થઈ રહ્યું. મહેમાનો જાગી ઊઠ્યા.

ગોદાવરીના પવિત્ર જળમાં સ્નાન કરી નિર્મળ બની પક્ષીગણે પ્રભાતનું ગાન ગાવા માંડ્યું. જંગલ આખું ગાજી ઊઠ્યું.

ઝાડ અને ટેકરાઓ પાછળથી સૂર્યનારાયણ દેખાયા, પક્ષીગણ સૂર્યદેવનાં દર્શન કરી મહાસભાના સ્થાનમાં આવ્યો. મેદની પૂરા ઠાઠમાં જામી હતી; મંડપ ચિકાર ભર્યો હતો; શાંતિ અને વ્યવસ્થા વખાણવા જેવા હતાં.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં કાકાકૌવાએ ગંભીર વાણીથી કહ્યું :—

'એકત્ર થયેલાં પક્ષીબંધુઓ અને પક્ષી-ભગિનીઓ ! હું પ્રમુખશ્રીની દરખાસ્ત મૂકવા ઊભો થયો છું. પ્રમુખ માટે સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે, આપમાંના કોઈ એનાથી અજાણ નથી. હિંદની તવારીખમાં તો અતિ પ્રાચીન કાળથી તેમના વડવાઓનું નામ મશહૂર છે. એને એકને જ વિષ્ણુ ભગવાનનના વાહન થવાનું માન મળેલું છે. આપણે માટે એ અભિમાન ભરેલું છે. તેમણે ઊંચી પર્વત-ટોચથી અહીં પધારી આપણી શોભામાં જે વધારો કર્યો છે, તે માટે ખરેખર આપણે તેમનો ઉપકાર માનવો ઘટે છે.'

લાલ લોહી જેવી લટકતી ઝાલર હલાવતા ટરકીએ ઊભા થઈ કહ્યું : 'ભાઈ! કાકાકૌવાના મતને હું ટેકો આપું છું.'

'કુ કુ' ને 'કો કો' તથા 'કુરુડ કુરુડ' ને 'ટાંઉ ટાંઉ'ના અવાજ સાથે દરખાસ્ત મંજૂર થઈ.

ચટકમટક ચાલે ચાલતો લીલો પોપટ ઊભો

થયો. કાળા કાંઠલાવાળી ગરદન હલાવી તેણે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકતાં કહ્યું :

'સભામાં પધારેલાં ભાઈઓ ને બહેનો ! મને ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની આપે જે તક આપી છે તે માટે આપનો ઉપકાર માનું છું. બહુ થોડા શબ્દોમાં હું આપને તેઓની ઓળખાણ કરાવીશ.'

'શાહમૃગનું અસલ રહેઠાણ આફ્રિકા છે. એનું ઉભદા રૂપ જોઈ આપ બરોબર ખુશી થયાં જ હશો. એનાં પીછાં એટલાં તો સુંદર છે કે વિલાયતના રાજા સુધ્ધાં એને પોતાની ટોપીમાં ખોસે છે. એનાં ઈંડાં પવિત્ર ગણાય છે. મુસલમાનો તેને પીરની જગાઓમાં ટાંગે છે. એકેક ઈંડું મોટા ચીભડા જેવું થાય છે. એના લાંબા ગળા-માંથી ગમે તે ચીજ ઝટ પસાર થઈ જાય છે. એક વાર તેઓ સાહેબ સીસાની ગોળી પણ ગળે ઉતારી ગયા હતા ! સાહેબ દોડવામાં ઘણા હોશિયાર ગણાય છે. બરોબર, ઉપપ્રમુખ થવાને તેઓ બરાબર લાયક છે.'

શાહમૃગ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા, એટલે સભાનું કામકાંજ આગળ ચાલ્યું.

પહેલાં તો ગીધે પહોળી પાંખો કરી નીચી મૂંડી રાખી પોતાની કોમની સેવાના બે બોલ રજૂ કર્યા :

'સાહેબો ! અમે ઘણા વખતથી માણસજાતનો ત્યાગ કર્યો છે. તેથી અમે વસ્તીથી દૂર ઊંચે તાડ અથવા ટેકરાઓ પર રહીએ છીએ. કોઈ ઢોર કે જાનવરનું મુડદું કોહી જતું પડ્યાનું અમારી જાણમાં આવતાં અમે અમારી ગંભીર ફરજ અદા કરવા ઊપડીએ છીએ. એવી સડતી ચીજોનો નાશ કરવો એ અમારું કામ છે. અમારા કામમાં હરહંમેશ મદદ કરનારી બહેનો સમડીઓ તથા બંધુઓ કાગડાઓના અમે ઋણી છીએ.'

સૌએ અવાજના ગડગડાટ સાથે ગીધ-કોમની જંગલ ખાતેની સુધરાઈની સેવા માટે ઘણી તારીફ કરી.

પછી બગલાભાઈ ઊઠ્યા ને બોલ્યા :

'આપણી મંડળીમાં સુધરાઈ ખાતાનો ઉપરી છે પણ દરિયાઈ ખાતાનો કોઈ ઉપરી નથી. બગલા, સારસ, જળકૂકડી, બતક વગેરે દરિયાઈ લશ્કરના એક મોટા બાહોશ અમલદાર

તરીકે હું હંસનું નામ સૂચવું છું. હંસ બધી રીતે લાયક છે.'

હંસે ભારે આભાર સાથે એ દરખાસ્તનો સ્વીકાર કર્યો.

કોમળ કંઠે કોયલબાઈએ દરખાસ્ત મૂકી: 'બરેબર આપણને એક બાહોશ નિશાનબાજની જરૂર છે. હું ધારું છું કે બાજ એ કામને માટે પૂરેપૂરો લાયક છે.'

ત્યાં તો કાગડો ને સમડી પણ ઉમેદવાર તરીકે બહાર પડ્યાં.

મત લેવાયા; વધુ મતે બાજ નિશાનબાજ તરીકે ચૂંટાયો.

કબૂતરે બાજનાં વખાણ કરતાં કહ્યું: 'બાજની પસંદગી બરાબર થઈ છે. એ બરેબર નિશાનબાજ છે માટે જ શિકારી લોકો તેને પાળી તેની પાસે બીજાં પક્ષીઓનો શિકાર કરાવે છે. અમોને ખાતરી છે કે હવેથી તેઓ અમારા જેવા ગરીબ ભાઈઓને શિકારીઓથી બચાવશે.'

'ચીંચી', 'ટુટુ', 'કુઉઉ કુઉઉ'ના પોકારો સાથે કબૂતરનું ભાષણ સૌએ સ્વીકાર્યું.

કાગડાના ટોળામાંથી એક મોટો કાગડો

ભાષણ કરવા ઊભો થયો. તેણે કહ્યું :

'મારે જણાવવું જોઈએ કે મારી કાળાં પીંછાંવાળી કોમના પ્રતિનિધિ તરીકે ભાષણ કરવા હું ઊભો થયો છું. અમારી કોમે શહેર-સુધરાઈનું કેવું સુંદર કામ કર્યું છે તેનું મોહક વર્ણન કરવા મારું મન તલપી રહ્યું છે. અમારી આખી કોમે પેલી માણસજાતની ગંદકી ને એંઠવાડ દૂર કરવા જે મહેનત ઉઠાવી છે, તેવી મહેનત દુનિયાના કોઈ સુધરાઈખાતાએ નહિ ઉઠાવી હોય. જો અમારું કામ એક જ દિવસ બંધ રાખીએ તો માનવજાત માંદી પડી મરી જાય. આખા ગામમાં ભારેમાં ભારે રોગ થાય, ચારેકોર દુઃખદુઃખ થઈ પડે.

'અમારી કોમના નારીમંડળ તરફથી હું એક બીજી વાત રજૂ કરું છું. પણે બેઠેલી કોયલ-બાનુઓ અમારી બોરતોને સતાવે છે. તેઓ અમારા માળામાં પેસી જઈ પોતાનાં ઈંડાં અમારા ભેગાં મૂકી નાસી જાય છે, ને અમારી ભોળી કાગડીબાઈઓ એ લુચ્ચીનાં ઈંડાં સેવી હેરાન થાય છે. આ બાબતમાં કોઈ ઠરાવ થવાની જરૂર છે.'

કાગડાની દરખાસ્ત ઉપર પાછળથી વિચાર કરવાનું ઠરાવી કામ આગળ ચાલ્યું.

બગલો એક પગ ઉપર ઊભો રહી બીજો પેટમાં દાબી ઊંચી ચાંચે ગગન તરફ જોઈ પ્રભુનું સ્મરણ કરવા માટેની દરખાસ્ત લાવ્યો : 'ભાઈઓ! જુઓ, મારું રૂપ કેવું સુંદર છે! એનું કારણ હું માત્ર પાણી ઉપર રહી એક પગે ઊભો રહી પ્રભુનું ભજન કરું છું તે છે.'

કાગડો ચિડાયો ને લડી પડ્યો : 'અરે બગલાભાઈ! હવે રાખો. તમે તો 'બગભગત ને જગઠગત! 'તું તો 'મુખમેં રામ, ઔર બગલમેં છૂરી.' એવું કરે છે. જા જા, તારી તે ભક્તિ શાની? લુચ્ચા ઠગારા!'

સભામાં હો હો હો થઈ રહ્યું. પ્રમુખે સીટી વગાડી શાંતિ પાથરી.

કાબરે પક્ષીની જાતમાં પ્રેમનો આદર્શ ઊંચો થાય એટલા માટે કબૂતર અને સારસની વાતો કરી. સૌ પક્ષીઓએ તેમના જેવા પ્રેમી થવું એવી દરખાસ્ત મૂકી. તે બોલી :

'ખરેખર, કબૂતર જેવું નિર્દોષ પ્રાણી બીજું કોઈ નથી. પવિત્ર પ્યાર માટે આ પંખી

જગમશહૂર છે. સારસ પક્ષીઓનો પ્રેમ તો કબૂતરથી ય ચડે. સારસસારસી જરા પણ છૂટાં રહી શકતાં નથી; બધો વખત સાથે જ રહે છે; એવો એમનો પ્રેમ છે. કોઈ પારધી એકને મારી નાખે તો બીજું ઝૂરીઝૂરીને મરી જાય છે. એવો પ્રેમ તો અક્કલવાળા માણસોમાં પણ જોવા નથી મળતો. હું આવા પ્રેમની પક્ષીઓના જીવનમાં હિમાયત કરું છું.'

બધાં પક્ષીઓએ કાબરબાઈને હર્ષથી વધાવી લીધાં.

ત્યાર પછી તેતર, હોલાં, કબૂતરો વગેરેની ફરિયાદો નોંધાઈ; માણસજાત ઈંડાં ખાઈ જાય છે તે માટે શરમના ઠરાવો પણ કર્યા.

વનવાગોળી થોડા વખત પહેલાં પશુઓની સભામાં ગઈ હતી તેથી તેને સજા ફરમાવી કે તેણે હંમેશાં ઊંધે માથે લટકવું, ને દિવસે કોઈ પક્ષીને મોં બતાવવું નહિ.

છેવટના ઠરાવમાં ધુવડને રાતનો ચોકીદાર નીમી સભા બરખાસ્ત થઈ.

પછી રમતગમતનો કાર્યક્રમ હતો. ડૂબકી મારવાની રમતમાં બતક પહેલું આવ્યું; નિશાન

મારવામાં બાજ, ચતુરાઈમાં કાગડો, દોડવામાં શાહમૃગ અને કૂદવામાં રોબીન સૌથી આગળ આવ્યાં. છટાદાર ભાષણો માટે પોપટ, કાકકૌવા અને કુસુકુ ખૂબ વખાણાયાં. સૌને સૌની યોગ્યતા પ્રમાણે ઇનામો મળ્યાં.

પછી ગાનતાનનો જલસો ચાલ્યો. મધુર કંઠે કોયલબાઈએ ગાન ગાયાં; કળા કરીને મોરભાઈ નાચ્યા; બુલબુલે પણ નવીનવી ચીજો સંભળાવી; મેનાએ પણ સૌ મહેમાનોનાં મન રંજન કર્યાં.

સૌ ખુશી થયાં.

મહાસભાનું કામ પૂરું થયું.

મંગેશનો પોપટ

ગિજુભાઈ

મંગેશનો પોપટ

અમે એક પોપટ પાળ્યો હતો. અમે એટલે હું, લીલુ, કુસુમ ને મંગેશ.

અમે સૌ એની સાથે રમતાં. સહુ એને પઢાવતાં, એને શિંગો ખાપતાં, એને મરચાં આપતાં; પણ પોપટ તો મંગેશનો જ.

અમે તો કોઈ વાર એની પાસે જઈએ ને કોઈ વાર ન પણ જઈએ. પણ મંગેશ તો રોજ એની પાસે બેસે ને રોજ એને પઢાવે. જાણે કે શાળાના માસ્તર !

અમે તો વખતે એને એકાદ મરચું કે જમરૂખ ખવરાવીએ, વખતે ભૂલી પણ જઈએ; પણ મંગેશ તો દિવસમાં ચાર વખત એને ખવરાવે જ. પહેલાં એને જમાડે ને પછી જ પોતે જમે. મંગેશે એનું નામ વિઠુ રાખેલું.

મંગેશ વિઠુને રોજ રોજ કાંઈ એકલી પલાળેલી દાળ જ ન ખવરાવે; ઘરનું શાક લેવા

મંગેશ જાતે જ જાય, ને સાથે તેના વિઠુ માટે રોજ નવી નવી વાની લેતો આવે!

બારણામાં પગ મૂકતાંવેંત વિઠુને કહે: 'એ વિઠુ! આજ તારા માટે ચોળાની શિંગો લાવ્યો છું.' 'આજ તો તને ટમેટાંની ભિજ-ખાની.' 'વિઠુ! આજ તારે લીલા ચણાનું ભોજન.' 'લે, આજ તો મરચાં ખા; તારો કંઠ મીઠો થશે.'

અછત હોય ને ફળો મોંઘાં હોય તો અમારે માટે ન આવે, પણ વિઠુમિયાંને માટે રોજ જમરૂખ કે દાડમ આવે જ.

મંગેશ કહેતો: 'બિચારું ફળવાડીનું પંખી છે, આપણે ત્યાં આવ્યું, એટલે આપણે એને ખવરાવવું જ જોઈએ ના?'

મંગેશ એને બહુ રમાડે. એને નવરાવે; પછી આંગળી ઉપર લઈને ફરે. જમવા બેસે ત્યારે વિઠુ ખભા ઉપર તો હોય જ. ને વિઠુ પણ કાંઈ રમતિયાળ! એની લીલી નાની ડોક આમ કરે ને આમ કરે. મંગેશની જીભ ઉપરથી દાળનો દાણો ઉપાડી લે. મંગેશનો પગરવ થાય કે પાંજરામાં જોઈ લ્યો. કૂદાકૂદ: 'વિઠુ, વિઠુ,

મિઠુ!' આવી આ મિઠુવિઠુની જોડી! મિઠુ વગર વિઠુને ગમે નહિ ને વિઠુ વગર મિઠુને ગમે નહિ. ને એ બંને વગર અમને કોઈને ગમે નહિ.

* * *

પણ હાય!

એક વાર એક અકસ્માત બન્યો ને મિઠુવિઠુની મીઠી જોડી તૂટી ગઈ: કાયમને માટે તૂટી ગઈ!

વાત એમ બની કે એક દિવસ વિઠુને આંગળી ઉપર લઈ મંગેશ ફરતો હતો. વિઠુ મીઠું મીઠું બોલતો હતો અને ડોલતો હતો, ને અમે એ જોતાં હતાં. ત્યાં અમારી મની બિલાડી નીકળી. એ હતી તો ગરીબ; વિઠુ તરફ એણે કદી પણ દુષ્ટ નજર કરેલી નહિ; પણ કોણ જાણે કેમ, તે દિવસે તેને કમત સૂઝી. ઝડપ દઈને એણે મંગેશના હાથ ઉપર કૂદકો માર્યો ને વિઠુની ડોક પકડી.

ચીં....ચીં....ચીં....

મંગેશે મનીને એક ઝપાટે નીચે પાડી. પણ મનીના તીણા દાંત વિઠુની કુમળી ડોકમાં

પેસી ગયેલા !

મંગેશે વિઠુને પાણી પાયું, પણ તે તો ગળામાં પડેલા ડાણામાંથી બહાર આવ્યું.

પાસે જ ડૉક્ટર રહેતા હતા ત્યાં મંગેશ દોડ્યો. પણ ડૉક્ટર એને કાંઈ ન કરી શક્યા.

વિઠુએ તરફડીને મંગેશના ખોળામાં માથું નાખી દીધું.

મંગેશ બાના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ધ્રુસકે રડ્યો.

અમે સૌ રડ્યાં. અમારી બા પણ રડી. તે દિવસે તો અમને ખાવાનું યે ન ગમ્યું ને પીવાનું યે ન ગમ્યું.

* * *

અમારા વાડામાં એક પોપૈયો હતો; તેની છાયામાં અમે અમારા વિઠુની કબર કરી છે.

ખાડો ગાળી તેમાં મૂક્યો ત્યારે તો મનમાં એવું કંઈક થયું !

એના ઉપર માટી વાળવાનો તો કોઈનો જીવ જ ચાલતો ન હતો. ...

મને તો થતું હતું કે હમણાં વિઠુ ડોક ઊંચી કરશે ને 'મિઠુ, મિઠુ !' કરી એનો

તીખા ઊંચા સાદ સંભળાવશે !

આખરે બાપાએ માટી વાળી દીધી. અમે ત્યાં એક પથરાની કબર ગોઠવી છે.

ઘણી વાર અમે ત્યાં બેસીએ છીએ ને વિઠુની વાતો કરીએ છીએ.

પણ કેટલાય દિવસ સુધી મંગેશ તો એકલો જઈને ત્યાં બેસે. રોજ સવારે એ ત્યાં જ હોય એના વહાલા વિઠુ વગર એને કેમ ગમે ?

અમારે ત્યાં દિવાળી નથી

આડોશમાં ને પાડોશમાં
નવો રંગ દેખાય છે,
નવી ગાર થાય છે,
સાથિયા પુરાય છે,
છોકરાઓ કૂદે છે,
છોકરીઓ નાચે છે,
કહે છે : 'આજે દિવાળી છે.'
પણ મારે ત્યાં
બા આંસુ સારે છે,
બાપા બહુ ઉદાસ છે,
ઘર આખું સૂનું છે,
મને ય કાંઈ ગમતું નથી.
અમારે ત્યાં દિવાળી નથી.

* * *

આડોશમાં ને પાડોશમાં
ફાફડા વણાય છે,
ઘઘરા તળાય છે,
નવી નવી મીઠાઈ છે,
સૂકો લીલો મેવો છે.

પણ મારે ત્યાં
બા કહે : 'કરશું કાંઈકિ.'
બાપા કહે : 'લાવશું કાંઈકિ.'
કોઈને કરવાનું ગમતું નથી,
કોઈને લાવવાનું ગમતું નથી,
કોઈને ખાવું ભાવતું નથી,
અમારે ત્યાં દિવાળી નથી.

* * *

આડોશમાં ને પાડોશમાં
આંગણાં વળાય છે,
છાણપાણી છંટાય છે,
રંગેરંગની રંગોળી છે,
ભાતભાતની વેલો છે,
જાતજાતની શોભા છે,
આંગણું સુંદર શોભે છે.

પણ મારે ત્યાં
કોઈ વહેલું ઊઠ્યું નથી,
આંગણું . છંટાયું નથી,
રંગોળી પુરાઈ નથી;
હાથ અમારા ભારે છે.
મન અમારું દુઃખી છે,
આંગણું અમારું કોરું છે,
અમારે ત્યાં દિવાળી નથી.

* * *

આડોશમાં ને પાડોશમાં
ઝળહળ દીવા બળે છે,
કોડિયે શગ મંડાઈ છે,
વીજળી દીવા ઝબકે છે,
રંગબેરંગી ગ્લાસો છે,
ગ્લાસે ગ્લાસે દીવા છે,
હીરા જેવાં ઝુમ્મર છે,
દીવાદાંડીઓ લટકે છે.
પણ મારે ત્યાં
ચારે ય કોર અંધારું છે,
ઓશરી અમારી કાળી છે,

ગ્લાસ=કાચના પ્યાલા

આંગણું અમારું કાળું છે,
મન અમારાં ઉદાસ છે,
પગ અમારા ઢીલા છે,
અમારે ત્યાં દિવાળી નથી.

*

આઠોશમાં ને પાઠોશમાં
લક્ષ્મીજીનું પૂજન છે,
પાનસોપારી વહેંચાય છે,
અત્તરગુલાબ છંટાય છે,
ફેડફેડ ફટાકા ફૂટે છે,
ફૂલખરણીનાં ફૂલ વેરાય છે,
મહેતાબ ને ચંદ્રજ્યોતિ છે,
અમાસ છે ને પૂનમ છે.
પણ મારે ત્યાં
ભારે ભારે શાંતિ છે,
ઘેર કોઈ આવતું નથી.
કોઈ અહીંથી જતું નથી,
કાંઈ કશું ફૂટતું નથી,
અમને કશું ગમતું નથી.
અમારે ત્યાં દિવળી નથી.

*

આઠોશમાં ને પાઠોશમાં
નવા વર્ષની વધામણી છે,
નાનાં પગે લાગે છે,
મોટાં આશિષ આપે છે,
મિત્ર મિત્રને ભેટે છે,
માળી તોરણ બાંધે છે.
કંકુ–મીઠું વેચાય છે.
પણ મારે ત્યાં
ઉત્સવ નથી,
વધામણી નથી,
ફૂલહાર નથી,
તોરણ નથી,
અમારે ત્યાં દિવાળી નથી.

પશુપક્ષીઓ તો પાઠમાં જ સારાં !

રસોડામાં રાંધવાની તૈયારી કરતાં હોઈએ ત્યાં તો એક બાજુથી ચૂં ચૂં સંભળાય.

બીજી બાજુએથી ચકચક ચકચક.

ત્રીજી બાજુએથી કોકો કોકો.

ચોથી બાજુએથી કલકલ કલકલ.

સામે તો લેણદારની જેમ બિલાડી ફૂતરાં ઘુરરર ઘુરરર કરતાં સૂતાં જ હોય.

બિલાડીબાઈ તો ચૂં નહિ કે ચાં નહિ; મખમલિયા પગની મખમલિયા ચાલે આવીને આંખો બંધ કરી દૂધ પીવાનું એનું કામ.

રસોડામાંથી બસો ને બારણું બંધ કરવાનું ભૂલી જાવ કે થયું ! ફૂતરાભાઈની ઊંધ પૂરી થઈ જાય; એ ઘસ્યા રસોડામાં ! જે મળે તે ખાવાનું, ને ન મળે તો બધે મોઢું અડાડીને ચાટી તો લેવાનું જ.

બારણું બંધ કરીને નીકળો તો બારીમાંથી

કાગડાભાઈ, બિલ્લીબાઈ ને કોઈ વાર કાબરબાઇ રસોડાની મુસાફરી કરી આવે. ચંદર જે મળે તે એમનું.

કાગડાભાઈ તો ચતુર ખરા ને! સામેના થાંભલે બેસી મોન્ટીસોરી શિક્ષકની જેમ છાનું-માનું અવલોકન કરતા જ હોય! રોટલી કે પૂરી કે મૂઠિયાં કે એવું કાંઈ તૈયાર પડેલું હોય તો જ અંદર આવવાની તસ્દી લે. ઝપ દઈ ને અંદર પેઠા ને રોટલી લઈ ને આ ઊપડ્યા! તમે ડાહ્યાં થઈ બારી પણ બંધ કરીને બહાર નીકળો તો ઠીક.

પછી બિસકોલીબાઈ અને ઉંદરભાઈનું રાજ! નિરાંતે અંદર જઈ ડાબલાડૂબલી ને જે મળે તે ઢોળવાની એમને બહુ મજા પડે! લોટ ઉપર ભાત પાડી જવી એ બિસકોલીબાઈનું કામ. ટોપલીને કરકરવાળી ભાત પાડવી એ ઉંદર ભાઈનું કામ. રોટલી ન મળે તો ટોપરું, બટેટાં કે રીંગણામાં ભાઈ ભાત પાડે. ધરોળી, કરોળિયા ને વખતે વીંછીભાઈ પણ સાથે જ હોય. એવાં એવાંની તો વાત જ શી કરવી?

રસોડામાંથી ઓરડામાં આવો તો કબૂતરો ઘુઘુ....ઘુ ને ચકલી ચકચક કરતાં હોય. જ્યાં ત્યાં

હંગી ભરે કચરાનો તો પાર નહિ. કાંટાઓ પણ લાવે ને વેરે.

કૂતરાંઓ તો રાજાની જેમ પથારીમાં, ખાટલામાં, ડામચિયા ઉપર ને ગાદલામાં પણ સૂએ. જાણે એમના બાપનું જ ઘર !

ઘરની આસપાસ ગાયો, ભેંશો, બકરાં અને ગધેડાં પણ ખરાં ! કાંઈ ઝાડ કે કશું આવ્યું હોય તો ખાઈ જાય. દાણોદૂણી સૂકવ્યાં હોય તો પૂરાં. જ્યાં ત્યાં પોદળા કરી જાય ને ઓશરી ઉપર પણ ચડે.

હવે વળી રાત પડતાં ટીડડાંનું ટોળું નીકળ્યું છે. છ વાગ્યાની અંદર જમવાનું પતાવી દો તો ઠીક, નહિ તો તડિંગ તડિંગ તમારી થાળીમાં પડે ને દૂધમાં પણ પડે ! એમને બોલાવ્યાવાનો લોભ નહિ; આવીને તમારા ઉપર કે જ્યાં ત્યાં તડિંગ કરતાં પડવું, એટલું જ એમનું કામ !

આ બધાં મોટા આગળ હવે નાનાં કૂદાંનું તો કોઈ નામ જ લેતું નથી. આવા ચીડિયા બોનામાં તે હવે રહેવું શી રીતે ? આ બધાં તો પાઠોમાં જ સારાં !

અમારી લડાઈ

સાચે જ ! આ ઉંદરડાઓ તે કાંઈ કેર કરે છે ! આ આટલું કે માથું ને આટલાક દાંત, પણ એણે તો મને હરાવી દીધી.

હું કહું રસોડામાં તો મારું રાજ, ને ઉંદરભાઈ કહે મારું રાજ. બસ, આ કારણે લડાઈ. ને વરસોથી લડાઈ ચાલે છે.

અમારી લડાઈની વાત તો લાંબી છે, પણ હું ટૂંકમાં કહું છું.

રોજ રાત્રે રસોડામાં બધું ઢાંકીને હું સૂઈ જાઉં, પણ રાત્રે ઉંદરડા આવે ને બધું ઉઘાડી નાખે. પહેલાં પહેલાં તો મેં માન્યું કે ઉંદરડા મારી સાથે ગમ્મત કરે છે. હું તો હસીને પતાવું. પણ મશ્કરી યે કાંઇ રોજ રોજ સહન થાય ? ધીરેધીરે ઉંદરડાની મશ્કરી તો વધવા માંડી. ભાઈબંધ લોટનો ડબ્બો ઉઘાડે ને

કેર=જુલમ

તેમાં નાચે. તેમને તો નાચતાં વળી મજા આવતી હશે, પણ મારો લોટ ઢોળાઈ જાય ને બગડે તેનું શું ? લોટનો ડબ્બો સજ્જડ બંધ કરી તેના ઉપર હું મોટું વજન મૂકવા લાગી. પણ ઉંદરડાને એ ન ગમ્યું.

બસ અમારી લડાઈ શરૂ. કેવળ હસવામાંથી બસવું !

લોટ ન મળ્યો એટલે તો ભાઈ ખિન્નાયા. રસોડામાં 'ચૂં ચૂં ચૂં'ના તીણો અવાજ કરવા લાગ્યા. હું મજેથી સૂતી સૂતી સાંભળતી હતી. મનમાં નિરાંત હતી. મેં કહ્યું : 'આજે બાવ લોટ.. જોઉં કેમ બાવ છો તે ! મફતનો મળતો'તો તે બગાડવાની મજા પડતી હતી, બરુ ? કર્યા કરો હવે. સવાર સુધી ચૂં ચૂં ચૂં !'

પણ ત્યાં તો જરાક ધડફડ થયું ને થોડી વારમાં ચૂં ચૂં ચૂં બંધ પડ્યું. હું મનમાં હસી : 'આજ તો દડંબડ કરતા ભાગી જ જાયેાં ને ? બીજું શું કરો ?'

સવારે હું હરખાતી ઊઠી : રાત્રે મેં જીત મેળવી હતી ! પણ રસોડું ઉઘાડ્યું ત્યાં તો હાય-હાય ! મારું બધું ઘી તેલ ઢોળી નાખેલું ને ફાવે

તેટલું ખાધેલું પીધેલું ! મનમાં થયું : ‘ ભાઈ ! લોટ બગાડે એ તો ઠીક; પણ આ ઘીતેલ ઢોળે એ કેમ ખમાય ? ’

નવો બંદોબસ્ત કર્યો. રાત્રે ઘીતેલની બરણીઓ રસોડામાંથી બસેડી જ નાખી ને લોટ બરાબર ઢાંક્યો. મનમાં બબડી : ‘ હવે શું કરશો ? લ્યો, ખાજે હવે આજ રાત્રે ઘીતેલ મળે તે ! મોટા રાજા–મહારાજ બરા ને, તે ભાઈને ઘી-તેલ ખાવું જોઈએ ! ’

મલકાતી મલકાતી સવારે ઊઠી. ધાર્યું : ‘ બિચારા ઉંદરડા આજે બસિયાણા પડ્યા હશે ! ’ પણ બારણું ઉઘાડીને જોઉં છું તો ઉંદરભાઇ તો મારા માથાના મળ્યા ! ભાઈને ખાવાનું ન મળ્યું તો વેરણછેરણ કરવાનું મળ્યું, જ્યાં ત્યાં બધો મશાલો વેરી નાખેલો. ખાસી મજેની મરચાંહળદરની જાણે કે કોઈ રંગોળી પૂરી ગયું ! મરચાં ને હળદરની રાતીપીળી ભાત ને વચ્ચે રાઈમેથીની છાંટ !

મેં કહ્યું : ‘ સાબાશ ઉંદરભાઈ ! જીતે રહો. પણ કાલે તમારી વાંત છે. બહુ ફાટી ગયા છો તે યાદ રાખો ! ’

રાત્રે મશાલાના ડબ્બા ઉપર મૂકયો ચંક ઉપરવટણો ને હવેજના કઠોડા ઉપર મૂકયા ખાંડણીદસ્તો. મેં કહ્યું : 'હવે જાળવીને પડવા જજો, ઉંદરભાઈ! જોજો, ઉપરવટણા નીચે કયાંઈકે કચરાઈ ન જતા, હોં!'

સવારે મનમાં થયું : 'ઉંદરડા બિચારા ભૂખ્યાતરસ્યા સૂઈ ગયા હશે! એક વાર જો હાર કબૂલ કરે તો પછી ફિકર નહિ; પછી ખાવાનું આપીશ.'

સવારે રસોડું ઉઘાડયું. લોટનો ડબ્બો બરાબર; મશાલો બરાબર; કઠોડો બરાબર. મનમાં બોલી : 'આજે તમે ડાહ્યા થયા લાગો છો. ચાલો ત્યારે, હવેથી તમારે માટે કાંઈકે રાખતી જઈશ.'

રાંધતી વખતે શાકની ટોપલી લઈ બટેટાં સુધારવા બેઠી. પણ મારા વા'લા ઉંદરડા! ખીંતીએ પણ પહોંચેલા. આજે તો એમણે બટેટા, રીંગણાં, ને તૂરિયાંની ઉજાણી કરેલી.

મને તો બીજ ચડી ગઈ : 'આ ચપટી જેવડા ઉંદરડા, મને સતાવે?'

રાત્રે બધું ઢાંકવામાં એક આખો કલાક ગુમાવ્યો. લોટ ઢાંક્યો; મશાલો ઢાંક્યો; શાક ઢાંકયું; ખાંડ, ગોળ, આંબલી, કોકમ; મીઠું, મરચું : બધું બધું ઢાંકયું, ઉપર પથરા, ઈંટો ને ઉપરવટણા ને ખાંડણી મૂકીમૂકીને ઢાંકયું ને ફરી ફરીને તપાસ્યું. ચારે કોર જોઈ લીધું. નીચે, ઊંચે, કહ્યું : 'આજે ખૂણેખાંચરે, બધે તપાસી લીધું. હવે ફાવો તો તમે બરા, અને હું બોટી. આજ દિવસ સુધી હું બહુ ધ્યાન નહોતી દેતી એટલે કે ?'

સૂતા પહેલાં એક વાર ફરીથી રસોડું જોઈ આવી. પણ એકાદ કલાક થયો ને હું ઊંઘમાંથી ઝબકીને જાગી.

ખડિંગ, ખડિંગ ! ધડિંગ, ધડિંગ !

મને થયું : 'આ શું ? શું ચોર આવ્યો છે ને બાતર પાડે છે ? આ તે છે શું ?'

બરાબર કાન માંડીને સાંભળ્યું. અવાજ તો સીધો રસોડામાંથી આવતો હતો. ફાનસ લીધું ને રસોડું ઉઘાડયું. ત્યાં તો દસબાર ચોર દડદડ દડદડ દોડી ગયા ને રસોડું તો જાણે મેદાનમેદાન !

અભરાઇ ઉપરથી થાળીઓ, વાટકા ને છીબાં ને ખીલી ઉપરથી તપેલાં ને તપેલીઓ : બધાં હેઠાં ! રસોડું આખું વાસણ, વાસણ !

મશાલાના ડબ્બા પણ દડી પડેલા; આ બાજુ લોટનો ડબ્બો પણ ગબડી પડેલો. આજ કાંઈ ઢોળાયું ન હતું તો ફોડાયું તો હતું જ !

મેં તો હાથ જોડ્યા : 'એ હું તો તમથી હારી ! હવે જે થાય તે કરી લ્યો. હું તો મારે આ સૂતી.'

સવારે જોઉં છું તો દાઝ્યા ઉપર ડામ ! જે મળ્યું તે પાડી નાખેલું, ને ઉપર જતાં બધે લીંડી લીંડી કરી મૂકેલી !

હવે તો હું થાકી; ને ઉંદરિયું મગાવવાનો વિચાર કરું છું, એટલે હારી તો ખરી જ ! ન મારી શક્તિ ચાલી કે ન યુક્તિ ચાલી. કાં તો ઉંદરિયું લાવીશ ને કાં તો બિલાડી રાખીશ.

પણ છોકરાંઓ ! મારી આ હાર્યાની વાત કોઈને કહેશો નહિ, હો કે ! મેં તમને આ તો ખાનગીમાં કહ્યું છે. ને ઉંદરભાઈને તો કહેશો જ નહિ. ઉંદરભાઈ જાગુશે તો તો ચારે કોર

મારી ફજેતી ફજેતી થશે. હું આવડી મોટી
વળી માણસ કહેવાઉં, ને એ ઉંદરડા આઠ
નાના છતાં મને હરાવે ?
પણ સાચી વાત તો એ છે કે હું હારી.
મારે મૂછ નથી તો યે મારી મૂછ નીચી.
સાડી સાત વાર નીચી !

મારી આજી

મારી બાની બાને અમે આજી કહેતાં. એ બહુ હેતાળ હતાં. એવાં તો કોમળ કે બસ !

આજીં કામ ચીંધે તે કરવાનું ગમે તો ખરું; પણ કોઈ વાર અમે ના પાડતાં, ને એમને બહુ ખીજવતા. પછી આજી મારા ઉપર ખૂબ ખિજાય. ખૂબ ખિજાય એટલે એ મારવા આવે; એટલે હું દોડીને ભાગી જઉં ! દોડતી જઉં ને હસતી જઉં. અને આજી પણ પાછળ દોડે એટલે મજા તો પડે જ ને ? કોઈ વાર હાથ આવી જઉં તો એકાદ ધબ્બો ખાવો પડે. પણ આજીની ખીજ કાંઈ સાચી ન હોય. એમનો ધબ્બો ખાવો અમને બહુ ગમતો; માટે જ અમે એમને ખીજવતાં.

કોઈ કોઈ વાર તો આજી મારવા આવે કે એના હાથ જ પકડી લઉં; આજી મારી બાને બોલાવે, ' દુર્ગે દુર્ગે ! હી પહા તુઝી લેક ! કશી કરતે ?' (દુર્ગે ! આ જો તારી છોકરી ! કેવું

કરે છે!)

દુર્ગા મારી બાનું નામ. આજીની સાથે રમતગમત થાય, પણ બાની સાથે ન થાય. બા આસપાસ હોય તો ઝટપટ ડાહ્યા થઈને બેસી જવું પડતું.

પણ બા પાસે ન હોય એટલે મજા. આજી બાને બોલાવે તે પહેલાં હું જ સાદ પાડતી: 'દુર્ગે દુર્ગે! હી પહા તુઝી લેક! કંશી કરતે?' અને આજી હસી પડે. ને આજી કાંઈ સાચેસાચ્યાં થોડાક ખિજતાં હતાં? આ તો અમારી ગમ્મત ચાલતી.

આજી પાસે ખાવાની ખૂબ મજા પડે. એ રાંધતાં હોય ત્યારે તે ચીંધે તે કર્યા કરવું ને આસપાસ રહેવું. પછી દાળમાં ગોળ નાખે ત્યારે અમને એકાદ દડબું મળે જ; શાકમાં ટોપરું નાખે ત્યારે ટોપરાનું બટકું પણ ખરું જ; ચટણી માટે તલ કે મગફળી શેકી હોય તો તેમાં યે અમારો ભાગ તો હોય જ!

આજી અગિયારસના ને એવા ઉપવાસ કરે ત્યારે એમના ફરાળમાંથી અમને ચખણી મળે. અમે નિશાળે ગયાં હોઈએ તો આજી અમારા

માટે રાખી મૂકે. અમે આવીને કહીએ : 'આજી ! અમારો ભાગ ?'

આજી કહેશે : 'રોજ રોજ ભાગ શાનો ? દાળભાત જમો છો ને ફરાળ શાનું મળે ?' એમ કહેતાં જાય ને આસ્તેથી ચૂલામાંથી રાખ ખંખેરે એટલે એકાદ-બે શકરિયાં નીકળે. કાં તો ટાંકામાંથી ખજૂર કે કેળાં નીકળે. કોઈ વાર રાજગરાની ખીર પણ મળે. આજીની અગિયારશ-માંથી બટકું બટકું મળે એ તો એવું મીઠું લાગે !

અમે તો બેચાર દિવસે બેચાર દિવસે પૂછતાં જ રહેતાં : 'આજી ! આજે અગિયારશ છે ? આજે ઉપવાસ છે ?'

અમે આજી પાસેથી બીજી પણ એક ચખણી રોજ લેતાં. આજી રાત્રે જમે નહિ પણ થાલીપીઠ ને ઘાણીના લોટ ખાય; ને આજી ખાવા બેસે કે અમે ત્યાં પહોંચ્યાં જ હોઈએ ! આજી ખોટું ખોટું ખિજાય : 'જો ને; ભિખારીની જેમ હાથ લંબાવીને આવે છે, રોજ ?'

આજીનું કામકાજ કરવું અમને બહુ ગમતું, કેમકે આજી બહુ ગમતાં. આજી કહેતાં પણ મીઠી રીતે : 'તારા ! બધ ગ, હે તાંદુળ જરા ?'

(તારા ! આ ચોખા જરા જો તો ?)

હું કહેતી : ' આ જોયા. હવે શું ? '

આજી એક ધબ્બો મારે ને કહેશે : ' જો એટલે વીણી દે. '

એવી ગમ્મત કરતાં જઈએ ને વીણી આપીએ. કોઈ વાર લોટ ચાળી દઈએ. એક વાળવાનું ન ગમે. હું વાળું એટલી એટલી. આજી કહેશે : ' મારી જેમ સાઠ વરસની ડોશી છો, કાં ? વાંકી વળીને વાળ. '

ને એમ વાળું તો મારી કેડ દુખે. પણ સૌથી ગમે આજીને માટે હેરાફેરા કરવાનું ને ધક્કા આવાનું.

બિચારાં ઘરડાં આજીની મેં એક વાર પાંસળી ભાંગી નાખેલી. બિચારાં કેટલા યે દિવસ સુધી ખાટલે રહ્યાં હતાં !

થયું એમ કે રોજ સાંજે આજી એકાદ કોથળો પાથરીને સુએ ને મને કહેશે : ' તારે ! જરા પાય દે ગ ? ' (તારા ! જરા પગથી કેડ ને વાંસો દબાવ જોઈએ !)

હું રમતરમતમાં કોઈ વાર જોરથી કૂદું. એક દિવસ વાંસા પર પગ મૂક્યો ને કડ કરતું

પાંસળીનું હાડકું ભાંગ્યું. આજીને ખૂબ પીડા થઈ ને હું પણ પાસે બેસીને ખૂબ રડી.

અમારા ગામમાં પહેલવહેલો પ્લેગ આવ્યો ત્યારે આજી તેમાં સપડાયાં.

મારાં વહાલાં આજી મને બહુ સાંભરે છે.

બોખલું

'આ તમે બધાં બોખ્લું બોખ્લું શું કરો છો? હું તો કાંઈ સમજતી નથી.

'હ્યો! બોખલાનો અર્થ પણ નથી સમજતાં? આપણું બોંખલું પડ્યું એટલે કે આપણે ભોંઠાં પડ્યાં. અથવા તો ચાટ પડ્યાં.'

'પણ બોખ્લું શબ્દ કાઢ્યા ક્યાંથી?'

'એ તો એમ છે કે ભોંઠાં પડીએ કે પાછાં પડીએ એટલે આપણું મોં ઉઘાડું રહી જાય. બોખ્લું પડ્યું હોય તો છોકરાંઓ તેના મોં સામે હાથ ધરીને આમ પ્યાલા જેવો હાથ કરી બતાવે છે.'

'પણ આ છાલિયા જેવડું, ને આવડું આવડું કહો છો, તે શું?'

'અરે, એ તો બોખ્લું કેવડું પડ્યું તે કહીએ છીએ. એની તો ભારે મજા છે! જો સાધારણ બોખ્લું પડ્યું હોય તો એક હાથે

બતાવાય; તેથી વધારે બે હાથથી બતાવાય; પછી છાલિયા જેવડું; તેથી મોટું બુઝારા જેવડું; તેથી મોટું ત્રાંબાકૂંડી જેવડું; તેથી મોટું પાણીની કૂંડી જેવડું; ને તેથી મોટું તળાવડી જેવડું. પછી તો એક ઉપર એક ચડતું જાય. મોટું તળાવ, પછી સરોવર, પછી સમુદ્ર, પછી મહાસાગર અને સૌથી છેલ્લું આકાશ જેવડું, કેમકે સૌથી મોટું મોં ફાડીને તો આકાશ જ બેહું છે ને?'

'વાહ! એ તો બહુ મજાનું! પણ કેટલીક વાર તો તમે શું બોલો છો તેની ખબર જ પડતી નથી! ને તમે તો માંડો છો હસવા. એ શું?'

'એ તો બોખલું પાડવાની જુદી જુદી રીતો છે. કોઈ બોલ્યા ચાલ્યા વગર આમ હાથ જ મોઢા સામે ધરશે. કોઈ છાલિયું કે એવું કાંઈ પાસે પડ્યું હોય તેની સામે માત્ર આંગળી બતાવશે. કોઈ કહેશે : 'પડ્યું!' કોઈ કહે : 'હવે રાખો; જરા બોરતળાવે જઈ આવો!' તો કોઈ કહેશે : 'ભાઈ! જરા છાલિયામાં મોઢું જોઈ લ્યો!' નવાંસવાં કે સાવ નાનાં હોય તો તે કહેશે : 'ભાઈ બોખલું પડ્યું.'

'ઓહો ! હવે સમજી. આ તો તમે ભારે ગમ્મત કાઢી છે. હું પહેલાં તો મૂંઝાઈ જ ગઈ હતી કે આ બધાં શું કરે છે ? કોઈ કહેશે : 'આકાશ સામું જુઓ.' ને બધાં હસી પડે. હું કાંઈ સમજતી ન હતી. હવે સમજી કે બોખલું એટલે શું.'

'એમ છે ત્યારે !'

આરી ગાય

૦

સંપાદિત

મારી ગાય

એક દિવસ મને થયું : ચાલ ને, ગાય રાખું ? આ ભરવાડનું દૂધ ખાઈને તો કંટાળ્યા. વારે વારે એમાં ભેગ આવે છે, ને કહીએ છીએ ત્યારે તડ દઈને સંભળાવે છે કે 'ન પાલવતું હોય તો પડયું મૂકો !' ઘરની ગાય હોય તો એક તો તાજું દૂધ મળે ને વખતે બારબપોર દૂધની જરૂર પડી તો દોહી લેતાં કેટલી વાર ? અને ગાય તો ઘરના આંગણાની શોભા છે ને ?

'ગાયનું વાસીદું એટલે આંકડુ પણ નહિ. ભેંશ રાખી હોય તો વળી જુદી વાત. આખું ફળિયું બગાડી મૂકે ને આંગણાંમાં ઊભું ન રહેવાય !

'ગાયનાં વાછરડાં થશે તો ભલા, છોકરાં એમની સાથે રમશે. વાછરડાં નાનાં હોય છે

બારબપોર = ટાણેકટાણે; વેળાકવેળાએ

ત્યારે રંમાડવા જેવાં પણ હોય છે.'

વિચાર પાકો થયો ને ઘરઘણિયાણીની સલાહ લીધી. તેણે પણ ટાપશી પૂરી : 'ગાયનું દૂધ હમણાં તો સાવ મોળું છાણ જેવું આવે છે. એક તો ઘરઘરાઉ દૂધ મળશે ને વધારામાં છાણનાં છાણાં પણ થપાશે. આપણો કાંઈ એટલો બધો દૂધનો વરો નથી કે બધું દૂધ વપરાઈ જાય. વધારાનું મેળવશું, અને એની છાશ થશે તે આડોશીપાડોશીને આપવા થશે. માખણનું રૂપાળું તાજું મોઘર જેવું ઘી તો થશે ! હા, એક દો'વાની જરા ઉપાધિ છે; પણ એ તો હું....'

વચ્ચે જ મેં કહ્યું : 'ના, દો'વાનું કામ તો હું જ કરીશ. નાનપણમાં મેં બકરી દોહી છે એટલે દો'તાં ઝટ આવડી જશે. એમ તો ગાયની આળપંપાળ તો હું જ કરવાનો, તારે ઘરનાં કામ કયાં થોડાં છે ?'

ઘરઘણિયાણીનો એકમત થયો ને ગાય ખરીદવાનો વિચાર પાકો બંધાયો.

ટાપશી પૂરવી=વાતમાં હાએ હા કરવી. વરો=વપરાશ.

ત્યારથી મેં કોઈ એકાદ નમણી, ભરાવદાર, દૂધાળ ને હેતાળ ગાય શોધવા માંડી. એવી ગાય કાંઈ રેઢી નથી હોતી. ગામનો ભરવાડવાડો તો જોઈ વળ્યો પણ એકે ય ગાય ગમી નહિ. કોઈનો રંગ ન ગમ્યો તો કોઈનાં શિંગડાં ન ગમ્યાં; કોઈની પૂંછડી વાંકી હતી તો કોઈના કાન ટૂંકા હતા; કોઈ દૂધાળ હતી પણ હેતાળ જરા યે નહિ; કોઈ ડિલે ભરાવદાર ખૂબ પણ દૂધ જોઈએ તો રા થી ૩ા શેર.

સવારે વહેલો ઊઠું ને ઝટઝટ પરવારું. આજ એક ગામ તો કાલે બીજું ગામ; રોજનું એક ગામ ફરું પણ સાંજે નિરાશ થઈ પાછો વળું. ક્યાંઈ મનમાની ગાય ન મળે. સાંજે ઘેર આવી ઘણિયાણીને બધી વાત કરું. એ બિચારાં કાન દઈને સાંભળે ને છેવટે કહે: 'એ તો સારી ગાય માટે એટલી મહેનત પડે ય ખરી.'

ગાય શોધવામાં ઘણા દિવસો ચાલ્યા ગયા. રોજનો કામધંધો ખોટી થતો જ હતો. જોષ જોવરાવવા આવનાર પાછાં જાય; સત્યનારાયણની કથા વાંચવાનું આવે, પણ થાક્યાપાક્યા જવાનું

મન ન થાય ને ના પાડવી પડે. પણ ગાય મળે નહિ ત્યાં શું કરવું ? એમ તો થયા જ કરતું કે ક્યારે ગાય આવે ને ક્યારે એને પંપાળું ? ક્યારે એને 'પા....હો, પા....હો !' કરીને પાણી પાઉં ને ડચ ડચ કરીને બોલાવું ?

ગાય આવે તે પહેલાં તો મેં એને માટે પોલરીઓ ઘડાવા નાખી; એનાં શિંગડાં રંગવા સિંદૂર ખરીદી રાખ્યો; એને માટેના ખડનું સાટું પણ કરી રાખ્યું.

ઘરમાંથી પણ એવાં જ હોંશીલાં હતાં. શેરી આખીને કહી રાખેલું કે છાશ થશે તે ખુશીથી લઈ જજો. ગોરસા વેચવા કુંભાર આવેલો તે ગોરસા પણ લઈ રાખેલા.

એમ કરતાં ઘણા દિવસ ગયા. એક વાર ગાયના વિચાર કરતાં કરતાં ઊંઘ આવી ગઈ ને સ્વપ્નું આવ્યું.

સ્વપ્નામાં જાણે એક મોટો જંગી વડ છે, ને નીચે ગાયોનું ઘણ બેઠું છે. ગોવાળ વાંસળી વગાડે છે. ગાયો છાંયામાં બેઠી બેઠી

પોલરીઓ=બાંબરીઓ

વાગોળે છે ને ઝોકાં મારે છે; કોઈ કોઈ નાનાં નાનાં વાછરુ જરાતરા આમતેમ દોડે છે ને ગળાના નાના ઘૂઘરા વાગે છે.

બધી ગાયો વચ્ચે એક હાથણી જેવી ગાય બેઠી છે. રંગે સુંદર મજાની ધોળી છે; શિંગડાં ખાસાં મજાનાં વાંકડિયાં છે; આંખે, કાને, મોઢે એવી તો નમણી છે કે બસ ! વાંસો તો પીઢિયા જેવો પહોળો ને ઘાટીલો છે, ને પૂંછડું લાંબું ને છેડે ગુચ્છાદાર છે.

ગાયને જોઈને મારે સોળે કોઠે જાણે કે દીવા પ્રગટ્યા. મને થયું : 'હા ! આવી જ ગાય જોઈતી હતી. એ જ ગાય મારે જોઈએ. એવી જ હું શોધતો હતો.'

હું તો ગાયને એકીટસે જોઈ જ રહ્યો. 'હાશ ! ઠીક થયું. આખરે જોઈતી હતી તેવી ગાય જડી. ઘરમાંથી પણ રાજી થશે. ચાલ, ગોવાળને પૂંછું કે કેટલા રૂપિયા પડશે.'

ગોવાળ તો વાંસળી વગવાડામાં મસ્ત હતો. ધીમે ધીમે હું એની પાસે ગયો ને પૂછ્યું : 'એ ભાઈ? આ ગાય વેચાઉ છે? શું લેવું છે?'

ગોવાળ મારા પ્રશ્નનો ઉત્તર આપે તે પહેલાં તો ઘરમાં ઉંદરડાએ ડબ્બો પાડ્યો ને હું જાગી ગયો.

સ્વપ્નું ઊડી ગયું પણ પેલો વડ અને ગોવાળ અને ગાયોનું ધણ અને પેલી ગાય તો આંખ આગળથી ખસે જ નહિ!

ઘરવાળીને જગાડીને બધી વાત કહી સંભળાવી. એ તો રાજીરાજી થઈ ગઈ.

ક્યારે સવાર થાય ને સ્વપ્નામાં જોયેલ ગાય જેવી ગાય શોધવા જઉં એમ મનમાં થઇ રહ્યું. ઊંઘ તો પછી ક્યાંથી આવે? આંખ આગળ પેલી ગાય ને ગોવાળ ને વડ તો ઊભાં જ હતાં. ચાર વાગ્યા એટલે તો ઊઠ્યો. ઝટઝટ દાતણ કરી લીધું, જરાક નાસ્તો કરી લીધો ને હાથમાં લાકડી લઈ કેડે રૂપિયાની વાંસળી બાંધી ચાલતો થયો.

ચાલતાં ચાલતાં ઘરમાં કહ્યું : 'એ....કદાચ ને બેચાર દિવસ થઈ જાય તો મૂંઝાશો નહિ.

રૂપિયાની વાંસળી=રૂપિયા ભરીને કેડે બાંધવાની લાંબી ને પાતળી સુતરની ગૂંથેલી કોથળી.

આ વખતે એકલો પાછો નહિ ફરું.'

હું તો ગામોગામ જોવા ઊપડ્યો. એક દિવસમાં ત્રણ ગામનાં પાદર જોઈ વળ્યો. એમ તો પગમાં જોર હતું અને મનમાં નિશ્ચય હતો કે લેવી તો એવી જ ગાય લેવી. પહેલા દિવસની સાંજ પડી ગઈ અને દિવસ ખાલી ગયો; એમ જ બીજો દિવસ પણ ખાલી ગયો. ત્રીજે દિવસે પણ પત્તો ન લાગ્યો. હવે મનને થવા લાગ્યું : 'અરે ભલા માણસ ! સ્વપ્નાં એ તો સ્વપ્નાં કહેવાય : એમાં દેખાય એવું તે ક્યાંઈ થોડું જ જડે છે ?'

પણ વાત ગળે ઊતરતી ન હતી. જાણે કોઈ ઊંડેથી કહેતું હતું કે જરૂર એવી ગાય તને મળશે.

ચોથા દિવસના ખરા બપોર તપ્યા. માથે સૂરજ નારાયણ આવ્યા. પેટમાં કુરકુરિયાં બોલવા લાગ્યાં. મોઢું સુકાવા લાગ્યું, પણ હું તો ચાલ્યો જ જતો હતો, ગાયનું નામ જપતો જતો હતો.

ત્યા તો લીલુંછમ જેવું દેખાયું. આંખ

ઉપર હાથ રાખી જોયું તો મોટો ઘટાદાર વડ હતો; એની નીચે ગાયનું ધણ બેઠું હતું. શરીર આખાનાં રૂંવાડાં હલી ગયાં. મન હરખી ઊઠ્યું : 'હાશ ! વખતે અહીં સારી ગાય મળી જાય !'

પગમાં જોર આવી ગયું. ઊડતો હોઉં તેમ ચાલતો વડ પાસે આવી પહોંચ્યો. બરોબર સ્વપ્નું જાણે સાચું પડ્યું. ધણની ગાયોમાં કેટલી યે સુંદર ગાયો હતી; એમાં એક તો ખૂબ જ સુંદર હતી. એ ગાય બીજી ગાયોની રાણી જેમ બધાની વચ્ચે બેઠી હતી. ધીરે ધીરે વાગોળતી હતી ને જ્યારે વાગોળતાં વાગોળતાં ઝોકું આવી જતું હતું ને ડોક હલી જતી હતી ત્યારે રૂપેરી ઘંટડી ટન્ ટન્ વાગતી હતી.

ગોવાળ પાસે જઈને મેં સીધેસીધું જ પૂછ્યું : 'ભાઈ! આ વચ્ચલી ગાય વેચવી છે? મારે એ લેવી છે.'

ગોવાળ મારી સામે તાકીને થોડી વાર જોઈ રહ્યો. પછી બોલ્યો : 'હા, વેચવી તો છે પણ ગાય બહુ કંટી છે. દૂધાળ તો બહુ છે, પણ

હળે તો જ દો'વા દે તેવી છે.'

મેં કહ્યું : 'મારે એ લઈ જવી છે, જેટલા રૂપિયા માગો તેટલા આપું. આ મારી કેડે રૂપિયાની વાંસળી બાંધી છે.'

ગોવાળ કહે : 'પે'લાં તમે એને લઈ જાવ. તમારે ત્યાં એ રહે ને હળી જાય તો પછી નાણું મોકલજો. મારે નાણાંની ઉતાવળ નથી.'

ગોવાળ ગાય પાસે ગયો ને ગળે હાથ ફેરવી બોલ્યો : 'લે ઊઠ, ઊભી થા, માવડી ! જા, આની સાથે જા. જોજે, પાટુ મારીશ નહિ ને શિંગડે પણ ચડાવીશ નહિ.'

હું ગાય પાસે ગયો ને મેં કહ્યું : 'લ્યો ઊઠો ત્યારે; ચાલો ઘેર રાહ જુએ છે.' ગાય ઊભી થઈ ને મારી પાછળ ચાલી નીકળી.

મારા મનનો હરખ તો ક્યાંઈ માતો ન હતો. હું તો ગાયના ગળાની ટોકરીના ટણકાર સાંભળતો હતો. મનમાં વિચારો ચાલ્યા જતા હતા :

કંટી=હડીલી, તોફાની

'આવું એક સારું મજાનું છાપરું બાંધીશ. દૂધ દોહવા માટે આવી એક ઓધડી રાખીશ. ને તેનાથી સારી એવી રૂપાની એક ઘંટડી કરાવીશ....'

સાંજ પડવા આવી ને ગામે પહોંચ્યાં. રમ-ઝમ કરતી ગાય મારી પાછળ ચાલી આવતી હતી. ગામના લોકો તો ગાયને જોઈ જ રહ્યા : 'આ તે ગાય કે હાથણી!' કોઈ કહે : 'આ તો ઈંદ્રના ઘરની ગાય લાગે છે. આ બ્રાહ્મણ એને ક્યાંથી ઉપાડી લાવ્યો હશે? કેટલા બધા રૂપિયા પડ્યા હશે?'

હું અને ગાય ઘરે આવ્યાં. ગાયે હીંહોરા કર્યા ત્યાં તો ગોરાણી ઘરમાંથી... મલકાતાં મલકાતાં આવ્યાં ને ખડકી ઉઘાડી. હાથમાં કંકાવટી હતી; કાંડે ફૂલની માળા હતી. ગાયને કંકુનો ચાંદલો કર્યો ને ગળે માળા પહેરાવી; ચોખા ઉડાડી ગાયને વધાવી ને નવું ભાંગેલું કોરું લઈ ગાયને બીજે બાંધી.

ઓવારણાં=આવરણા

હીંહોરા=ગાય ચાલતાં મોંએથી અવાજ કરે છે તે

એણે તો ગાય માટે ખડ અને પાણી આણી જ રાખ્યાં હતાં. દોહવા માટે પિત્તળનું નવું ઓધરણું ખરીદી આણ્યું હતું. નોંજણું કોરું ને કોરું પાડોશીને ત્યાંથી માગી આણ્યું હતું.

સાંજ થઈને ઝટપટ ઝટપટ ઘરવાળીએ ઓધરણું હાથમાં લીધું ને દોહવા ગઈ. આંચળ પર જ્યાં પાણી છાંટવા જાય ત્યાં તો ગાય ઊછળીને બીજી બાજુ ચાલી ગઈ.

મને થયું : 'હં ! પહેલાં ખાણ આપવું જોઈએ.' હું ખાણનું ડબલું એના મોં પાસે મૂકવા ગયો પણ મારા સામે શિંગડાં માંડ્યાં; હું પાછો હઠ્યો. ઘરવાળીનું મોં પડી ગયું હતું; હું પણ વિચારમાં પડી ગયો. પેલો ગોવાળ કહેતો હતો કે એ હળે ત્યાર પછી જ નાણાં આપી જજો, એ વાત સાચી લાગી. હું તો 'બાપો બાપો ! ગાવડી ગાવડી !' કરવા લાગ્યો ને મીઠાં વેણ બોલી વીનવવા લાગ્યો. થોડી વારે ગાય શાંત પડવા જેવી લાગી એટલે ઘરવાળીએ નોંજણું બાંધવા વિચાર કર્યો; ને નોંજણું લઈને

નોંજણું=દોહવા વખતે ગાયને પગે બાંધવાનું દોરડું

જ્યાં પગ બાંધવા જાય ત્યાં ગાયે પાટુ મારી ને બિચારી તો પડી ગઈ! અને ગાય પણ ગાંડીતૂર થઈ ગઈ. ખીલેથી દોરડું તોડાવી નાખ્યું ને ફળિયામાં દોડાદોડ કરવા લાગી. હું અચરજ પામ્યો : 'આવી કૃપાળી ગાય, દૂધે ભરેલી, ને આ શું?' મને થયું : 'ચાલ ને હું જ એને દોઉં?' પણ મને દોહતાં આવડતું નહતું. છતાં થયું : 'ચાલ, જોઉં તો ખરો, મારા પર ખિજાય છે કે નહિ?'

'બાપો બાપો!' કરતો હું પાસે ગયો. પણ એ તો ખિજાયેલી હતી. મારી પાછળ સીધી દોડી ને મને માથું મારી દીધું. જરાક ખસી ગયો, નહિ તો ભીંત ને ગાયની વચ્ચે આવી જાત તો બાર જ વાગત! હું તો નાઠો ને ખાટલે જઈ ને બેઠો. ગાય આંટા મારવા અને પગ પછાડવા લાગી.

ગોરાણીનું મોઢું તો સાવ વીલું વીલું થઈ ગયેલું. રખે ને આ ભેલ પાડોશી જાણશે તો હસશે એમ ધારી એણે ખડકી બંધ કરી દીધી હતી. અમે તો એકબીજાની સામે જોઈ

રહ્યા. બિચારાં ગોરાણીએ હોંશથી લાપશી ને વડાં કરેલાં ને ભાત સાથે ગાયનું દૂધ ખાશું એમ ધારેલું. પણ ત્યાં તો ગાયની પાડુ મળી ને ફજેતી થઈ!

હું એમ ને એમ ખાટલા પર બેસી વિચાર કરવા લાગ્યો : 'અરે! આ ગાયમાં કોઈ ખોડ તો નહિ હોય? કાં તો મને એની કોઈ ટેવની ખબર નહિ હોય? વખતે ગાયને ખાણ આપતી વેળા પંપાળવી જોઈતી હશે?'

મેં ફરી વાર હળવેથી ખાણ મૂકયું ને ગળે હાથ રાખી પંપાળવા લાગ્યો. ગાય ઢાળમાં આવી જરા ધીમી પડી ને ખાણ ખાવા લાગી. મેં ગોરાણીને કહ્યું : 'હવે નોંજણું વાળ્યા વિના હોહી લ્યો, આ ગાય જાતવાળી લાગે છે. જાતવાળી ગાયને નોંજણું ન હોય.'

ગોરાણી બોઘરણું લઈને દોહવા બેઠાં ને ઝરણ ઝરણ થતી ધોળી દૂધની સેડ્યો બોઘરણામાં પડવા લાગી; જરા વારમાં વાસણ કાંઠા સુધી ભરાઈ ગયું; ઉપર ફીણના ફીણ થઈ ગયાં. ગાય

ઢાળમાં આવવું=મન ઠેકાણે આવવું

જરા યે ન હલી કે ચલી; એ તો જેમ પંપાળતો ગયો એમ પારસો મૂકતી ગઈ, પારસો મૂકતી જ ગઈ.

પછી તો અમે જમ્યાં : લાપસી, મગ અને દૂધભાત. પણ એ ગાયનું કાંઈ દૂધ ! અમૃત જેવું મીઠું, મારી જિંદગીમાં નહિ ખાધેલું. ગોરાણીને પણ દૂધ બહુ ગમ્યું. ગાયને અમે લાપસી ખવરાવી ને થોડું દૂધ પાયું.

ઘરવાળીના પગમાં હવે જોર આવી ગયું. એણે તો વધેલું દૂધ મેળવ્યું અને વિચાર્યું : 'ક્યારે સવાર પડે ને ક્યારે ઘમ્મરવલોણું તાણું ને છાશ કરી પાડોશીને આપું !'

જમ્યા પછી મેં ગાયને નીરણ કરી. લાંબી રાત સુધી પંપાળી ને કેટલાં ય મીઠાં વેણ કહ્યાં. સૂતાં સૂતાં મને મારાં મનમાં થયું : 'ખરેખર, ગાય મારા ઘરની લક્ષ્મી છે. હું એને જીવની જેમ સાચવીશ.'

સવાર પડ્યું ત્યાં તો ગોરાણીએ ક્યારની

પારસો મૂકવો=દૂધને આવવા દેવું

છાશ કરી લીધી હતી. ગાયને દોહવાનો પણ વખત થઈ ગયો હતો.

તે દિવસે ગોરાણી પાસે બેસી હું ગાય દોહતાં શીખ્યો. બેચાર દિવસમાં મને પણ સારી રીતે ગાય દોહતાં આવડી ગઈ. પછીથી તો હું જ ગાય દોહતો જાઉં ને ગાતો જાઉં :—

'લગારેક નંદના છૈયા,
આવો મારી ગાયને દોવા રે
મારી ગાય તો તુજને હળી,
તુજને દોવા દે;
રોકડો પૈસો રોજનો કાના,
સુખથી માગી લે—
લગારેક નંદના છૈયા,
આવો મારી ગાયને દોવા રે.'

ગોરાણી તો રોજ છાશ કરે ને આડોશી-પાડોશી સૌને આપે. પહેલાં છાશ આડોશી-પાડોશીને જ પહોંચતી; પણ પછી તો ધીમે ધીમે આખી શેરી લેવા આવતી. મેં નાના ગોરસાને બદલે મોટા ગોરસા ખરીદ્યા; નાની ગોળીઓને બદલે મોટી ગોળીઓ વસાવી. એ બધો ગાયનો

પ્રતાપ હતો, ને એની શોભા હતી.

પણ ગોરાણીજીને એક દિવસ એમ થયું : 'આ આટલી બધી છાશ કરવી કરાવવી એ તો ઠીક, પણ આ બેઠાં બેઠાં સૌને છાશ આપવી તે કોને ગમે?' એને મન તો એ ઉપાધિ થઈ.

મણિ વહુ આવ્યાં ને છાશની બોઘરણી એશ-રીની કોરે મૂકી ઊભા રહ્યાં.

ગોરાણીજી જરા મોં મચકોડી બોલ્યાં : 'આ આવ્યાં, હલપતાં મલપતાં છાશ લેવાં! એમ છે કે ચાલો જઈને જરા છાશ તણાવીએ કે બે બેઢાં પાણી રેડી આવીએ!'

મણિવહુને બોટું લાગ્યું : ગોરાણીએ કહ્યું માટે નહિ પણ એની તીખાશ માટે. એ તો છાશ લઈ નીચું મોં ઘાલીને ઘેર ગયા.

જમતી વખતે ગોરાણી મારી પર જરા ઊતર્યાં : 'આ ગાય આવી ને દૂધ, ઘી, દહીં બધું ખાવાનું તો મળ્યું; પણ મારે તો છાશ લેવાવાળાં વધ્યાં તે છાશ આપીઆપીને કેડ દુખી જાય છે! બોલ્યું તો મારે એક જ વાત

હતી કે ઘરની ગાય નથી. ટીપું દૂધ વેચાતું લાવતાં અને ખાતાં. આ આટલી બધી ખટપટ તો ન હતી?'

મેં ગોરાણીને કહ્યું : 'એ તો ચડતા દિવસની નિશાની છે. ઘેર માણસો ક્યાંથી? ને છાશ લેવા આખી શેરીને બદલે આખું ગામ આવે તો તો આપણે બહુ નસીબદાર! આપણા દરબારગઢમાંથી યે આખા ગામને છાશ નથી મળતી. ખબર છે ના?'

વાત ગોરાણીને ગળે ઊતરી નહિ. વાત ત્યાં પડી રહી ને અમે જમી કરીને ઊઠ્યા.

સાંજ પડી. રોજની જેમ ગાય ઘેર આવવાની વેળા થઈ. ગાયને અમે ઝાંઝરીઓ પહેરાવી હતી. દૂરથી ગાય આવે તે સંભળાય; ઠણુકઠણુક રમઝમ કરતી ઠમકો ઝમકો કરતી ગાય આવે ત્યારે હું ખડકી ઉઘાડું ને ગાયને અંદર લઉં.

હું ગાયની આવવાની વાટ જોઈ રહ્યો. પણ ગાય આવી નહિ. આડોશીપાડોશીમાં એકએ ગાયો

હતી એ તો આવી ગઈ હતી. તપાસ કરતો કરતો ગામ બહાર પહોંચ્યું છું ત્યાં તો રાત પડવા આવી. હવે ગાયને ક્યાં શોધવી?

હું તો 'ગોરી, મોરી, લાડુ, ગાડુ, માડી, બાંડી!' એવાં મારા હેતનાં નામ આપી સાદ પાડવા માંડ્યો, પણ ક્યાંઈથી ઉત્તર ન મળે. હું એક ઝાડ નીચે બેસી વિચાર કરવા લાગ્યો.

સાંભરતાં સાંભરતાં ગોરાણીની બપોરવાળી વાત સાંભરી. મનમાં થયું: 'હુંઅં, આ લક્ષ્મી-અવતાર ગાય, આ ગોરાણી જેવી કંજૂસ ને આળસુને ત્યાં તે કેમ રહે?'

મેં ફરી બૂમ પાડી: 'એ ગાંડી, બાંડી, ગોરી, મોરી ચાલજે. ઘર ભણી.'

કોણ જાણે, પણ જાણે ઝાડ પાછળ જ તે છુપાઈ રહી હતી. ઠમકો કરતી સંભળાઈ, ને જોઉં છું તો ગાય મારી સામે જ ઊભેલી!

મેં કહ્યું: 'લે, ચાલ હવે.'

ઘેર જઈને હું ગાય દોહવા બેઠો. આંચળ બૂબ ભરેલા પણ એક ટીપું દૂધ ન પડે. મને

થયું : 'હં....આ દૂધ ચોરે છે એનું કારણ તો ગોરાણી છે – ગોરાણીનો જીવ છે.'

'એ ગોરાણી ! લ્યો, આ ગાય તો વસૂકી ગઈ ! લ્યો હવે છાશ અને દોહવાની પીડા ટળી. એક ટીપું ય દૂધ નથી આપતી. તમે જેવું ઇચ્છ્યું તેવું થયું. હું નહોતો કહેતો કે આ ગાય તો જોગણીનો અવતાર છે ? લ્યો હવે....'

ગોરાણી ખૂબ શરમાઈ ગયાં, ને મનમાં સમજ્યાં કે આવો જીવ ન રાખીએ.

પણ તે દિવસ તો ગાયે દૂધ ન આપ્યું તે ન જ આપ્યું !

ગાય આવ્યાંને એક વરસ થઈ ગયું. ઘરમાં દૂધ-ઘીની બહોંતાળ વધી, ગોરગોરાણી ને છૈયાં-છોકરાંનાં શરીર સુંદર મજાનાં થયાં. ગાયને વાછડી થઈ અને ગાય માટે ગૌશાળા બંધાઈ. ગોર મહારાજનું ઘર લીંપેલું ને ગૂંપેલું સુંદર મજાનું દેખાવા લાગ્યું. ઘરનું છાણ ને હોંશીલાં ગોરાણી ! પંદર દિવસે ગાર કરે. છાણાંનો તો ક્યાંઈ પાર ન રહ્યો; એક મોટું મોઢવું થયું.

મોઢવું=છાણાની થપ્પી

છોકરા વાછડી સાથે કૂદે ને રમે, ને ગાયના પગ હેઠે થઈને દોડાદોડ કરે.

ગાયનું દૂધ એવું હળવું ને ગુણકારી નીકળ્યું કે ખુદ ગામના રાજાને માટે પણ જાય. ગોરગોરાણી ઉપર રાજાની પ્રીતિ થઈ અને રાજાએ ગોરને રાજમાં કથાવાર્તા કરવા રાખ્યા. રાજાની પ્રીતિ થઈ એટલે તો લોકો પણ ગોરમહારાજ તરફ વળ્યા. કથાવાર્તા કરવા લોકો પણ તેમને જ બોલાવે.

સવારથી સાંજ સુધી કામ, કામ ને કામ. લોકો બિચારા ઘેર આંટા ખાય. સત્યનારાયણથી માંડીને ભાગવતની પારાયણ વાંચવાનું મારે માથે; અને ઊપજનીપજ પણ વધ્યાં. નવરાશ તો એક ઘડીની નહિ. તો યે સાંજ પડ્યે ગયો હોઉં ત્યાંથી પાછો આવું ને ગાયનું દૂધ દોહી આપું. પણ ધીમે ધીમે પૈસાનો લોભ વધ્યો. માનનો લોભ વધ્યો. મનને થયું : 'આ બે વખત ગાય દોહવાની કડાકૂટમાં વખત જાય છે, એના કરતાં રાજાને બે વાત વધારે કરું તો મન રીઝે ને બે

પૈસા વધારે મળે.' રાજના ખરેખર મારા પર ચાર હાથ હતા. એમ તો કોઈ વાર ત્યાં જવામાં મોડું થાય તો પોતાની ગાડી પણ મોકલતા. પણ આપણે તો બ્રાહ્મણ રહ્યા એટલે કાયમ પગે ચાલીને જતા.

પણ ગાયને માટે એક ભરવાડને રાખવાનો વિચાર નક્કી થયો.

બીજે દિવસે સવારે હું તો નાહીધોઈ પાઠ-પૂજા કરી દરબારમાં ગયો ને ઘેર પાંચા ભરવાડે આવી બાધરણી લીધી. બાધરણી લીધી ને ગાય કહે ક્યાં જઈશ! દોરડું તોડાવી છલંગ મારી પાંચાને શિંગડે શિંગડે ભીંતભેગો કર્યો. ગોરાણી તો બૂમેબૂમ નાખે. જીવો મહારાજ પડખેથી આવ્યા ને ભરવાડને છોડાવ્યો.

થોડી વારે ગોરાણી દોવા ગયાં. એને ય પાટુ મારીને પાડી દીધાં. 'ગાય દોવા દેતી નથી; આવીને દોહી જાઓ.' ગોરાણીએ સંદેશે મોકલ્યો. પણ હું તો ઊંચે આસને બેસી કથ

કરતો હતો. રાજની હાજરીમાં આવો સંદેશો કઢંગો લાગ્યો; જાણે કે અપમાન થતું હોય એમ લાગ્યું. મેં કહાવ્યું : 'ન દોવા હે તો કાંઈ નહિ; એની મેળાએ દેશે. હું હમણાં નહિ આવું.'

ગાય શાની દોહવા દે? આજે સીમમાં જવા માટે ખીલેથી દોરડું છોડવા પણ શાની દે? એ તો ધૂંવાંપૂંવાં થયેલી હતી.

હું ઘેર ગયો. ગાયે મને દેખ્યો ને જોર કરીને દોરડું તોડાવ્યું, ને જાણે કહેતી હોય કે 'તારે હવે રાજનું માન જોઈએ છે, ગાય નથી જોઈતી, તો હું મારે આ ચાલી!' એમ કરીને એ તો ચાલવા માંડી; ને પછી ચાલતાં ચાલતાં તો દોડવા માંડી!'

મને સૂઝયું કે પાછળ નહિ પડું તો હાથ જ નહિ આવે! હું પોથીપુસ્તક ઓશરીની કોરે મૂકીને દોડ્યો. આગળ ગાય અને પાછળ હું. દોડીદોડીને દમ નીકળી ગયો; થાકી ગયો. મેં ખૂમ પાડી કહ્યું : 'એ ગાંડી, બાંડી, ગૌઆ, ગૌઆ! હવે ઊભા રહો, આ હું આવ્યો છું.'

ગાય ઊભી રહી. મેં કહ્યું : 'ગાવડી ! એમ તે ખિજાઈ ને ભાગી જવાતું હશે ? એક વાર દૂધ દોવા ન અવાયું ત્યાં ?'

ગાવડી શરમાતી શરમાતી ઘર ભણી ચાલી. રાતના બાર વાગે વાળુમેગાં થયાં. પણ તે દિવસે ગાયે અમૃતથી મીઠું દૂધ આપ્યું, ને તે દિવસથી ગમે તે કામ હોય પણ દૂધ દોવાનું તો મેં મારે જ હાથે રાખ્યું. મેં પ્રતિજ્ઞા જ લીધી કે "મોટો રાજા થાઉં કે ઇંદ્ર થાઉં, પણ ગોવાળનું કામ તો હું જ કરીશ.'

ગાયના રૂપ અને ગુણની વાતો ચારેકોર ચાલવા માંડી. એના જેવી ગાય આખા મુલકમાં નહિ. રાજાને દરબાર પણ એવી ગાય નહિ. રાજાને એ ગાય લેવાનું મન થયું. મને કહે : "મહારાજ ! તમારી ગાય અમને આપો તો રાજદરબાર શોભે. તમે બ્રાહ્મણને ત્યાં એ ગાય નહિ શોભે.'

પણ મેં હા કેમ પડાય ! અને ના પાડી એટલે તો રાજાનો કોપ થયો ને હુકમ છૂટ્યો :

'બસ, બધું આંચકી લ્યો; ને ગાયને લાવીને દરબારમાં બાંધો!'

એમ કાંઈ ગાય મારી પાસેથી જાય? એ તો મારી પાસે ઊભી રહી તે ઊભી જ રહી. લોકો દોરડું ખેંચ્યા જ કરે પણ ખસે જ નહિ! પછી તો એ લોકોએ મને જ ઉપાડ્યો, ગોરાણીને ઘર બહાર કાઢ્યાં ને ઘરને સીલ કરી અમને જેલ ભણી ઉપડ્યાં. ગાય અમારી પાછળ પાછળ ચાલી. અમને જેલમાં પૂર્યાં અને ગાયને દરબાર તરફ હાંકી; પણ કોના ભાર કે ગાય ચાલે!

આખરે રાજા ત્યાં આવ્યો. ગાયને ઉપાડી જવાની ઘણી મહેનત કરી પણ ગાય ચાલે જ નહિ! સૌની સામે શિંગડાં માંડે.

રાજા થાક્યો ને કહે: 'આ ગાય આપણા નસીબની નથી; એને સારુ જેલ જ નાર બ્રાહ્મણના જ નસીબની છે. જાઓ, છોડી મૂકો એ બ્રાહ્મણ-બ્રાહ્મણીને. ને જવા દો ગાયને ઘેર.'

ફરીથી રાજાએ ગાયને માગી નહિ.

એક વાર એક બાવો આવ્યો. અમારે ત્યાં

બાવા, સાધુ, ફકીરો બહુ આવતા; અને હવે તો પ્રભુ પહોંચતો હતો એટલે સૌને અમે હેત કરીને રાખતાં.

બાવાજીએ ગાયને દીઠી ને મન ચળ્યું. મારી પાસે માગણી કરી: 'મહારાજ! માગો તેટલા રૂપિયા આપું પણ આ ગાય આપો.'

મેં કહ્યું: 'જોઈએ તો મારી જિંદગી લ્યો, પણ આ ગાય ન આપું.'

બાવાએ મંત્રતંત્ર શીખવવાનું કહ્યું; બાવાએ જોગયોગ શીખવવાનું કહ્યું: રિદ્ધિસિદ્ધિનો માર્ગ બતાવવા વચન આપ્યું; ઘણી લાલચ આપી. પણ મેં ના જ ભણી.

બાવાએ કહ્યું: 'તો હું શાપ આપું; તારું ધનોતપનોત થઈ જાય!'

મેં કહ્યું: 'તારાથી થાય તે કરી લે. આ ગાય તો તને નહિ જ આપું. એ તો જીવ સાટે છે. એ મારા ઘરની કામદુધા છે; મારું ધન છે; મારા ઘરની શોભા છે.'

કામદુધા=ઇંદ્રની ગાય; જે માગીએ તે આપે તેવી ગાય

બાવાજી નરમ પડ્યા. રાતે વાળુ કરીને સૂતા. મધરાતે ધફ્ ધફ્ કરતો અવાજ થયો ને જાગીને જોઉં છું તો બાવાજી ગાયના પગ તળે છે અને ગાય તેને ખૂંદે છે ! મેં કહ્યું : 'હું, હું, ગાંડી બાંડી ! જવા દે. એવો લોભ તો માણસ માત્રને થઈ જાય છે.'

ગાયે બાવાજીને છોડ્યા અને બાવાજી જીવ લઈને નાઠા. બાવાજી ગાયને ચોરી જતા હતા, તે તેમને જ ભાગી જવું પડ્યું !

આ ગાયની વાતો તો દેશપરદેશ ચાલેલી, અને એથી જ આવા બાવાજી જેવા એને જોવા ને લઈ જવા આવતા. કોઈ કોઈ વાર તો વળી રાજદરબારોમાંથી છૂપા વેશે માણસો આવતા અને ગાયની માગણી કરતા. મારા મનમાં કાંઈ કાંઈ થઈ જતું. આ લોકોની દાનત તો ગાયને પોતાને આંગણે બાંધવાની હતી. એવી સુંદર ગાય તો કોને ન ગમે ? આથી લોકો આવે અને ગાયને વખાણે અથવા માગે તો મને જરા યે ન ગમતું. શા માટે ભાઈ નકામો

મને તકલીફ આપે છે? એ લોકોને તો વચ્ચન નાખી જોવાનું હતું, પણ મારે તો મારું ઘર હારી જવા જેવું હતું.

દિવસે દિવસે આ બાબતમાં મને નિરાંત આવતી ગઈ.

એક દિવસ સીમમાંથી આવતાં ગાયને ખૂબ મોડું થયું. હું સીમ આખી તેને શોધવા રખડ્યો. ક્યાંયે પત્તો લાગ્યો નહિ. 'કોઈ એને લઈ ગયું હશે? કોઈએ વખતે પરાણે ખીલે બાંધી દીધી હશે?'

હતાશ થઈને ઘેર આવું છું તો ગાય આવીને ઊભેલી! મને ખબર પડી કે સંગ્રામપરનો ગરાશિયો એને બાંધીને લઈ ગયેલો, પણ ગાય તેને શિંગડે ચડાવી ભાગી આવી.

તે છતાં ગાયની મને બહુ ચિંતા રહેતી. ગરાશિયો લઈ ગયો તેથી ઊલટી ચિંતા વધી. મેં ગાયને સીમમાં મોકલવાનું બંધ કર્યું. મને થયું કે હવે ગાયને કોઈ હાંકી જશે નહિ.

એકબે દિવસ ગાય ઘેર રહી; પણ ત્રીજે દિવસે સવારે જોઉં તો એ તો તોડાવીને સીમમાં

ગઈ છે! ત્રણ દિવસ સુધી પાછી આવી નહિ. શોધતાં શોધતાં મને એક ઝાડ નીચે બેઠેલી જડી. ગામડાનાં લોકો કહે: 'આ તે કાંઈ ગાય છે! ખાતી નથી, પીતી નથી, ને નિસાસા મૂક્યા કરે છે. અમે ખવરાવ્યું પણ ન ખાધું. પટેલે ખડ નાખ્યું પણ ન ખાધું; મુખી એને ઘેર લઈ જવા આવ્યો પણ કેમે કરી ન ગઈ!'

મને દેખીને ગાય કૂદતી નાચતી મારી પાસે આવી ને માથું છાતીએ અડાડી ઊભી રહી. જાણે કે કહેતી હોય; 'મને કોણ ઉપાડી જનાર છે? ને હું તને મૂકીને ક્યાં ભાગી જઉં એવી છું? બીલો તોડાવીને ભાગી પણ પછી તો અહીં જ બેઠી છું. ગરાશિયો મને શું લઈ જતો'તો?'

મેં ગાયને પંપાળી; માથે હાથ ફેરવ્યો; હાથમાં લઈને ઘાસ આપ્યું. ત્રીજે દિવસે ગાયે અપવાસ તોડ્યો; મારે પણ ત્રીજો અપવાસ ચાલતો હતો. મેં એનું દૂધ પીઈને પારણું કર્યું.

હવે અમારા ગામમાં ગાયનો મહિમા ખૂબ વધ્યો છે. અમારી ગાય તો કામદુધા જ કહેવાય

છે. પણ ઘરઘરની ગાયો પણ પૂજાવા લાગી છે. ઘેરઘેર ગાયમાતાની સેવા થવા લાગી છે. આખા ગામમાં એવું ઘર નથી કે જ્યાં ગાય નથી. ગાયની પાછળ વાછરુ છે, સવારે ગાયનું ધણ સીમમાં જાય છે, સાથે અમારા છોકરા ને છોકરીઓ જાય છે. સીમ એટલે તો જાણે વૃન્દાવન ! ગાયો બધી ઠાર ઠોર બેસે છે ને વાગોળે છે; ઘડીક કૂદે છે ને ઘડીક દોડે છે; ને દોડે છે ત્યારે ગળાની સુંદર ઘંટડીઓ ટન્ ટન્ વાગે છે.

છોકરાઓ અને છોકરીઓને ભાત દેવા એની માતાઓ જાય છે; વખતે બાપાઓ પણ જાય છે. હોંશીલા ભાઈઓ અને બહેનો તો ગાયોને માટે પણ કંઈ કંઈ લઈ જાય છે.

સાંજે ગોધૂલિક સમયે ગાયોનું ધણ પાછું આવે છે. મોઢા આગળ અમારી ગાય હાથી જેમ ચાલી આવે છે; પાછળ બીજી ગાયો ય મહાલતી મહાલતી આવે છે. અમારું ગામ તો ગાયોનું થઈ ગયું ને અમે બધા તો જાણે ગોવાળો થઈ ગયા છીએ !

ગોધૂલક્ષ=સાંજ; પાછા ફરતા ગાયોના ધૂળ ઊડે તે વેળા

આ બધી ગાયો હીંહોરા કરે છે ને ઘરને આંગણે રહેલાં વાછરુઓ સામેથી હોંકારો આપે છે. અને સાંજ પડ્યે ઘેરઘેર તાંબડીમાં મીઠી દૂધની સેડો ઝરણઝરણ પડવા માંડે છે.

ગાયોનાં દૂધ અને રોટલાનાં વાળુ ઠાંઈ મીઠાં લાગે છે !

ગાયોના વધ્યા દૂધનાં દહીં થાય; દહીંમાંથી છાશ, માખણ ને ઘી થાય. ગામમાં ઘી-દૂધની બહોંતાળ છે. ઘી-દૂધ અમારું ધન છે. છોકરાં ઘી-દૂધ ખાઈ જાડાં થયાં છે. આ બધું ગાયોના પ્રતાપે – એની સેવાના પ્રતાપે છે.

જય જય, ગૌરી માતકી જય !

મોતિયો

ગિજુભાઈ

મોતિયો

મોતિયો કાંઈ જેવોતેવો ન હતો. બહાદુરનો બેટો હતો.

અમસ્તો ધસધસાટ ઊંઘ્યા કરે, પણ જરાક સંચળ થયો કે કાન માંડ્યા જ છે. પછી તો એ.... ચાલ્યું : ભસ્ ભસ્ ભસ્. ચોરના શા ભારે કે પાસે ઢૂંકે ! વખતે ચોર પાસે આવ્યો હોય તો મોતિયો કાંઈ મૂકે ? ઝપ લઈને પિંડીએ બાઝે, તે માંસનો લોચો લઈને જ છૂટો પડે !

મોતિયો ચોરનો દુશ્મન ખરો; પણ નાનાં બાળકોનો તો પાકો દોસ્ત.

બાળકો એની ઉપર ઘોડો પલાણે; કાન પકડીને એને ઊંચો કરે; પૂંછડી ઝાલીને ખેંચે. તો ય મોતિયો બોલે નહિ. બોટાં બોટાં બટકાં ભરે ને ગેલ કરે. વખતે વળી કોઈનું મોઢું યે ચાટી જાય.

સંચળ=હાલચાલ
ઢૂંકવું=આવવું
ગેલ=લાડભરી રમત

મોતિયાને તો ઘણું ઘણું આવડે. દડો લાવતાં આવડે. મોંમાં ફાનસ લેતાં આવડે ને બે પગે ઝાડ થતાં ય આવડે. એને ઝાડ કરવો હોય તો હાથમાં રોટલીનો કટકો રાખીને ઊભા રહેવું. પછી જોઈ લ્યો ભાઈની મજા ! ભાઈ કૂદકેકૂદકા મારે.

મોતિયો તો જ્યાં જઈએ ત્યાં સાથે ને સાથે. શેઠની સાથે ચાલે છે તે જાણે પોતે મોટો શેઠ થઈ ગયો હોય એમ આમ-આમ રોફબંધ ચાલ્યો આવે.

બીજાં કૂતરાં ભલે ને ભસ્યાં જ કરે, મોતિયો તો જાણે હાથી !

જરાક ટાઢ તો વાય પણ મોતિયાને શિયાળો ગમે. ઉનાળો આવે કે ભાઈના બાર વાગે. ભાઈ-બંધ ભીની જગ્યા શોધે. કાં તો કોઠી પાછળ બેસે, કાં તો પાણિયારા પાસે જાય ને કાં તો કૂંડીમાં જ બેસે. પછી ભાઈ'શાબ હેં હેં હેં હાંફે; મોટી બધી જીભ લબડ્યા કરે. ભાઈને કાંઈ ગમે નહિ એટલે બગાં ઉપર ખિજાય ને એને વડચકાં ભરે. તડકામાં તો તોબા તોબા થાય. સાંજ પડે ત્યારે ભાઈમાં જીવ આવે.

મોતિયો તરિયો જબ્બરો. નદી જુએ કે

ઝાલ્યો ન રહે. આ પાણીમાં પડ્યો જ છે ! માળો ચાર પગ કાંઈ એવા તો હલાવે કે જાણે દરજીનો સંચો ચાલ્યો ! અમે તો એને ઘણું બોલાવીએ : 'મોતિયા, મોતિયા ! તૂ, તૂ, તૂ !' પણ પાણી-માંથી નીકળે તો કે ? કોણ જાણે મોતિયાને એટલું બધું તરવું કેમ ગમતું હશે ! પાછો થાકે ય નહિ.

મોતિયો ખરો છે !

'ભાઈબંધ કાળિયા કૂતરા ! તૂ, તૂ, તૂ !
જઈ બાઝ મે'તાને પગ.
અમને મારીને શીખવે છે—
ક, ખ, ગ, ઘ, ચ,
ભાઈબંધ કાળિયા કૂતરા ! તૂ, તૂ, તૂ !'

❋

મારું ડિક્કુ સુંદર હતું, આંખેનાકે નમણું હતું. ડિક્કુ રંગ ધઉંલું હતું. ખૂબખૂબા ધક્કુડું હતું; ડિક્કુ દોડવામાં બહુ હોંશિયાર. જરાક છૂટું મૂક્યું કે ચાર પગે જાય ભાગ્યું. જઈને 'બા'ને બચબચ ધાવવા માંડે. પછી ત્યાંથી શાનું છૂટે? એ તો એંચીને તેડી લઈએ ત્યારે.

ડિક્કુ ખુશી થાય તો લાંબી એવી જીભ કાઢે ને આપણું મોઢું ચાટે.

બચબચ કરીને બોલાવીએ ત્યાં તો પૂંછડી એવી તો હલાવે કે જાણે તૂટીને હેઠી પડશે!

થોડીક વાર બહાર જઈને આવીએ ત્યાં તો ડિક્કુ દોડતું સામે આવે. ક્યેડ તો એવી હલાવે કે બસ! પાસે આવીએ એટલે ઠેકડો મારીને છાતીએ પગ મૂકે.

'બસ, બસ!' કહ્યા જ કરો ને! પણ એ બસે ત્યારે ના?

ગામ જઈને પાછાં આવીએ ત્યારે તો ડિક ગાંડું ગાંડું થઈ જાય.

એકલું એકલું રહીને મૂંઝાઈ ગયું હોય. આપણને આવ્યાં દેખીને પડખામાં બેસે ને ઉં.... ઉં.... કરીને એવું તો રડે કે આપણને થાય કે હવે ગામ જતી વખતે એને સાથે જ લઈ જવું.

કોઈ વાર ડિક આમઆમ ડોક હલાવીને જાણે કે વાતો કરે.

આંખમાં તો હેત સમાય નહિ. આંખો ફાડેલી ને ફાડેલી રાખે, ને આપણી આંખ સામે જોયા જ કરે.

ડિક કોઈ વાર ખિજાઈ જાય. એક વાર ખિજાઈને પેટી નીચે પેસી ગયું. અમે તો લાકડી લઈને ઘોંકા મારવા માંડ્યાં. એ પણ ખિજાયું. એકબે જણને બાખોડિયાં ભરી ગયું.

પછી તો બહાર નીકળીને ખૂબ શરમાઈ ગયું. ગોદમાં ભરાઈને ઉં...ઉં....કરવા માંડ્યું : જાણે માફી માગતું હોય !

અમે જાણીએ કે ડિક બીકણ છે; અમારી પાછળ પાછળ જ ચાલ્યા કરે. પણ જ્યાં કોઈ એની નોતનું સામે મળે ત્યાં તો ભાઈ એવો

ફૂદકો મારે, ને નાતીલાને એવી તો બચીઓ લેવા માંડે, કે બિચારું નાતીલું ક્યાંનું ક્યાં નાસી જાય !

અમને થાય કે ડિકને આપણે ઘી ને ગોળ ને એવું ખવરાવીએ; પણ ભાઈ ને તો ટાઢા રોટલા ભાવે, ખીચડી ભાવે, થૂલી ભાવે.

અમે એને મજેની થાળીમાં પીરસીએ પણ ભાઈ તો બે પગ વચ્ચે રોટલી લઈ ને ધૂળમાં મૂકીને ખાય.

ને ચાવે કોણ ? આ હઈ હઈ બધું ગળે ઉતારી જાય; પાણી પીએ તો ભાઈબિંધ ઠીબમાંથી પીએ : ચપ, ચપ, ચપ.

જમીકારવીને કોગળા યે કોણ કરે ? ને રૂવાલથી હાથે કોણ લૂછે ? એ તો આ મોટી જીભ કાઢીને ચાટવા માંડ્યાં કે બધું સાફ !

રોટલીનો કટકો ધરી રાખીએ પછી જોઈ લ્યો ભાઈની મજા ! ઠેકડેઠેકડા મારે. પણ એમ રોટલી હાથમાં આવે ત્યારે ના ?

પછી તો આમ ઊંચું મોઢું રાખીને રોટલીને જોયા કરે.

પણ અમને ડિક બહુ વહાલું. અમે એને

કાંઈ ટગાવ્યા જ થોડું કરીએ ? પછી તો રોટલી આપી દઈએ.

ક્યાંઈ 'મ્યાંઉ' સંભળાય તો ભાઈના કાન ઊંચા થાય.

એ તો દોટ કાઢીને પહોંચે. જાણે હમણાં જ પકડી વીંખી નાખું ! ચકલાં ને કાબર ઉડાડવાની યે ભાઈ ગમ્મત લે.

બગાં કે માખીને પકડવાનાં ભાઈ ફાંફાં મારે ત્યારે જોયા જેવું થાય.

આપણને ખબર ન પડે કે ભાઈશા'બ ઊંઘે છે કે જાગે છે, પણ 'ચૂં' કરો ત્યાં તો પૂંછડી હલી જ છે; 'સિત્' બોલો ત્યાં તો ભાઈ ઊભા થયા જ છે; ને 'હુડ્ડો' કહીએ કે ભાઈએ દોટ કાઢી જ છે !

અમારી અને ડિકની બોલી તો અમે જ જાણીએ.

'તૂ, તૂ !' કરીએ એટલે ભાઈ દોડ્યા આવે; ને 'હડ હડ' કરીએ એટલે ભાઈ ચાલ્યા જાય.

બાકી 'ડિક' કાંઈ પોપટ નથી કે એને પઢાવી શકાય.

બહુ બહુ બોલે તો 'વોહ, વોહ !' કરીને

ગામ ગજવે.

સાહેબલોકો 'ટિપુ સુલતાન' ને એવું નામ રાખે ત્યારે અમે ય એને 'ડિક' એટલે 'ડિક્ન્સર સાહેબ' એવું નામ આપ્યું છે. અમે ય સાહેબલોકો જેવા ગાંડા તો ખરા જ!

ટીકુનું ગલુ

ગલુને દેખી ટીકુ રાજીરાજી થઈ જાય.

બચુને કહે : 'બચુ, ગલુ ! બચુ, ગલુ !'

બચુ ગલુ લેવા ન જાય તો 'એં એં' કરે; બચુ ગલુ લેવા દોડે એટલે હસી પડે.

ગલુ મોઢા આગળ ને બચુ પાછળ.

ગલુ કાંઈ એકદમ પકડાય નહિ. પણ બચુ કાંઈ પકડ્યા વિના રહે ? ટીકુ તો જોયા જ કરે કે ગલુ કેમ પકડાય છે. ગલુ દોડે ત્યારે પોતે ય જાણે દોડતી ન હોય ! આંખો તો ગલુની વાંસે વાંસે જ જાય.

બચુ ગલુને લાવે ત્યાં તો ટીકુ ખુશખુશ ! ઊંચીનીચી થાય ને હાથપગ હલાવવા માંડે. ગલુને ખોળામાં બેસારે, ગળે પકડે, કાન ઝાલે, પગ ઝાલે ને પૂંછડી પકડે. ગલુ પણ ગાંડું. ઘડીક આમ જાય ને ઘડીક તેમ જાય; અધઘડી યે બેસે

ગલુ=કુરકુરિયું

ત્યારે ના ?

ગલુ જરાક ચાલે ત્યાં તો ટીકુની આંખમાંથી આંસુ પડે. ટીકુને તો એમ કે ગલુએ હલવું યે નહીં ને ચલવું યે નહીં. બસ, એના જ ખોળામાં બેસી રહેવું ! પણ ગલુ કાંઈ એનું નોકર છે ?

ગલુ મોજમાં હોય તો પૂંછડી હલાવે; મોજમાં હોય તો ટીકુનું મોં ચાટવા જાય ને એની આંગળીઓ પણ ચાટે. ટીકુને બધું મીઠું મીઠું લાગે. ગલુને બચીઓ પણ લે બરી ! એના બાપા યે નાના હતા ત્યારે ગલૂડિયાને બચી લેતા, પછી ટીકુ કેમ ન લે ?

ગલુને દોરી બાંધી ટીકુ ફેરવે. પોતામાં શક્તિ નહિ ને ગલુને રાખવા જાય. ગલુ જોર કરી તણાવે ને ભાગે એટલે બેનબા હેઠાં પડે કે ઢસડાય. પછી રોવાનું જ તો !

ગલુ જ્યારે ભાગી જાય ત્યારે બીજાને મન ગમ્મત થાય પણ ટીકુનો તો જીવ જાય. એવી તો રોવા માંડે ! 'ગલુ, ગલુ, ગલુ !' કરીને પોક મૂકી સિસાઈને ભોંયે આળોટે.

ગલુને ટીકુ બવરાવે, પિવરાવે ને પાસે રાખે. પણ ગલુને તો મોતી ગમે. મોતી ગલુની બા. ટીકુને

એની બા ગમે તો ગલુને મોતી ન ગમે ? ગમે જ તો !

ટીકુ મોતીને બોલાવે : 'બોતી, બોતી !'

મોતી યે ટીકુની ઓળખીતી છે. નામ સાંભળીને આવ્યા વગર ન રહે. પૂંછડી હલાવે, સામે જુએ, ઓળખાણ કાઢે ને વહાલ કરે.

મોતી જાય મોઢા આગળ ને પાછળ દોડે એનાં ગલુ : બે કાળાં ને એક રાતડું.

કોઈકિ વાર ટીકુ ત્રણે ગલુને રમાડે છે. રાત પડે ને ટીકુ પણ એને જે મોતી ને એનાં ગલુની વાત કરીએ તો છાની રહી જાય.

ગલુ ટીકુને બહુ ગમે. પોતાની જેવડું નાનું ને પોતાના જેવું જ રમતિયાળ : એને વાંચતાં ન આવડે ને ટીકુને ય ન આવડે; એને ચીતર કાઢતાં ન આવડે ને ટીકુને ય ન આવડે !

બેઉને પોતાની બા બહુ ગમે.

મારી બિલાડી

બિલાડી ક્યાં વિયાઈ હતી એની તો ખબર નથી, પણ એક દિવસ એનાં બચ્ચોળિયાં લઈને અમારે ત્યાં આવી.

બા કહે : 'એ રોયાં જ્યાં ત્યાં હગી મારશે ને બધું ગંધાઈ ઊઠશે !'

બાપા ઊઠ્યા ને લાકડી લઈને બિલાડી ને એનાં બચ્ચાંને હાંકી કાઢ્યાં. હું તો રોવા જેવો થઈ ગયો.

બાપાને કહું તો વઢે. ને એમને કહેવા પણ કેમ જવાય ?

બાપાથી અમે બધાં એવા બીતાં કે વાત કરો મા.

કોઠારમાં જઈને હું બેઠો; મારી આંખમાંથી એકબે આંસુ પણ પડી ગયાં. ત્યાં તો 'મ્યાંઉં મ્યાંઉ' થયું.

મેં કહ્યું : 'શું બિલાડી પાછી આવી?'

ફૂદકો મારીને ઊભો થયો : બહાર જઈને જોયું તો કાંઈ ન મળે.

બા કહે : 'અલ્યા! શું દોડ્યો'તો?'

મેં કહ્યું : 'કંઈ નહિ; એ તો અમસ્તો.'

વળી પાછો કોઠારમાં જઈને બેઠો. ફરી વાર 'મ્યાંઉં મ્યાંઉં!'

આમતેમ ફરીને જોઉં ત્યાં તો કોઠી પાછળ એક બચોળિયું બેઠેલું.

એની મા એને લેવું ભૂલી ગઈ હશે.

મને થયું : 'હાશ! ઠીક થયું. એક તો રહ્યું છે ને!'

બાને કહ્યું : 'બા! આને હું પાળીશ. તું બાપાને કહેજે કે કાઢી ન મૂકે.'

બા કહે : 'રોયા! હગી મારશે તે કોણ ઊસડશે? ઠીક છે, બે દિવસ રાખવું હોય તો રાખજે; પણ પછી કાઢી મૂકીશ, હો!'

બચોળિયું ઘરમાં રહ્યું.

બચ્ચોળિયાનું નામ મેં મગન પાડ્યું. એ મીંદડો હતો.

મગન ભલેા બાહુ. ગમે તેમ ઉપાડેા ને, ન બોલે કે ન ચાલે.

નાની નથુ તેા એને પૂંછડીથી જ પાછેા ખેંચે. મગન ભોંયમાં નહેાર ભરાવીને ઊભેા રહે, પણ કરડે નહિ.

કાકીના ઘરમાં એક બિલાડી છે, એને અડવા જઈએ તેા ઘુરરર કરતી સામી થાય ને બાખેાડિયાં ભરે.

કાકીની બિલાડી તેા છાનીમાની ઘી ચાટી જાય, દૂધ પણ પી જાય.

મગન તેા એવેા કે ગમે તે પડ્યું હેાય પણ એની સામે ય ન જુએ ! એ તેા આપીએ તેા જ ખાય–પીએ.

કાકીની બિલાડી જ્યાં ત્યાં બગાડી મૂકે. મગનને તેા મેં પહેલેથી જ શીખવ્યું છે કે એને માટે તેા બહાર જ જવાય. મગનને બાંધ્યેા હેાય ને પેશાબ કરવા જવું હેાય તેા ઉં....ઉં....કરીને

મને ખબર આપે.

રાતે અમે એને કોઠારમાં પૂરીએ છીએ. ઉંદરમામા આવ્યા કે એના બાર જ વાગે! મગનની ઝપટમાંથી બચે ખરા કે?

મગન એવી આંખો મીંચે ને સૂઈ જાય કે જાણે મરી ગયો છે! પણ ઉંદરમામાની તો એને વાસ આવે. ઉંદરમામા જાણે કે મગન કાકા ઊંઘે છે. ચાલો જરા મસ્તી કરીએ. પણ ત્યાં તો મગન એવી છલંગ મારે તે દોડાદોડ થઈ પડે!

પણ મગનભાઈની બધી બહાદુરી કૂતરાભાઈને દેખતાં ચાલી જાય.

ભાઈ કૂતરાભાઈને ડરાવવા તો જાય, પણ કૂતરાભાઈ કાંઈ એનાથી બીએ? એ તો દોટ કાઢીને મગનભાઈને ગળે જ પકડે!

બાકી બિલાડીઓ સાથે લડવું હોય તો મગનભાઈ શૂરાપૂરા! ઘુરૂરૂરૂ ઘુરૂરૂરૂ અવાજ કાઢે, પૂંછડી જાડી કરે ને પછી એવી ચીસ પાડીને ઊતરી પડે કે બસ!

બે બિલાડાં લડે ત્યારે જોવા જેવું થાય

છે. કેમે ય કરીને છૂટાં પડે જ નાહ. લાકડી મારો તો યે શું ? ઊલળી ઊલળીને બાઝે; એકબીજાંને એવાં તો બટકાં ભરે !

પણ તમે જો એના ઉપર જરાક પાણી છાંટો તો બંને જણા ભાગે. પાણી દેખતાં બિલાડી ભાગી જ જાય !

એક વાર ભારે ગમ્મત થઈ. મગનને એનો ભાઈબિંધ ચમન મળવા આવ્યો. ચમનને દૂધ બહુ ભાવે. અમારા ઘરમાં એક કળશો હતો. એમાં દૂધનું ટીપું પડયું હતું. ભાઈએ એમાં મોઢું નાખ્યું; મગન તો નાખે એવો છે જ નહિ. ચમને મોઢું તો નાખ્યું ને દૂધ પણ ચાટયું. પણ પછી માથું બહાર કાઢવા જાય ત્યાં કાન આડા આવે ! ચમન તો ફૂદકેફૂદકા ને ઠેકડેઠેકડા મારે; કશું દેખાય નહિ એટલે આમ જાય ને તેમ જાય. ત્યાં તો અમને ખબર પડી. ચારે કોર ધમચકરડી થઈ રહેલી ! ચમને જ્યાં ત્યાં ચડી-ઊતરીને કેટલું યે તોડીફોડી નાખેલું ! મગન મ્યાંઉ મ્યાંઉ કરે પણ એનાથી શું થાય ?

મારા કાકા એકદમ દોડયા. ચમન ઉપર

લૂગડું નાખીને એને પકડી લીધો. પછી એનું ગળું પકડી બીજે હાથે લોટો જોરથી ખેંચ્યો. ખૂબ જોર કર્યું ત્યારે મોઢું બહાર આવ્યું. પછી તો યમન ભાગ્યો તે ભાગ્યો ! ફરી કોઈ દિવસ મગનને મળવા જ ન ગયો !

⁂

પાંચાની બકરી

ભલેા બિચારેા પાંચેા, કેાઈ કેાઈ વાર દિલ-ગીર થઈ જતેા. મનમાં વિચારતેા કે ‘ શા માટે એ નાસી જતાં હશે ? મારે ત્યાં શી ઊણપ હશે ? ’

છ બકરાં આ રીતે નાસી ગયેલાં. પણ હજી પાંચેા નિરાશ થયેા ન હતેા. સાતમું બકરું ખરીદ્યું : એમ ધારીને કે પહેલેથી એ હળી જાય ને એને નાસવાનું મન ન થાય.

બકરું પાંચાને ત્યાં રહ્યું અને મેાટું થવા લાગ્યું. બકરું રૂપાળું હતું. એની નાની દાઢી અને કેામળ આંખેા બધાંને ગમતાં. એના પગ કાળા હતા; ચાલ હળવી હતી; ખરીએા ઉપર પટ્ટા હતા અને આખે ડિલે લાંબા ને ધેાળા વાળ હતા. બકરું બહુ ભલું, હેતાળ ને ગમતી હતું. જે દેાહે તેને દેાહવા દેતું; પાટુ મારી વાસણેા ઢેાળાવી નાખતું નહિ. બકરું ઘણું સુંદર હતું.

ઘર પછવાડે એક નાનીશી વાડી હતી; એને ફરતી વાડ હતી. ત્યાં પાંચો બકરાને લાંબે દોરડે બાંધતો, તે વારંવાર બકરાની ભાળ લેવા જતો. બકરું ઘણું સુખી હતું અને મનથી ઘાસ ચરતું. પાંચો પણ રાજી રહેતો. તેને થયું : ' આખરે આ બકરું હળ્યું ખરું ! હાશ, હવે એ રહેશે; હવે એને ઘરનો કંટાળો નહિ આવે. '

પણ પાંચાનું માનવું ખોટું પડ્યું.

એક દિવસ બકરું વાડીમાં ચરતું હતું. તેની આંખો દૂરના ભૂરા ડુંગરા ઉપર પડી. મનમાં વિચારો આવ્યા : ' આહા ! ત્યાં હોઈએ તો કેવી મજા ! મને છૂટું રહેવું અને આમતેમ કૂદવું બહુ ગમે છે. હા, ગધેડાઓ અને ગાયો ભલે ડબામાં પુરાઈ રહેતાં, પણ બકરાં તો છૂટા જંગલમાં હોય. '

વાડીનું મીઠું ઘાસ બકરીને મીઠું લાગ્યું નહિ; તે કંટાળવા લાગ્યું. ધીમે ધીમે તે પાતળું પડ્યું. આખો દિવસ તે લાંબી દોરી ખેંચ્યા કરતું અને ટેકરીઓ સામે જોઈને નિસાસો નાખતું. થાકીને દિલગીર થઈ બેંબેં કરીને બંધ

ભાળ=સંભાળ; ખબર

પડી જતું.

પાંચાને લાગ્યું : 'જરૂર બકરીને કંઈક થયું છે.'

શું થયું છે તે પાંચાને સમજાયું નહિ. પાંચો પણ મૂંઝાતો હતો; બકરીને દિલગીર થયેલી જોઈને તેનું મન દુભાતું. બકરું હવે ગેલ કરતું નહિ; હવે તેને જોઈને કૂદતું કૂદતું સામે આવતું નહિ.

એક દિવસ પાંચો દૂધ દોહતો હતો. બકરી-એ આસ્તેથી કહ્યું : 'પાંચા ! મને હવે અહીં રહેવું નથી ગમતું. પેલી ટેકરીઓમાં મને જવા દે ને ?'

આ સાંભળી પાંચાની છાતી ભોંકાઈ ગઈ. તેના હાથમાંથી તાંબડી પડી ગઈ. તે બોલ્યો : 'અરે પ્રભુ ! આ બકરી પણ....'

બકરીની પાસે ઘાસ ઉપર જ તે બેસી ગયો, ને ગળગળો થઈ બોલ્યો : 'અરે રૂપકડી ! તું પણ ચાલી જઈશ ? મને છોડીને જઈશ ?'

'હા પાંચા ! જઈશ.'

'અહીં લીલું ઘાસ નથી મળતું ?'

'મળે છે. પણ....'

'ત્યારે આ દોરડું ટૂંકું પડે છે? તને લાંબે દોરડે બાંધું?'

'એનું મને કંઈ નથી. પણ....'

'ત્યારે તને શાની બીક છે?'

'મને કશાની બીક નથી, પણ મારે તો પેલી ટેકરીઓમાં જવું છે.'

'પણ ટેકરીઓમાં તો વરુ રહે છે. વરુ તને મારી નાખશે. પછી તું શું કરીશ?'

'હું એને મારાં શીંગડાંથી મારીશ.'

'તારાં શીંગડાંનો વરુને શો હિસાબ છે? તારા પહેલાં છ બકરીઓ આમ જ નાસી ગઈ હતી. આખી રાત તેમણે વરુ સાથે લડયા કર્યું, ને આખરે વરુએ એને ફાડી ખાધી.'

'કાંઈ ફિકર નહિ. પણ મારે એક વાર ટેકરીઓમાં જવું તો છે જ.'

પાંચાએ કહ્યું: 'ના, એમ હું નહિ થવા દઉં; મારાથી એ નહિ બને. તને ગમે કે ન ગમે, હું તને બચાવીશ જ. આજથી હું તને તબેલામાં જ પૂરી રાખીશ. હવેથી દિવસરાત તું ત્યાં જ રહેજે.'

એક અંધારિયા તબેલામાં પાંચાએ બકરીને

બાંધી, બહારથી તાળું ઠોંકયું ને નિરાંતે ગયો.

બકરી એકલી રહી. આમતેમ જોવા લાગી. 'ક્યાંઈથી નાસી છૂટવાનું બારું ? એ પેલી બારી. ઉઘાડી જ છે ને ! ચાલ, ત્યાંથી જ કૂદું અને નાસી જાઉં.'

થોડી વારમાં બકરી ટેકરીઓમાં જઈ પહોંચી. પોતે જાણે કે ખુશીખુશી થઈ ગઈ ! આજે આખું જંગલ બહુ સુંદર દેખાતું હતું. મોટાં મોટાં ઝાડો જાણે તેને કહેતાં હતાં : 'આવો આવો, બકરી-બેન ! આવો આવો.' છોડોની ડાળીઓ જાણે બકરીને કહેતી હતી : 'અહીં બેસો, અહીં બેસો.' ફૂલો બકરીને જોઈને હસતાં હતાં; અને લીલું મજાનું ઘાસ કેટલું બધું ખુશનુમા હતું ! આખું જંગલ જાણે કે ખુશીખુશી હતું.

ટેકરીઓ ઉપર બકરી તો કૂદી જ રહી. ઘડીક આ ટેકરેથી પેલે ટેકરે ને પેલે ટેકરેથી આ ટેકરે. વરુ અને બીકની વાત બકરી ભૂલી જ ગઈ હતી. આજે તે છુટ્ટી છુટ્ટી થઈ હતી; ખુલ્લા મેદાનમાં આવી હતી.

રમતાં રમતાં તેની નજર પાંચાના છાપરા તરફ ગઈ. તે બોલી : 'કેટલું નાનું ઘર ! હું

ત્યાં કેવી રીતે રહી શકી હોઈશ ? ત્યાં રહેવું કેમ ફાવે ? '

બપોર તેને હરણનું એક ટોળું મળ્યું. હરણ ધોળી બકરી જોઈને ખુશખુશ થઈ ગયાં. તેમણે તેને ફૂણી ઘરો આપી. ઘડીકમાં તો એક હરણનું બચ્ચું ને બકરી ભાઈબંધ થઈ ગયાં. વાતો કરતાં કરતાં તેઓ લીલી હરિયાળી જમીન ઉપર ઊંચાં ઊંચાં ઝાડોની છાયામાં કેટલે ય સુધી ફર્યાં.

પણે ધીમે ધીમે ઠંડા કડક પવન વાવા લાગ્યા; ટેકરીઓ ઝાંખી પડવા લાગી; રાત્રિ નજીક આવવા લાગી.

નીચે ખેતર ઉપર ધુમ્મસ છવાઈ ગયું હતું. પાંચાનું છાપરું હવે છેક ઝાંખું ઝાંખું દેખાતું હતું.

ઘેર જતાં ઘેટાંઓને ગળે બાંધેલી ઘંટડીઓનો અવાજ બકરીએ સાંભળ્યો; બકરીને કંઈક થવા લાગ્યું. એકાએક ભયથી તે ધ્રૂજવા લાગી. દૂરની ટેકરી પરથી તેણે વરુની રાડ સાંભળી :

' હુઉ....હુઉ !

બકરીને થયું : ' હં....! હવે વરુ આવશે. હવે ? હવે શું થશે ? '

એ જ વખતે પોતાના વહાલા પાંચાનો

સાદ નીચેથી તેણે સાંભળ્યો. બિચારો પાંચો પોતાની રૂખડીને આખો દિવસ ખોળીખોળીને નિરાશ થઈ પાછો ફરતો હતો.

'હુઉ....હુઉ....!' વરુનો અવાજ આવ્યો.

'રૂખડી! એ રૂખડી!' બીજી બાજુ પાંચાનો સાદ સંભળાયો.

રૂખડીને પાછા જવાનું મન થયું; પણ ત્યાં તો એને પેલી દોરી ને તબેલો ને બંધન યાદ આવ્યાં. મનમાં થયું: 'એ તો મારાથી નહિ સહન થાય. ના, નહિ સહન થાય!'

રૂખડી દૂર જઈ પાછી આવી.

ફરી વાર પાંચાનો અવાજ ન આવ્યો.

અંધારું થયું. બકરીએ પાંદડાંનો ખડખડાટ સાંભળ્યો. પાછું ફરીને જોયું તો અંધારામાં ઊંચા ટૂંકા બે કાન દેખાતા હતા; બે આંખો તગતગતી હતી.

એ વરુ હતું!

વરુ મોટું હતું; નિરાંતે બેઠું હતું. ખાતરી રાખીને બેઠું હતું કે આ બકરી ક્યાં જવાની છે? તેને જરા ય ઉતાવળ નહોતી. શિકારની સામે તે ધારી ધારીને જોતું હતું. જ્યારે બકરી

નાસી જવા કરતી હતી ત્યારે વરુ તેની સામે હસતું હતું.

વરુએ જીભ ચાટતાં ચાટતાં કહ્યું : 'હું..... પાંચાની બકરી ! આવી છે, કેમ ?'

રૂખડી ભયભીત થઈ ગઈ; પરંતુ હવે નાસી છુટાય તેમ નહોતું. હવે તો બહાદુરીથી બચાવ કરવો ને બહાદુરીથી મરવું એ જ રહ્યું હતું. છ બકરીઓએ એમ જ કર્યું હતું. તેઓ સવાર સુધી એમ જ લડી હતી, અને આખરે મરણ-શરણ થઈ હતી.

એટલામાં વરુ તેના ઉપર ધસી આવ્યું. રૂખડી શીંગડાંથી સામે થઈ. બહાદુર બકરી ! શીંગડાં એવા જોરથી લગાવ્યાં કે વરુ પાછું હઠ્યું. લડાઈ ચાલી. વરુ ધસારો કરતું ને બકરી તેને પાછું હઠાવતી. નહોર ને જડબાં તાજાં કરી વરુ ફરી વાર ધસતું, અને હિંમત તથા આશાને હૈયે ધરી બકરી સામે થતી. લડાઈ રાત આખી ચાલી. વારે વારે બકરી આકાશના તારા સામે જોતી હતી : 'અરે ! ક્યારે રાત્રિ પસાર થાય અને સવાર પડે ?'

તારાઓ એક પછી એક અદશ્ય થતા હતા

અને વધારે ને વધારે હિંમતથી બકરી લડતી હતી. વરુ દાંત કચકચાવી રહ્યું હતું. આખરે આંખો પ્રકાશ પૂર્વમાં દેખાયો, દૂર પાંચાની વાડીનો કૂકડો પણ બોલ્યો.

આશાથી બકરી બોલી : 'આખરે.... '

પણ હવે તે થાકી ગઈ હતી; તે ઊભી ન રહી શકી. ભસ દઈને નીચે પડી. ને સૂર્યનું પહેલું કિરણ ઊગે તે પહેલાં તો વરુ તેનો કોળિયો કરી ગયું !

અરે બિચારી રૂખડી !

કમનસીબ બિચારો પાંચો !

❀

મારા ગોઠિયા

ગિજુભાઈ

હસનો

હસનો મારો નાનપણનો ગોઠિયો. હસનો ઊંચો ને હું નીચો; હસનો જાડો ને હું પાતળો; હસનો બળિયો ને હું નબળો; હસનો ઠોઠ ને હું હોંશિયાર; હસનો ઘાંચી ને હું બ્રાહ્મણ; હસનો મિયાં ને હું મહારાજ. મિયાં-મહાદેવની અમારી ભાઇબંધી !

હસનો ને હું સાથે ભણતા. એક નિશાળે જતા; એક પાટલીએ બેસતા; સાથે મોપાટ લેતા; સાથે કાંકરા ઘસતા; સાથે કોપી લખતા; સાથે નકશો જોતા; સાથે સાલો ગોખતા; સાથે સાથે રખડતા ને સાથે સાથે રઝળતા. હસનો ને હું સાથે ભણતા. અમે એક નિશાળના નિશાળિયા.

હસનાને કાંઇ ન આવડ્યું, ભણે એટલું ભૂલે ને ભૂલે એટલું ભણે. હસનો ઘણું ગોખે પણ જીભ ચળે તો કે ! એક આવડે ત્યાં બીજું ભૂલે ને બીજું આવડે ત્યાં પહેલું ભૂલે. તો યે અમે ભાઇબંધો.

હું ય પહેલો પુરાવું ને હસનો ય પહેલો પુરાવે, —હું જમણી કોરથી ને હસનો ડાબી કોરથી.

હસનાને કાંઈ ન આવડ્યું. ઇતિહાસ ન આવડ્યો, ભૂગોળ ન આવડી, ગણિત ન આવડ્યું, લેખાં ન આવડ્યાં; પૂરું લખતાં વાંચતાં પણ એને ન આવડ્યું.

મને તો બધું ય આવડ્યું. મને ઇતિહાસ આવડે, ભૂગોળ આવડે, ગણિત આવડે ને લેખાં ય આવડે; વાંચતાં ય આવડે ને લખતાં ય આવડે.

હસનો નિશાળેથી ઊઠી ગયો ને હું નિશાળે જતો રહ્યો. પણ હસનો મારો ભાઈબંધ ને હું હસનાનો ભાઈબંધ, એમાં કાંઈ ભાઈબંધી તૂટે?

કેટલાંય વર્ષો વહી ગયાં છે. તો યે હસનો મારો ભાઈબંધ ને હું હસનાનો દોસ્તદાર. હસનો ઘાણી હાંકે છે, ને હું શાળા હાંકું છું. હસનો તલ પીલે છે, ને હું લેખ પીલું છું; હસનો થડા ઉપર બેસે છે, હું ગાદી ઉપર બેસું છું; હસનો ગામડામાં, હું શહેરમાં; હસનો કતીડા જેવો, હું મડિયા જેવો; હસનો દાઢી રાખે ને હું મૂછો રાખું; હસનો કદાવર ને હું રેંસાઈ

ગયેલો; હસનો બિચારો અભણ ને હું ખાસો ભણેલો. તો ય અમે ભાઇબંધો. પહેલેથી તે આજ લગીના ભાઇબંધો.

હું ફરવા જતો હોઉં; હસનો ઊંટને પાણી પાઇ ને આવે. હસનો કહેશે : 'રામરામ.'

હું કહું : 'સલામ, સલામ.'

હસનો કહેશે : 'કાં ગિજુભાઇ?'

હું કહું : 'કાં હસનભાઇ!'

હસનો કહેશે : 'સાંભરે છે?'

હું કહું : 'સાંભરે છે!'

હસનાના હાથમાં ઊંટની રાશ ને મારા હાથમાં લાકડી.

હું પૂછું : 'હસન! સુખી છો?'

હસનો કહેશે : 'આ ધાણી પીલું છું ને દાહાડા કાઢું છું. તમે સુખી છો?'

હું કહું : 'હા ભાઇ! છોકરાં ભણાવું છું ને દહાડા ગુજારું છું.'

હસનો હજી જોડો છે, હું પાતળો છું; હસનો ટંકે બે રોટલા ખાય છે, હું ફૂલકા ખાઉં છું; હસનો રાતોચોળ છે, હું ફિક્કો ફસ છું;

હસનાને આંખે તેજ છે, મારી આંખે ચશ્માં છે; હસનો હજી જુવાન છે, હું મારી જાતને ઘરડો કહું છું.

તો યે અમે ભાઈબંધો તો છીએ, ને ભાઈબંધો રહેવાના.

વિશ્વો

'અહોહો, વિશ્વા ! તું ક્યાંથી ! આવ આવ, જે ત્યાં ન બેસ; અહીં મારી પાસે ગાદી ઉપર બેસ.'

'ના રે ભાઈ ! તમારી પાસે કેમ બેસાય ? તમે તો મોટા થઈ ગયા. અમે ગરીબ માણસ અહીં સારા !'

'અરે ગાંડો છે ? હું વળી મોટો ક્યાંનો ? આમ આવ, અહીં બેસ. આપણે તો સરખા.'

'ના રે બાપુ ! ક્યાં તમે મોટા કેળવણી ખાતાના ઉપરી અને ક્યાં હું એક નાનકડો મે'તાજી !'

'તે એમાં કાંઈ નહિ. ઘરમાં તો આપણે સરખા જ. નાનપણથી આપણે સાથે રમેલા. એમ મોટી નોકરી મળી તેથી શું થઈ ગયું ?....કોણ, બહાર કોણ છે ?'

'જી !'

'ઘરમાંથી બોલાવ તો!'

'આ આવી. કહો, શું કામ છે?'

'આ મારો ભાઈબંધ આવ્યો છે, વિશ્વો. તું ઓળખે છે?'

'લ્યો, હું ક્યાંથી ઓળખું? તમે કોઇ દિવસ બતાવો ત્યારે ના?'

'જો, આ મારો નાનપણનો ભાઈબંધ છે. અમે સાથે ભણતા. હમણાં એ કરજણ ગામનો મહેતાજી છે. જો ને, એને માટે દૂધ લાવ તો!.... ને એ અહીં જમશે.'

'અરે સાહેબ! રહેવા દો ને, નાહકની તસ્દી કાં?'

'અરે વિશ્વા! સાહેબ કોને કહે છે? અહીં હું કાંઈ બાતાનો ઉપરી છું?'

'પણ....'

'ચાલ ચાલ, લે આ દૂધ આવ્યું, પી જોઈએ!'

'અરે પણ આટલું બધું?'

'પીઈ જા ઝટ, નહિતર ગળે રેડીશ.'

'કોણ, પટાવાળો?'

'જી.'

'ભાઈને માટે પાનસોપારી લાવ....વિશ્વા ! હવે પાનસોપારી ખા. કેમ વિશ્વા ! નિશાળમાં છોકરા કેટલા છે ?'

'જી....'

'વળી જી ?'

'ત્યારે શું કહું ? તમે મારા ઉપરી તો ખરા ને ?'

'પણ અહીં હું તારો ઉપરી નથી. અહીં તો હું તારો ચમન. ચમન કહીને બોલાવ.'

'સાહેબ ! મારાથી એવું નહિ બને; મારામાં હજી વિવેક છે.'

'ગાંડો છે ! ઠીક; તારી નિશાળ તને ગમે છે કે ?'

'હા, ગમે તો છે. એ તો ગમે જ ના !'

'જી ! ગરમ પાણી તૈયાર છે.'

'ચાલો, ભાઈને નવરાવો. મારું પીતાંબર પહેરવા આપો.'

'ચમનભાઈ ! તમે તો આજે મારે માટે બહુ કરો છો. બહેન ! આટલી બધી તસ્દી શા માટે લીધી ?'

'અરે ગાંડા ! એ તો તારી ભાભી

કહેવાય!'

'પણ મારાથી ભાભી ન કહેવાય.'

'તો વિશ્વાભાઈ! તમારી સાથે નહિ બોલું. બા–બહેન કહેવાવાળા તો ઘણા છે; મારે તો દિયર જોઈએ છે.'

'કાં વિશ્વાભાઈ! થયું કે? કહો હવે ભાભી.'

'ભાઈશા'બ તમે તો બહુ કરો છો.'

વિશ્વો જમી ઊઠ્યો. હું અને એ દીવાનખાનામાં બેઠાં, છોકરાં આવ્યાં ને એની બા પણ આવી. બધાં બેઠાં ને વિશ્વાની જૂની જૂની વાતો મેં કહી સંભળાવી.

વિશ્વો રજા લઇ ઊઠ્યો. બોલ્યો: 'ભાઈ! મારે માટે આજે બહુ કરી. ભાભી....'

વિશ્વાની આંખમાં આંસુ આવી ગયાં. વિશ્વો તે લૂછતો લૂછતો ગયો.

રામચંદ

ગામ વચ્ચે જ દુકાન છે. બધા એને રામચંદ પાનવાળો કહે છે. એનાં પાન વખાણમાં. એની ધાણાની દાળ વખાણમાં. બધા ત્યાં જ પાનધાણા લે છે. હું બ્જનરમાંથી નીકળ્યો ને એણે મને સલામ ભરી. મેં સલામ પાછી વાળી.

મેં કોટ પહેર્યો હતો. પાટલૂન પહેર્યું હતું, એ શમાં ચડાવ્યાં હતાં. પાછળ માણસો હતા; મારાં પુસ્તકો ઉપાડીને આવતા હતા.

હું કોર્ટે જતો હતો; પાનવાળાની સામે મેં પૂરું પાધરું જોયું પણ નહિ.

કોર્ટમાંથી પાછો ફર્યો ને દુકાન પાસેથી નીકળ્યો.

ફરી એણે સલામ ભરી.

'વકીલસાહેબ ! ધાણાની દાળ સારી બનાવી છે. જરા ચાખતા જશો ?'

હું ઊભો રહ્યો ને ધાણાની દાળ ચાખી.

એણે એક પાન બનાવ્યું; માનથી મેં લીધું. મેં કહ્યું : 'એક શેર દાળ મોકલી આપજો.'

હું ત્યાંથી આગળ ગયો. પણ મનમાં વિચાર આવ્યો, પાછો ફર્યો, ને માનથી પૂછયું : 'તમારું નામ?'

'રામચંદ.'

'આ દુકાન તમારી?'

'હા, સાહેબ!'

'કેટલાં વરસથી દુકાન કરો છો?'

'દસ વરસથી.'

'ને પહેલાં શું કરતા હતા?'

'પહેલાં મારતર હતો.'

'ક્યાં હતા?'

'આ ગામની નિશાળમાં.'

'ગુજરાતી કે અંગ્રેજી?'

'ગુજરાતી.'

'કયા ધોરણમાં?'

'પહેલા ધોરણમાં.'

'એમ? તમે મારતર હતા? રામચંદ મહેતાજી, બરુ કે?'

'હા, વકીલસાહેબ!'

'ત્યારે મને ઓળખ્યો કે?'

'ના, વકીલસાહેબ! હું તમને ક્યાંથી ઓળખું?'

'મારું નામ રામજીભાઈ. મને તમે રામલો કહેતા.'

'તે તમે કોના દીકરા?'

'ભાનુપ્રસાદ ન્યાયાધીશનો.'

'અહોહો, રામજીભાઈ! તમે તો મોટા થઈ ગયા! મેં તો તમને ઓળખ્યા યે નહિ. બેસો બેસો, રામજીભાઈ! તમે દુકાને ક્યાંથી?'

'માસ્તરસાહેબ! સાંભરે છે, તમે અમને સાંકરટેટી અને ચીભડાં ખવરાવતા તે?'

'હા હા, સાંભરે જ છે તો!'

'ને માસ્તરસાહેબ! પેલા રઘુડાને ન આવડતું ને તમે અંગૂઠા પકડાવતા?'

'ખરી વાત, રામજીભાઈ! ભણવામાં બધા ક્યાંથી હોશિયાર હોય? એ રહ્યો રઘુડો; ગામમાં મજૂરી કરી ખાય છે.'

'માસ્તરસાહેબ! છો તો સુખી ને?'

'હા, ભાઈ! ઠીક છે. આ હમણાં તો દુકાન સારી ચાલે છે.'

'કેમ, છોકરાં છૈયાં....'

'એમ તો ભગવાનની દયા છે. બે દીકરા ને એક દીકરી. દીકરો બી. એ. માં છે.'

'ઠીક ઠીક, માસ્તરસાહેબ! બહુ સારું થયું આપણે મળ્યા તે.'

'અરે, મને કેવું સારું લાગ્યું! તમે ક્યાંથી, મારા જૂના નિશાળિયા! રામજીભાઈ! કાલે મારે ત્યાં જમવાનું.'

'ના, માસ્તરસાહેબ! અત્યારે તો જવું છે. બીજે ગામ કાલે કેસ છે.'

'એ આવજો, રામજીભાઈ!'

'એ હો, રામચંદભાઈ!'

'એ રામ રામ.'

'એ રામરામ, રામરામ!'

હું ત્યાંથી ચાલી નીકળ્યો. રામચંદભાઇ જોઈ રહ્યા. બન્નેની આંખો ભીની હતી.

☆

મગનો.

'ઓહો, મગના ! તું અહીં છો કે ?'

'હા, હું અહીં છું.'

'તે અહીં શું કરે છે ?'

'તું જ કહે ને ! મારા વેશ પરથી નથી સમજતો ?'

'તું પોલીસખાતામાં લાગે છે.'

'હા, એમ જ. હમણાં જ હું જમાદાર થયો.'

'ઓહો, ત્યારે તો મારે તને જમાદાર-સાહેબ કહેવું પડશે; તારાથી બીવું પડશે !'

'એ તો બીજા લોકો બીએ, ચોર લોકો. તારે શા માટે બીવું પડે ?'

'પણ તું તો પોલીસ કહેવાય.'

'તો તો મારાથી તને 'તું' પણ ન કહેવાય. તું તો મોટો વકીલ થઈ ગયો. હવેથી તને વકીલસાહેબ કહેવું પડશે.'

'ઠીક હવે જવા દે ને! તું તે તું, ને હું તે હું. આપણે તો નાનપણના ગોઠિયા. તું મગનો ને હું નાનકો. ઘરડા થઈએ તો ય એ કાંઈ મટશે? ઠીક; પણ તારું કેમ ચાલે છે?'

'ચાલે છે; જો ને, પોલીસનું ચાલે એવું.'

'છોકરાંછૈયાં ઠીક છે ને? કેટલી વસ્તી છે?'

'હા, એમ તો ઠીક છે. બે છોકરા છે ને ત્રણ દીકરીઓ છે.'

'વાહ, ત્યારે તું પાંચ છોકરાંનો બાપ! તને બધાં 'બાપા' કહેતાં હશે!'

'તે ત્યારે તને વળી શું કહે છે? એ તો એમ જ તો! મને બાપા કહે નહિ તો શું નામે બોલાવે?'

'કેમ, તબિયત કેમ રહે છે?'

'ઠીક રહે છે. પણ હમણાં મંદવાડ ગયા પછીથી શરીર જરા પાછું પડી ગયું છે. હવે થોડાએક દિવસની રજા લેવી છે.'

'તે લઈ લે; જરા આરામ જોઈએ ના?'

'તે તારા જેવું કાંઈ છે? અમારે તો નોકરીના ઢસરડા! તું મોટો વકીલસાહેબ! વેણે

વણે રૂપિયા મળે, ને ગાડીઓમાં ફરવું—હરવું ને મજા કરવી!'

'એ તો હવે આપણું પ્રારબ્ધ, પણ તું એ બાજુ આવતો કાં નથી?'

'ક્યારે આવું? આમાંથી છુટાય એવું ક્યાં છે?'

'ઠીક ઠીક, ત્યારે હું આવીશ. તું ક્યાં રહે છે? મારે તારાં છોકરાં જોવાં છે.'

'વાહ! તો તો તારો મોટો ઉપકાર! મને એમ કે મોટા વકીલસાહેબ ગરીબને ત્યાં ક્યાંથી આવે?'

'પણ આપણે તો નાનપણના ભાઈબંધો. એમાં ગરીબ-પૈસાદારનું ક્યાં છે? એકબીજાને ત્યાં જઈએ જ તો!'

'ઠીક ઠીક, કાલે જરૂર આવજે. જો હું પણે રહુ છું.'

'જરૂર આવીશ.'

મગનો અને હું સાથે રમતા, ભમતા ને ભણતા. બધાને સરખું આવડતું ને સૌ સરખા દીસતા. પણ કોણ જાણે મગનો ઊઠી ગયો ને

હું ભણ્યો; કોણ જાણે મગનો પોલીસ થયો ને હું વકીલ થયો. કોણ જાણે મગનો ગરીબ રહ્યો ને મારી પાસે પાંચ પૈસા થયા.

નાનપણમાં તો બધા સરખા હતા; મોટપણે જુદા પડી ગયા.

કનુડી

કનુડી અમારા પાડોશીની દીકરી. હું પાડોશીનો દીકરો.

કનુડી દસ વરસની ને હું નવ વરસનો.

કનુડી મારાથી મોટી ને હું એનાથી નાનો.

અમારું ઘર ઠીક ઠીક, ને કનુડીનું ઘર ગરીબ. મારા બાપા વકીલ ને કનુના બાપા લોટ માગે.

અમે તો રોજ ને રોજ દાળ, ભાત, રોટલી ને શાક ખાઈએ; કનુ બિચારી રોટલો ને છાશ ખાય. હું તો રોજ કપડાં બદલું ને ધોબીનાં ધોયેલાં પહેરું; કનુડી બિચારી ક્યાંથી કાઢે? એને ફાટેલ તૂટેલ ઘાઘરી ને જૂનીપાની ચૂંદડી.

બા મને નવરાવે, ધોવરાવે ને આંજણ આંજે; માથામાં તેલ નાખે. કનુની બા મરી ગયેલી. એને માથે કોણ નવરાવે? એને તેલ કોણ નાખે? એનું માથું કોણ ઓળે? બિચારી જૂંથરી

જેવી લાગે.

કનુ ને અમે શેરીમાં રમીએ. એ એના ખાંચા-માંથી આવે ને હું મારા ખાંચામાંથી આવું; ગંગડી એને ઘેરથી આવે ને લખુડો એને ત્યાંથી આવે. બધાં 'આલકો દાવ' રમીએ, 'ગણુગણુ બાશલેાં' રમીએ.

કનુડી ગરીબ, પણ રમતાં સરસ આવડે. કનુડી જૂંથરી જેવી, પણ સંતાતાં સારું આવડે. કનુડી મેલી, પણ દોડવામાં પહેલી. સૌથી આગળ કનુડી ને અમે એની પાછળ.

શેરી શેરીનાં છોકરાં લડે તેા કનુડી એમાં પહેલી; સામી શેરીવાળાંને હાંકી કાઢે. એવા પથ્થરના ઘા કરે, એવા ઘા કરે, કે બસ! ઘા કરતાં એક વાર એને ય લાગેલું. પણ કનુડી ભારે જોરદાર હતી. લેાહી જાય ચાલ્યું પણ ઊંકારેા ન કર્યેા.

કનુડી મારે ઘેર આવે. બા કહેશે: 'ભાઈ! કનુને એક કેરી આપજે. નાનુ! કનુને બે આલુ આપજે.' બા એને પાઈ આપતી, પૈસેા આપતી ને રાજી કરતી.

કનુડી બે ચેાપડી ભણીને ઊઠી ગઈ. હું તેા

રોજ ભણતો હતો. કનુડી મોટી થઈને પરણી ગઈ; પરણીને એ સાસરે ગઈ; સાસરે જઈને બ્યા થઈ.

અમે એમ જુદાં જુદાં થઈ ગયાં; ક્યાં કનુડી ને ક્યાં હું !

એક વાર મળી ગયાં. ઘણાં વરસો થઈ ગયેલાં. એકાએક મળી ગયાં. અણસાર આવ્યો ને મેં પૂછ્યું : 'કનુભા ! અહીં છો કે ?'

કનુ કહે : 'નાનુભાઈ ! તું ક્યાંથી ?'

કનુ મને ઘેર લઈ ગઈ. કોથળો નાખી બેસાર્યો. ભાણાંભાઈને બોળામાં આપ્યો. સુખદુઃખની વાતો કરી. નાનપણને સંભાર્યું, ને સંભારીને રાજી થયાં.

❋

‘ લટપટ ’

‘ લટપટ ’ અમારો ભાઇબંધ.

લટપટ નામ અમે પાડેલું. શા સારુ પાડેલું એ નથી સાંભરતું, પણ પાડેલું ખરું. કદાચ એક કારણે પાડેલું હોય : એના કાન આગળ ગોળ સુંવાળું ચાઠું હતું. અમે ત્યાં હાથ ફેરવતા ને ‘ લટપટ ’ ‘ લટપટ ’ એમ બોલતા. આ એનું કારણ હોય તો.

લટપટ પાતળિયો ને નીચકડો. એવો તો ચપળ કે જાણે ચપટીમાં ય ન આવે ! લટપટ બટકબોલો ને ચિબાવલો. બોલ્યે ચાલ્યે ન બંધાય.

લટપટ ને અમે ભેગા રમેલા, ગાડી ગાડી રમતા; નાટક નાટક રમતા. અમે બધા ગાર્ડ થઈએ, માસ્તર થઈએ, એંજિન થઈએ, ડબ્બા થઈએ. લટપટ કહેશે : હું હવે શિકારી થાઉં. લટપટ ગાડીમાં બેસીને શિકાર કરવા નીકળે.

અમે બધા રાજા થઈએ, પ્રધાન થઈએ,

સિપાઈ થઈએ. લટપટ સુમતિવિલાસ થાય ને સુંદર વેશ કાઢે. અમે 'સંગીત લીલાવતી'નું નાટક ભજવતા.

લટપટ તરવામાં જબ્બરો. અમે બધાં નિશાળે જઈએ; લટપટ નદીએ જાય. અમે બધા ભણુતર ભણીએ; લટપટ તર્યા કરે. અમે બધા ઘેર આવીએ; લટપટ પણ ઘેર આવે.

લટપટ લડવામાં ય પૂરો. મારી નાખો પણ મીના ન ભણે. ગૂંદી નાખો પણ 'ઊં' ન કરે. અમે ય બધા લડીએ પણ લટપટ કોઈથી ન થવાય. લટપટ એટલે તો લટપટ! ઠોંસા ખાય, સોટી ખાય, ગમે તે ખાય, પણ 'હાર્યો' એમ કદી ન બોલે.

અમે બધા ગામડામાં ભેગા હતા. એ દિવસો તો ચાલ્યા ગયા. પછી તો અમે જુદા પડી ગયા. એ ક્યાંનો ક્યાં ગયો ને અમે અહીંનાં અહીં રહ્યા. એ આફ્રિકા ગયો, જાપાન ગયો, ઇંગ્લાંડ ગયો; ક્યાંનો ક્યાં એ ગયો, કેટલા યે દેશ જોયા; કેટલાં યે કામાં કર્યાં. વેપાર કર્યો. નોકરી કરી; જે જડ્યું તે કર્યું. અમે તો બધા અહીં હતા. ભણુતા હતા, ગણુતા હતા; નોકરી કરી

છોકરા ભણાવ્યા; આવું આવું અમે કર્યું.

એક દિવસ લટપટ અહીં આવ્યો. સારું થયું કે ખબર આપેલી. અસલ જાણે સાહેબ! વેશેકેશે સાહેબ; રીતેભાતે સાહેબ; બોલાવે ચલાવે સાહેબ; બધી રીતે સાહેબ. સાહેબ જેમ જ રહેલો ને સાહેબ જેમ જ શીખેલો. પણ અમે કહ્યું: 'ક્યાં છે પેલું લટપટ?' ને લટપટ હસી પડ્યો.

જૂની વાતો કાઢી, જૂનાં પડો ઉખેડ્યાં; જૂના જોગી ભેગા થયેલા.

જૂનું કોઈ ભૂલે કે? દેશ જાય, પરદેશ જાય; બદલાઈ જાય, સદલાઈ જાય, પણ જૂની વાત ભુલાય કે? તરવાની ને રમવાની ને લડવાની ને બધી વાત કરી નાખી.

લટપટ કાંઈ હોશિયાર થયેલો! અંગ્રેજી કાંઈ બોલે! એને તો ફ્રેન્ચ આવડે, જાપાનીઝ આવડે, બે પાંચ ભાષા આવડે; ને કેટકેટલું વાંચેલું! કેટલાં બધાં ચોપડાં!

લટપટ પાછો ચાલ્યો ગયો. અમેરિકામાં ગયો. કહે છે કે એ વેપાર કરે છે. કહે છે કે એ ત્યાં સુખી છે. કહે છે કે એ અમને સંભારે છે.

❋

'લલાટ પટલિખિત'

મારે દિશાએ જવું ને રોજ પાણી ભરીને એમને સામે આવવું.

મને ઊભો રાખે ને કહે : 'ભાઈ! શું કહું ? લલાટપટલિખિતં ! ભગવાને લખ્યું કાંઈ મિથ્યા થાય છે ? જે ને ભાઈ! નહિ તો આવું શું કામ થાય ? ક્યાંનો ઈ અને ક્યાંની મારી દીકરી ! ક્યાંની સીતા ને ક્યાંનો રાવણ! ભાઈ લલાટ પટલિખિતં ! વિધાતાના લેખ હશે ના, નીકર મારે માથે શી પીડા હોય ?'

મને થાય કે 'એ ચાલી રામાયણની ! હવે કલાક અરધો કલાક નહિ છુટાય. ચાલશે હવે રોજનું મોટું ભાગવત !'

ત્યાં તો એ બોલે : 'આ તો તું છો; માટ છો તે તને બધું કહેવાય. તું તો ભણેલો ગણેલો તે બધું સમજે. ને તું કોણ ? કાશીનો

માટ=ખાસ સંબંધ ધરાવનાર; વિશ્વાસુ

દીકરો. કાશી કયાંઇ થોડી થવી છે? ભગવતીરૂપ હતી, ઈ બાઈ તો!'

હું મનમાં અકળાઉં કે 'દિશાએ જવું છે ને આ લપ ક્યાં લાગી!' માથે ભરેલું એકું હોય પણ એ તો ઊભાં તે ઊભાં જ! હું જરા ચાલવાનું કરું તો કહેશે: 'ભાઈ! તું તો અહીં પાંચ દિવસ છો; તું તો સમજુ છો. તને કહું કે તું હવે ઓલ્યા ગાંડાને જરાક સમજાવે તો? એવો ગાંડો તે ક્યા કરમે મારી દીકરીને કપાળે માંડ્યો હશે?'

હું ચૌદ વરસનો ને આ બાઇ પિસ્તાલીશ વરસનાં. મારે એમને શું કહેવું?

હું કહું: 'એ તો ભગવાનની માયા છે. જે થવાનું હોય તે થાય.'

બાઈ કહેશે: 'હું હવે મારે વા'લે સાચું કીધું. નીકર કાગડાને કોટે દહીંથરું હોય? ઈ રખડાઉને વળી કોણ દેતું'તું? પણ ભાઈ! લલાટપટલિખિતં. વિધાતાના લેખ હોય તે મિથ્યા થાય છે?'

હું હવે ઉતાવળો થાઉં; પણ બાઈ તો જાણે ખીલે ખોડ્યાં! ઝટ પતાવવા કહું: 'ફઈબા!

હું તમારે ત્યાં આવી જઈશ. હમણાં....'

'તે ભાઈ ! ઘેર તો આવવું જ જોયે ના ! ને ત્યારે તો માંડીને કહીશ. આ તો મનમાં થાય છે કે આ વિધાતા જોને ને ! મોટા મોટા રાજાનું ન રહ્યું તો આપણે તો વળી કયા લેખામાં ? આપણે તો રહ્યાં ગરીબ ! જોરી જર મળે ઈ ખાઈએ ને જીવીએ !'

હું કાને જનોઈ ચડાવું ને લોટો હલાવું.

બાઈ કહેશે : 'જે ભા ! હવે મોડું થાય છે; જઈ આવ. જે ભા ! મનમાં રાખજે. દુઃખની વાત કોને કહેવાય ? માટ હોય એને કહેવાય. કીધે હૈયું ખાલી થાય. બાકી તો ભગવાને માંડ્યું હોય ઈ થાય. લલાટપટલિખિતં !'

રહેમતખાન ગવૈયો

'શું ગિરજાશંકરભાઈ ! આંખો દુહાડો બસ વાંચ્યા જ કરશો ? માથું બી દુખતું નથી ? આવડાં પોથાં વાંચીને શું કરવું છે ! યાર, જરા લહેર તો ઉડાવો ! ચાલો આજે એક બિહાગ સાંભળો જોઈએ ! રહેમતખાન બીજા કોઈને નહિ સંભળાવે. એ તો ગિરજાશંકરભાઈને જ ? એની શી વાત ? સાંભળો—

'આ.....'

રહેમતખાન આદરે. પાલી જેવડું મોઢું ફાટે ! આંખો ચડી જાય, કપાળે કરચલી પડે, ગળાની રગો ખૂબ તણાય, અને રહેમતખાન ગવૈયો આલાપ કરે.

વચ્ચે વળી કહેશે : 'ગિરજાશંકરભાઈ ! આ બિહાગનો આલાપ થયો. પણ શું બીજા ગવૈયા ! આજકાલ સંગીત જેવી ચીજને વેચે છે ! ભાંડ-ભવાયા જેમ જ્યાં ત્યાં જાય ને જેમ તેમ આરડે છે.

આ તો ગિરજાશંકરભાઈનું ઘર ! મહોબ્બતથી થાય તે પૈસાથી નહિ થાય. આપની સાથે તો એવી મહોબ્બત છે. ગિરજાશંકરભાઈ કહે તો રહેમતખાન ચાર શું ચોવીસ ઘંટા ગાયા કરે. પણ એ તો દિલની વાત ! હુકમથી રહેમતખાન એક અરધો કલાક પણ સારું ન ગાય. અચ્છા સુનીએ—

'આ.....'

મને થાય કે કોઈ રીતે આમાંથી છૂટું ! આ તે આલાપ કે આ તે મોટું આરડું ? એક તો મારે વાંચવું હોય; રોજનાં બસો પાનાં વાંચવાં હોય; એમાં મારે રહેમતખાનને ક્યાં સાંભળવો ? કાંઈક કૂણું ગળું હોત તો ઠીક હતું; આલાપ-બાલાપ ન હોત તો ચાલત. પણ આ મોટો ગધેડા જેવો ભેંકડો સાંભળવો તે કોને ગમે ?

રહેમતખાન તો ઊંધા પગ નાંખી મારી સામે બેસીને કહે : 'ગિરજાશંકરભાઈ! એક બીજી ચીજ રજૂ કરું છું.'

હવે મારે ના શી રીતે પાડવી ? દસ વાર કહે કે 'આપની કાંઈ મહોબ્બત !' એને કાંઈ એમ કહેવાય કે ભાઈ! મહોબ્બત ખરી, પણ મારે તારો રાગડો નથી સાંભળવો ? ગવૈયાની જાત ! હું

જાણું ને ! આડીઅવળી વાત કરું તો યે કહેશે : 'દેખોજી, યે ચીજ બહોત અચ્છી હૈ. દેખો ગિરજાશંકરભાઈ ! ઘર પર આ કર કૌન સુનાતા હૈ ? યે તો મહોબ્બતકી બાત હૈ ! મહોબ્બતકી કિંમત હૈ.'

કેમે કરી રહેમતખાન જાય ?

'દામુભાઈ ! ચા લાવો ને, રહેમતખાન માટે ? રહેમતખાનને મોહું થાય છે. ક્યારના ગાય છે, તે જરા અરામ કરે.'

'ક્યા ભાઈ ! ચાકે લિયે મૈં ગાતા હૂં ? ચા ક્યા બડી બાત હૈ ? ગિરજાશંકરભાઈ ! ઇધર સુનનેવાલા ભી કૌન હૈ ? આપ જૈસે એક દો કદરદાન હૈં તો દિલ જરા ખુલતા હૈ; અગર વો પૈતીંસ રૂપિયે મહિને કે ખિલાતા હૈ ઉસકો ભી સંગીતમેં અચ્છા જાન નહિ પડતા હૈ !'

હું મનમાં હસું કે હું સંગીતમાં ઠીક જાણું છું. રહેમતખાન પણ એવકૂફ ને હું પણ....મારી આગળ એનું સંગીત ભેંસ આગળ ભાગવત ! પણ શું કરું ? રહેમતખાન મને છોડે જ નહિ.

'દેખો યે આશાવરીકી ધૂન હૈ—

'ત.....ત.....'

'અરે હાસુ! ચા લાવ્યો કે?'

* * *

'ગિરજાશંકરભાઈ! આપકે ઘરકી ચા જૈસી તો રાજલોક ભી નહિ પીતે!'

હું જરા મોઢું મરકાવું. ઉસ્તાદજીને પાન આપું, સોપારી આપું.

ખોંખારો મારીને ઉસ્તાદજી કહે: 'અચ્છા ગિરજાશંકરભાઈ! મેં આપકી રજા લેતા હૂં. આજ તો મૈં જરા દેરસે આયા થા ઔર જલ્દીકી ઉતાવળ હૈ. મગર કલ અચ્છી તરહસે સુનાઊંગા. ક્યા, ગિરજાશંકરભાઈ કે પાસ નૌકરીકી બાત હૈ? વો તો મહોબ્બતકી બાત હૈ. મહોબ્બતસે કામ કરના વો હી બુરા હૈ; ઇસમેં હી બુરી લિજ્જત હૈ. ગિરજાશંકરભાઈ! અચ્છા, મૈં જાતા હૂં.'

'રહેમતખાન! આવજો.'

ચોપડીઓ લઈને હું વાંચવા બેસું. વાંચતાં

વાંચતાં મનમાં થાય કે 'કાલે વળી રહેમતખાન આવશે ને નવી ચીજ સંભળાવશે ! એનું શું કરવું ?'

પણ શું કરવું ? રહેમતખાન કહે છે કે "વો તો મહોબ્બતકી બાત હૈ !"

કયાંથી આવ્યાં ?

ગિજુભાઈ

કપાશિયા

કોઠીમાં પુરાતા હતા. દાબી દાબીને ભર્યા હતા. અમને થયું કે આમાંથી નીકળવાનો આરો નથી.

એક દિવસ રૂપાભાભાને બોલતા સાંભળ્યા : 'એ હવે વાવણીવેળા આવી. ક્યાં ગયા એલા માધા, જીવા, કાના ? કાલ બેતરે જઈ કપાશિયા વાવી આવો.'

કોને ખબર બેતર તે શું હશે, ને વાવવું શું હશે ? કોને ખબર કપાશિયા શું હશે ?

પણ બીજે દિવસ થયો ને અમને કાઢ્યા. છોકરાઓ કહે : 'બાપા ! અમને ય સાથે લેજો. અમે ય કપાશિયા વાવશું.'

અમને તો ગાડામાં નાખ્યા, અને ઉપર છોકરા બેઠા. ડચકારો થયો ને ગાડું ચાલ્યું.

વિચાર કર્યો કે આ છોકરાઓ કપાશિયા

વાવવા જાય છે તે કપાશિયા ક્યાં હશે ? ને ખેતર ક્યાં હશે ?

ગામમાંથી સીમમાં આવ્યા. ગાડું ઊભું રહ્યું.

ભાભા કહે : 'એ છોકરાંઓ ! હેઠે ઊતરો. આ આપણું ખેતર આવ્યું.'

અમે કહ્યું ઠીક, આને ખેતર કહેવાય.

ભાભા કહે : 'ચાલો ત્યારે, કરો વાવણી. આ બપોર ન થાય. ત્યાં અડધું ખેતર વાવી દેવું છે. ને એલા માધા ! તું આ કપાશિયાના ગાડા ઉપર બેઠો રહેજે ને સાચવજે. ને એલા જીવા ! તું કપાશિયા સૂંડલેસૂંડલે આપતો જા.'

હં.... હવે ખબર પડી કે કપાશિયા એ તો અમે : ગાડામાં બેઠા છીએ તે, અને કોઠીમાં પુરાયા હતા એ !

અમે તો સૂંડલેસૂંડલે વહેવાયા ને પડવા માંડ્યા ચાસમાં. ભેગા હતા ત્યાંથી નોખા નોખા એક એક થઈ ગયા. આમારી ઉપર ધૂળ ને ઢેફાં વાળી દીધાં, ને અમે તો દટાઈ ગયા. અંધારું ઘોર થઈ રહ્યું. ફરી વાર જાણે કોઠીમાં પુરાયા.

હવે શું થશે ? ભગવાન જાણે. પણ કંઈ થશે. તો ખરું જ. રોજ કાંઈક થાય તો બસ જ ના ? હોઈએ તે થવા માટે જ ના ?

ધીરે ધીરે ભીનું ભીનું લાગવા માંડયું. અમારા શરીરમાં સળવળ સળવળ થવા માંડયું. અરે, આ શું ? આમાં ફાટું ફાટું શું થાય છે ? પેટ તો નહિ ફાટે ? અમે ફાટી તો નહિ જઈએ. ગમે તે થયું પણ અમારામાં તડ પડી ને વચ્ચે ખાલી જેવું થયું.

અમે તો રાહ જોતા બેઠા. ત્યાં એકબે દિવસમાં ખીંતી ભોંયમાં બોડાઈ ગઈ, ને અમે તો છત્રી જેમ ઊંચે આવ્યા.

ત્રીજે 'દિવસ ભાભા બેતર આવ્યા ને બોલ્યા : બેલા આ વખતે કપાશિયા ઠીક ઊગ્યા ! વણ સારું થશે.'

અમે કહ્યું ઠીક, આ તો આપણે ઊગ્યા કહેવાયા. હવે આપણું વણ થવાનું. પણ વણ તે ભલા શું હશે ! અમે તો સોટા જેમ વધવા લાગ્યા. કપાશિયો ક્યાંઈ વયો ગયો. લંબગોળ બીમાંથી લાકડી જેમ વધવા લાગ્યા. આસપાસ

લીલાં લીલાં પાન બેઠાં. અમે તો બધાય ઊગી નીકળેલા : હારની હાર ! બેતર આખું લીલુંછમ થઈ ગયું.

અમે તો કૂણા કૂણા તડકામાં તપતા હતા. મંદ મીઠા પવનમાં ડોલતા હતા. દિવસે સૂરજ જોતા ને રાતે ચાંદો ને તારા ભાળતા. બેતર લીલું થયું એટલે ચકલાં ઊડતાં ઊડતાં આવતાં ને જ્યાં ત્યાં બેસતાં. રાતે રાતે હરણાં આવે ને વખતે વખતે બમારામાંના કેટલાકને બાઈ પણ જાય ! પણ ભાભાનું કામ ભારે પાકું હતું. રાતે જેઠાને વાસુ મોકલે. જુવાનજોધ જેઠો હાથમાં ડાંગ રાખે ને રાત આખી પહેરો ભરે. નહિતર માળે બેઠોબેઠો હાકલો દીધા કરે. ગોફણમાંથી ધા એવો તો સન્‌ન્‌ન્ સન્‌ન્‌ન્ કરતો ફેંકે, કે ભાર છે એકે હરણું આડું ફરકે !

અમે તો એમ ને એમ મોટા થયા. બમારા સોટા જેવાં શરીર થયાં. લીલાછમ જેવા સોટાબો, નાની નાની ડાળીબો, બને ડાળીબે ડાળીબે પાંદડાં.

દિવસે તડકો બાતા ને રાત્રે હવા બાતા

વાસુ=બેતરે કે વાડીબે રાતે ચોકી કરવી તે
હાકલો=પડકાર

અમે તો સારી રીતે મોટા થયા.

અમને બધા વણુ કહેતા. દાદા વારંવાર ખેતરે આવતા ને કહેતા : 'આ વખતે જીંડવાં સારાં બેસશે; કપાસ તો ઊલળી પડશે, અને સાંઠીનો યે પાર નહિ રહે.'

અમે તો જીંડવાંની રાહ જોવા લાગ્યા. એ તે વળી કયાં હશે ! અમે તો હવે અમે કહેવાઈએ કે નહિ એના જ વિચારમાં પડી ગયા.

થોડા વખતમાં તો છોડને ફૂલો બેઠાં. સુંદર મજાનાં. એમાં સુવાસ પણ આવતી. પતંગિયાં ને ભમરા રસ ચૂસવા ને વાસ લેવા આવતાં. લીલાં પાંદડાં ને પીળાં ફૂલ : અપરંપાર ! આખું ખેતર જાણે ફૂલપાનની ચૂંદડી બની ગયું.

બેત્રણ મહિના પહેલાં ખેતરમાં લીલું ડાળખું યે નહોતું, ને હમણાં તો લીલીકુંજર લીલવણી થઈ ગઈ હતી.

ને પછી ?

પછી તો જીંડવાં આવ્યાં. જીંડવાં એટલે નાનાં નાનાં કપાસનાં ફાળો, ઉપર લીલી છાલ ને અંદર ધોળો ગર, ને વચ્ચે પોચાં પોચાં બિયાં.

અમને તે વખતે ખબર નહોતી કે એમાં તેઃ અમે જ છીએ!

તડકા પડ્યા ને જીંડવાં સુકાયાં ને ફાટ્યાં.. પહેલી કહેવતવાળું થયું : 'રણુવગડામાં ડોશીઃ દાંત કાઢે.' કાલાં ફાટ્યાં ને રૂ દેખાયું. ખેતરઃ આખું જાણે ધોળું ધોળું!

ખૂબ તડકા પડ્યા ને ખેતર સાવ સુકાયું;: કાલાં સાવ સુકાયાં.

પછી તો કાલાં વિણાયાં ને ગાડે ભરાઈનેઃ વંડે આવ્યાં. ત્યાં ચરખા ફરતા હતા. અમેઃ તો કાલાં ને કપાસમાં ગોટવાયા હતા. અમને તો પૂરી ખબરે નહોતી પડતી કે આ અમે તેઃ ગાડામાં બેઠા છીએ કે વંડે આવ્યા. છીએ કે અમેઃ પિલવાના હઈશું.

મોટો જબ્બરો વંડો હતો. કેટલા યે મજૂરોઃ કાલાં ફોલતા હતા. એક તરફ કપાસ નાખતા હતાઃ ને બીજી તરફ ઠાલિયાં ફેંકી દેતા હતા. ઠાલિયાં એટલે ખાલી થયેલ કાલાં.

થવા માંડ્યા રૂના મોટા ઢગલા. અમે એ ઢગલામાં હતા. ત્યાં ચરખા ફરતા હતા : ચક્કર,

ચક્કર. અમે તો બાપગોતર ભાળેલા જ નહિ. એમાં રૂ નખાતું હતું ને પિલાતું હતું. આણી-કોર રૂ નખાય ને પેલી કોર બિયાં જુદાં પડે. અમે તો રૂથી છૂટા થઈ તડતડ પડતા હતા.

હં....! તે વખતે ખબર પડી કે આ તો અમે જ છીએ. અમે કોઠીમાં હતા તે જ; એના એ; એ જ કપાશિયા !

માટી

દિવસો સુધી એમ ને એમ પડી હતી. ઉનાળે તપતી, ચોમાસે ભીંજાતી ને શિયાળે સુકાતી.

સવારે એનો એ સૂરજ ઊગે; રાતે એના એ તારા દેખાય. એનાં એ બપોર. એની એ રાત.

ઉપર થઈ ચાલ્યાં જાય—માણસો ને તુણસો, ઢોર ને ઢાંખર, ઘોડાં ને ગધેડાં, ગાડાં ને ગડેરાં. જેને જવું હોય તે ચાલ્યું જાય.

દિવસો સુધી એમ ને એમ પડી રહી. નિરાંતે પડી હતી, ઊંઘ ઉડાડતી હતી; તડકે તપતી હતી.

ટક ટક, ખચ ખચ; ખટાંગ ખટાંગ થયું. અરે, આ પડખામાં શું લાગે છે? અરે, આ હલાવે છે કોણ? અરે, આ નોખું કોણ પાડે છે?

ચોરણો પહેર્યો હતો; ઊંચે ઢીંચણ સુધી ચડાવ્યો હતો. હાથમાં કોદાળી હતી; ધડધડ

ખોદતો હતો.

અરે, આ તો ચોંડો ભગત ! રોજ અહીંથી ગધેડાં લઈને નીકળે છે એ ! પણ ભગતે તો ભારે કરી ! ઘડીકમાં તો મને ખોદી યે નાખી ને મારો મોટો એવો ઢગલો કર્યો. મને થયું કે આ તો કાંઈકે થઈ ગયું ! હમણાં તો હું સૂતી હતી ને. હમણાં બેઠી થઈ.

પછી તો હું છાલકામાં, ને છાલકું ગધેડા ઉપર. ગધેડું ડોકું હલાવતું જાય ને મારું છાલકું ડોલતું જાય. મને તો મજા પડી. ખોદતી વખતે કોદાળી તો આધી, પણ પછી તો ગધેડા ઉપર સવારી કરવાની મળી ! કોઈ દિવસ આવું ભાળેલું દીઠેલું નહિ.

આપણે તો ઘેર આવ્યાં; ચોંડા ભગતને જ ઘેર. મનમાં એમ ખરું; કે આપણે ગધેડે ચડીને આવ્યાં છીએ તે આપણને કેટલાં યે માનપાન મળશે; કેવાં યે ઓરડે ઉતારા મળશે ને કેવી કેવી ચાકરી થશે !

પણ મને તો લીમડા હેઠે ઉતારી; મોટા ફળિયા વચ્ચોવચ.

ત્યાં તો રાત પડી ને અંધારું થયું: સૌ

સૂઈ ગયાં. મને કેમ કરી ઊંઘ આવે? હું તો ક્યારની વિચાર કરતી હતી કે શું કામ મને આણી હશે? મારું હવે શું કરશે?

રાત તો કેમ કરી જાય નહિ. માંડ જરાક આંખ મળે ત્યાં ગધેડાં 'ઘેંકૂક, ઘેંકૂક' કરીને જગાડે. પાસે જ મોટો જબરો ઉકરડો હતો. બધાં ત્યાં વરખોળતાં હતા.

આખરે સવાર પડ્યું. ચોંડાકાકા ઊઠ્યા ને છોડીને બોલાવી: 'એલી એ રૂપલી! એ તારી માને કે' કે ઝટ ટીપણી લઈને બપોરસોરાં આને ટીપી નાખે. કાલે આપણે નળિયાં ઉતારવાં છે.'

રૂપલી કહે: 'હેા, બાપુ!'

રૂપલી દસ વરસની દીકરી. માથે બોશલો, કેડે ઘાઘરી ને ઉપર કેડિયું.

માદીકરી ઘરમાંથી આવ્યાં અને લાગ્યાં એ તો ટીપવા: ધડ્ડસ ધડ્ડસ ધોકાવવા માંડ્યાં.

અરે! આ તે કાંઈ રીત છે! પૂછ્યા કારવ્યા વિના આ શું? આમ મફતના ધોકા શું કામ મારવા?

ચોંડાભાઈ કહે: 'એ બરાબર ટીપશે. એક ઢેકું ન રહે.'

ટીપ્યાની તે શી વાત કરું ? ઢેફેઢેફાં ભાંગી નાખ્યાં. મને તો ટીપીટીપીને લોટ કરી નાખી. ચાંસો કાંઈ હળવો થયો !

મનમાં થયું : ઠીક છે, જે થાય તે ખરી ! આમાં બોલ્યેચાલ્યે કાંઈ વળે એમ નથી.

વળી ચોંડાકાકા આવ્યા. કહે : 'લ્યો આ ચારણો. ચાળી નાખો જોઈએ ! ગારિયું આજ ને આજ નાખવું છે.'

એ તો મંડ્યા પછી ચાળવા. પણ ભાઈ ટિપાવા કરતાં ચળાવું સોગણું સારું. એમાં તો મજાનું હીંચકવાનું આવે. આમ અવાય ને આમ જવાય. મોટા મોટા કાંકરા પડ્યા રહે ને ઝીણી ધૂળ જુદી પડે.

મોટો ઢગલો થઈ ગયો.

રૂપલી ને તેજપ્યાઈ : મા ને દીકરી મંડી પડ્યાં પાણી વહેવા. કો'કે કર્યો વચમાં ખાડો ને મહીં ઠલવ્યું પાણી. આ ભાઈ થયો અમારો તો ગારો. પણ પછી તો ભાઈ શું ગૂંદાયાં, શું ગૂંદાયાં, કે વાત કરો મા ! ચોરણી ચડાવેલ ચોંડાકાકા ને કાછડો વાળેલાં તેજુકાકી, બેઉ ઊતરી પડ્યાં, ગૂંદમગૂંદા. હસવું ને હાણ. એક તો વાંસામાં પગ

લાગે ને બીજી કોર થાય પચાકપચાક, ફચાકફચાક ! રૂપલી પિંડા કરતી જાય ને ગારિયામાં નાખતી જાય. પણ શું મજાનો ગારો થયો ! એકે કાંકરી ન મળે. કાલ તો ભૂખડાં ઢેફાં હતાં, ને આજ તો લીસો મજાનો ગારો થયો. રૂપ આખું બદલાઈ ગયું.

છાતીસમો મોટો હુંગરો. પાણીવાળા હાથ કરીને ચોંડાકાકાએ ચારેકોર ફેરવ્યા. મને થયું, હાશ ! ખોદાયાં, ટિપાયાં ને ગૂંદાયાં ય ખરાં; પણ સુંવાળાં તો થયાં !

વિચાર ચાલવા લાગ્યો કે હવે શું થશે ? આપણને ખબર નહિ કે પછીથી એવું એવું થશે. તો તો જરા યે મૂંઝાત નહિ; આગળનો જરા યે વિચાર ન કરત.

બપોર થયા, ને ચોંડાકાકા કહે : 'એલી સાંભળ્યું કે ? આજે ઠામ ઉતારવાં છે. પણે ચાકડો છે ત્યાં પિંડા લાવો.'

મને થયું : આ ચાકડો તે વળી શું હશે ? આવું આવું તો બે દિવસમાં કેટલું યે નવું નવું જાણ્યું. ત્યાં ગામ બહાર પડ્યાં હતાં ત્યાં કોને ખબર હતી કે આનું નામ ગધેડું કહેવાય ને આને

લીમડો કહેવાય, આનું નામ ઉંકરડો કહેવાય ને આનું નામ ધોકો અને આનું નામ ચાકડો ?

કદાચ બીજાં નામ તો ભૂલી જવાશે પણ પડખામાં ઘા મારનાર કોદાળી, સહેલ કરાવનાર છાલકું અને વાંસો હળવો કરનાર ધોકો, એનાં નામ કાંઈ થોડાં જ ભુલાશે ? ને આ ચોંડોકાકો, આ તેજુકાકી ને આ એની ફૂલી એ તો જીવે જડ્યાં રહેશે.

હું હજી તો વિચાર કરું છું ત્યાં તો મને ઉપાડીને ચાકડે ચડાવી. ચાકડો તો માંડ્યો ચક્કર ચક્કર ફરવા. એવો ફરે, એવો તો ફરે કે મને થયું, આ તે અમે ફરીએ છીએ કે આ દુનિયા ફરે છે ? મને તો થયું કે આ ઘડીએ ઊલટી થશે ને છઠ્ઠીનું ધાવણ નીકળી જશે. ભોગ લાગ્યા કે માટી થયાં ! મનમાં ઘણી રાડો પાડી કે ભાઈશા'બ ઉતારો; પણ સાંભળે કોણ ?

ઝડપ પાણી છાંટ્યું ને ચોંડાકાકાએ હાથ દીધો. એલા આ તો કંઈક નવું થયું ! ભૂંગળા જેવું. કાકી કહે : 'નળિયાં ઠીક થશે.' મને થયું, આ હું થાઉં તે નળિયું લાગે છે. ઠીક, થવા દો જે થાય તે !

કાકા તો મંડ્યા ઉતારવા : નળિયાં ઉપર નળિયાં. અમારી તો મોટી હાર થઈ ગઈ. જાણે નળિયાં પલટણ!

રૂપલી આવીને કહે : 'બાપુ! બે કુલડીઓ ઉતારી દો ને! બે કોડિયાં સોતે હો!'

કાકાએ આમ હાથ ફેરવીને અમને આમ કરતાં ને દાબ્યાં. આ....ને મજાની કુલડી થઇ ગઈ. આમ કર્યું તો રૂપાળું કોડિયું ઊતર્યું.

પછી તો ઘાટ થવાની મજા આવવા લાગી. મને થયું, એમ ને એમ ભોંમાં પડી હોત તો નળિયું ને કોડિયું, હાંડલું ને તાવડી, ને એવું એવું ક્યાંથી થવાત?

અમે તો તડકે સુકાવા લાગ્યાં. બીજે ત્રીજે દિવસે કાકા આવ્યા ને ખડક્યો મોટો નિભાડો. અમે તો પુરાયાં. વચમાં અમે ને ચારેકોર રાડાં, ખડ અને કૂચા.

મને થયું કે આ વળી શું થવા બેઠું? આપણે તો કાગડાની વાત સંભારી :

'કૂવામાં તરતાં શીખીએ છીએ, ભાઈ કૂવામાં તરતાં શીખીએ છીએ.'

સાંજ પડી ને નિભાડો સળગ્યો. આ તો

આર્યા ! દળીદળીને ઢાંકણીમાં ઉધરાવ્યું ! પણ—

'જેમ જેમ પડે વિપતડી,
તેમ તેમ સહે શરીર.'

પછી તો નિભાડો ટાઢો થયો. આંગ ઓલાઈ ગઈ. બેપાંચ દિવસ ગયા. એક દિવસ સવાર પડી ને ખડખડાટ સંભળાયો. કોણ વરખોળતું હશે ? વખતે બહાર કાઢવાં હોય તો ! ત્યાં તો કાકા, કાકી ને રૂપલીનો સાદ આવ્યો. 'એ હળવે હળવે કાઢજો; ક્યાંઈક ફૂટી જાય નહિ. એ....પણે મૂકજો.'

હાશ, બહાર તો નીકળાયું ! હવે વળી બને તે ખરું.

નિભાડામાંથી બહાર નીકળ્યાં. સાવ બદલાઈ ગયાં હતાં; પહેલાં તો બોદાં હતાં પણ પછી તો પાક્યાં. કાચાંનાં પાકાં થયાં. અમે તો ટણિંગ ટણિંગ બોલતાં હતાં.

કોઈ કહી ન શકે કે પહેલાં અમે કોણ હતાં. મારી સગી મા આવીને જુએ તો યે અમને ઓળખે નહિ !

પહેલાં તો માટી હતી. પણ પછી તો હું તાવડી થઈ, માટલી થઈ, ઢાંકણી થઈ. હું તો

કેટલાં યે રૂપે થઈ હું તો એની એ પણ
કેટલાં બધાં મારાં રૂપો ! ને ઘાટે ઘાટે નવું
રૂપ, નવું નામ ! પણ અંતે તો હું એની એ.
ચોંડાકાકા ભજનમાં કાંઈક એના જેવું જ
બોલે છે તો !

'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં;
અંતે તો હેમનું હેમ હોયે.'

જૂજવાં=જુદાં
હેમ=સોનું

જોડા

અમને તો એમ કે પહેલેથી અમે આવા હતા; પહેલેથી જ અમે અહીં રહેતા. આવા જ અમે જન્મેલા ને આવા જ મોટા થયેલાં.

પણ કાલે એ તો સમજાયું. કોણ જાણે કેમ થયું ને જૂની વાત સાંભરી. કેમ જાણે કોઇ કાનમાં આવીને કહી ગયું !

કોને ખબર હતી, દોસ્તદાર ઉપર સીમમાં રખડતા ને ટાઢતડકો સહેતા ! ભાઇબંધની પીઠ પર ફટકારાતા ને સોળેસોળ ઊપડતા !

અમારો ભાઇબંધ મોળો, ચાલે નહિ; પણ ફટકા તો અમારા જ ઉપર પડે.

પણ વસતોભાભો સારા હતા. સાંજ પડે ને ભાઇબંધને ગભાણે બાંધે ત્યારે અમારી ઉપર હાથ ફેરવતા, ને રૂપલાને વઢતા : 'એલા આવી પરોણી તે મરાય ? ચામડી એક તારે જ છે કે ? જોજે ફરીથી હાથ અડાડ્યો છે તો !'

હું, હવે બરાબર સાંભરે છે. નાનાં છોકરાં પાસે આવતાં ને હાથ ફેરવતાં કહેતાં, 'ઓહો; આ તો સાવ સુંવાળું છે!'

કોઈ કોઈ તો ઉપર બેસતા ને લાંબા થઈને સૂઈ જતા. દોસ્તદાર સારો હતો કે અમારા પરથી કોઈને પછાડી દેતો નહિ.

હું, હવે તો અમારું રૂપ ને રંગ સાંભર્યાં. બધું ધીરે ધીરે સાંભરતું જાય છે. અમારા પર થોડા થોડા વાળ હતા, ને રંગે ય ધોળો ધોળો હતો. ક્યાંઈક ક્યાંઈક કાળો યે હતો, ને ભાઈબંધના પગ આગળ થોડોક રાતો યે હતો.

એમ તો પાંચદસ વર્ષો ચાલ્યાં ગયાં હશે. કોણ જાણે પછી પચ્ચીશપચ્ચાસ વર્ષો ગયાં હોય તો! પણ આપણને ગણતાં ક્યાંથી આવડે? લોકને ત્યાં રહેલા ને ઢોરની સાથે ભાઈબંધી, તે ગણતાં શાનું આવડે?

એ તો ઠીક, પણ એક વાર દોસ્તદાર માંદો પડી ગયો, બિચારો પૂરું હાલીચાલી યે શકે નહિ. પૂરું ખડે ન ખાય. માંડ માંડ પાણી પીએ. એક દિવસ તો પૂંછડે પડ્યો, ને થઈ રહ્યું. બધા કહે: 'હવે આ નહિ જીવે; હવે એનું મોત આવ્યું.'

દાક્તર—વૈદમાં કોણ સમજતું 'તું ? ગામડિયા હોય ત્યાં કાં તો ભૂવા ને કાં તો વાળંદ. ભૂવો કહે : 'અરે, એને તો વળગાડ છે, વળગાડ !' એતરને શેઢે મેલડી છે ત્યાં પોઢળો કર્યો હતો, તે વળગી છે.'

અમે તો સાંભળતા'તા. મેલડી કેવી હશે ને વળગાડ કેવો હશે ? અમને થયું, શું કામ ભાઈબંધે પોઢળો કર્યો હશે ? ભૂવો આવ્યો ને ભાઈબંધને મરચાંનો ધુમાડો કર્યો. બિચારો અધમૂવો થઈ ગયો. અમને થયું, અરે રામ ! ભાઈબંધને કાંઈ પીડે છે ?

ત્યાં તો એક વાળંદ આવ્યો. વાળંદ કહે : 'ઓહો ! આ તો પેટપીડ આવી છે. ત્યારે હવે ચામડા ઉપર ડામ દેવા દો.'

અમને થયું : આ ડામ કોને દેવો હશે ? બિચારાને ધુમાડાથી અડધો માર્યો ને હવે ડામ દઈને આખો મારશે.

ત્યાં તો વાળંદે લોઢાં તપાવ્યાં ને કર્યાં રાતાંચોળ જેવાં. અમે તો થરથરી ગયા.

કોને હવે ચપકાવશે ?

ને ત્યાં તો અમારા ઉપર જ ચપકાવ્યું !

ઓયવોય રે! અમને શું કામ બાળો છો રે!
પેટપીડ તો ભાઇબિંધને છે ને અમને શું કામ?
પણ અમારું ત્યાં કોણ સાંભળતું'તું?
વાળંદભાઈએ તો ભાઇબિંધની પીઠ ઉપર ને પેટ ઉપર ચારપાંચ ચપકા લગાવ્યા.

બસ, ત્યાં તો અમે બેભાન થઈ ગયા ને ભાઇબિંધના પ્રાણ નીકળી ગયા.

જાગ્યા ત્યારે અમે ક્યાં હતા? હા, હા; પણે હતા. લોકો આસપાસ થાળીઓ લઈને ભાઇબિંધને કાપતા હતા ને પીંખતા હતા. એક જણ ભાઇબિંધનું માંસ બીજાઓને થાળીમાં આપતો હતો. અમને તો પાછળથી ખબર પડી કે એ ઢેઢવાડો હતો.

અમને તો ભાઇબિંધ ઉપરથી ઊતરડ્યા. અરેરે, ભાઇબિંધ મરી ગયો હતો! ચરડ કરીને અમને ચીરી નાખ્યા ને ભાઇબિંધથી જુદા પાડ્યા. અરે, છે કાંઈ લોકની મતિ! છે કાંઈ ભગવાનની ગતિ!

પણ શું કરીએ? ભગવાને ભાઇબિંધ અને અમને મૂંગા બનાવ્યા, તે કોને કહીએ?

અમે તો ભાઇબિંધથી છૂટા પડ્યા. ઘણા

દિવસનો સહવાસ, ને જનમની પ્રીત. આંખમાં આંસુ આવ્યાં. ઘણું વસમું લાગ્યું, પણ જેવી કિરતારની મરજી !

અમને તો ઝાડવે ટીંગાડ્યા.

તે દિવસ એમે ખૂબ ગંધાતા'તા. હજી યે અમારામાં થોડીક વાસ તો રહી છે, પણ તે દિવસમાં ને આજમાં લાખ ગાડાનો ફેર.

મનમાં તો થતું હતું કે ભલા ! અહીં જ સુકાઈને દેહ પડી જાય તો ભલે પડે. ભાઈબિંધ જેવો ભાઈબિંધ ગયો ને હવે જીવીને શું કરવું ?

પણ ત્યાં તો એક જણ આવ્યો : અમારા જેવો જ ગંધાતો હતો : ભૂંડોભૂખ ! ઢેઢો કહે : 'આઘા રહો, આઘા રહો. એને અડશો મા.' છે ને દુનિયા ? ઢેઢ વળી એનાથી અભડાય ! જો ને ઢેઢ ! ચામડાં ઉતારવાં ને મરેલા ઢોરનું માંસ ખાવું ને વાળી કહેશે અભડાશું ? પણ આવું જ હોય. પગ હેઠે બળે એ કોઈ જુએ નહિ, ને બીજાને નિહાળે.

ભાઈ ! એ તો આવ્યો ને અમને ઉપાડ્યા ને ઝબોળ્યા : ક્યાં ? એના કુંડમાં. ઓહોહો ! એ કુંડ ! એનું ગંધાતું પાણી ! અમે ય ગંધાતા

તો હતા. પણ આ ગંધથી તો તોબા બાપુ !

મહીં આવળ નાખેલી તે એનો રંગ નીકળેલો. શે અંદર રહેવું ? પણ જેવાં કરમ !

ઢેઢો કહે : 'ભગવાને અમને એવા કર્યા તે શું કરીએ ? એવાં અમારાં કરમ !'

ચમાર કહે : 'એવાં અમારાં કરમ !'

અમે ય કહ્યું : 'ત્યારે એવાં અમારાં કરમ !'

બહુ રાખ્યા હોત તો તો સડી સડીને મરી જાત ને ઠીક થાત; પણ ત્યાં તો બહાર કાઢ્યાં ને સૂકવ્યાં.

પણ એ તો ઠીક થયું કે અમને કુંડમાં નાખ્યા. અમારા પરથી બધી ગંદકી નીકળી ગઈ. અમારી ગંધ બદલાઈ ગઈ.

પછી તો અમને તડકે સૂકવ્યાં ને કોરા કડાક કરી નાખ્યાં.

ને અમે કાંઈ એકલા હતા ? ત્યાં તો એવા કેટલા યે ભાઈબંધો : ભેંશો ને ગાયો ને બકરાનાં ચામડાં હતાં. એમાં એક અમે ય હતા.

એક દિવસ ઊગ્યો અને અમારો ભારો બંધાયો. અમે તો ખડખડ બોલતા હતા. ચમારણોએ આવીને અમને માથે લીધા. ચાલી ઉપાડીને. રસ્તે માણસો.

મળે તે નાક ાગળ લૂગડું ધરે. અમને થાય કે શું આટલા બધા ગંધાતા હોઈશું ? પણ હોઈશું જ તો ! હમણાં કેમ કોઈ નાક આડું લૂગડું ધરતું નથી ? હમણાં તો સૌ ઘરમાં ને ઓશરીમાં રાખે છે; ને કોઈ તો અમને કળાટમાં યે રાખે છે !

અમે તો પહોંચ્યા. ત્યાં તો છુકછુક કરતી ગાડી આવી ને ડબ્બો ઊઘડ્યો. માસ્તર કહે : 'નાખો આ ડબ્બામાં. એ ડબ્બો ચામડાંનો છે.'

અમે તો વિચાર કરવા લાગ્યાં : 'આ તો પનોતી બેઠી લાગે છે ! હવે વળી મુસાફરીએ ચાલ્યા. ક્યાં જવાના ?'

આપણે તો બેઠા નિરાંત કરીને. મનને થયું કે હવે તો થવા જ બેઠી છે તે થવા દે. જ્યારથી ભાઈબંધ માંદો પડ્યો ને વાળંદે આવીને ડામ દીધા ત્યારથી માઠી દશા જ બેઠી છે. હવે ખાવાનાં ને પીવાનાં ને લાંબા થઈને સૂવાનાં શા ? એ દિવસ તો ગયા. એ....ભાભાનો ડચકારો સાંભળતા ને રૂપલાનો હાથ ફરતો....ને હેત કરતો ને....

ત્યાં તો ગાડી ઝડપ દઈને ઊભી રહી ને અમને તડકામાં ફગાવી દીધા. તે ફગાવી

જ દે ના ? અમે તે કંઇ કપૂરનાં કે કાચનાં પારસલો હતાં ? ભામના પારસલના બીજા શા હાલ હોય ?

મજૂરો આવ્યા ને અમને તો ઉપાડ્યાં. ધમધમ ધમધમ થતું હતું : ધડાધડ, ધડાધડ ધોકા પડતા હતા; સરર સરર ધારિયાં જેવાં ફરતાં હતાં. પછી ખબર પડી કે એ તો કારખાનું હતું : અમને સાફ કરીને સરખા કરવાનું.

ઠીક ભાઈ, હવે સાફ થવાનું બાકી હતું તે એ થાય.

પણ જે થાય તે સારા માટે. જો સાફ ન થયા હોત ને રંગાયા ન હોત ને સિવાયા ન હોત તો ખબર પડેત! ક્યાંઈ ઝાડવે ટિંગાઈને મરી જાત. નહિતર કૂતરાં આવીને કટકેકટકા કરી નાખત, ને ચાવી જાત એ વળી જુદું !

એ તો પછી કારખાનાની રીતે ચાલ્યું. એક સંચા પરથી બીજા પર ને બીજા પરથી ત્રીજા પર ને ત્રીજા પરથી ચોથા પર.

ત્યાં અમને પહેલાં તો સીધાસટ કર્યા, ને પછી ચારેકોર રૂવાંટી કાઢી નાખી. એમાં કાર-

ભામ=મરલા ઢારના ચામડા

બાનાવાળાને દયાબયા હોય નહિ. એ તો જે આવ્યું એને ચડાવ સંચે, ને કાઢ બહાર !

પણ અમારું કાંઈ ડિલ થઈ ગયું ! હળવું ફૂલ જેવું ને પાંધરું દોર જેવું. ભાઈબંધના કાન હતા ને પગ હતા ને પૂંછડું હતું તે બધું કાઢી નાખ્યું. એમને તો આ....ને મજાના ચોરસ જજમ જેવા બનાવ્યા. મનમાં થયું, હવે કાંઈ સારી દશા આવી લાગે છે.

બીજે સંચે ચડાવ્યા ને કાંઈ મજા પડી ! એ તો જાણે હજામત કરાવવા બેઠા.. એવા અસ્ત્રા ફરે, એવા ફરે, ને એવા તો હળવા હળવા કે વાત કરો મા ! બધા ય વાળને કાઢી નાખ્યા ને ચામડી આખી સુંવાળી સુંવાળી કરી નાખી.

પણ પાછા ત્યાંથી ઉપાડ્યા ને એક બીજે ઠેકાણે લઈ ગયા.

પણ ત્યાં તો કૂંડાં જોયાં ને ભડકયા ! એ તો પછી બબર પડી કે એમાં ભડકવા જેવું નહોતું. એ તો મજાનાં રંગનાં કૂડાં હતાં. અમને એમાં નાખ્યા ને ભાતભાતના રંગ ચડાવ્યા. મને તો પીળામાં નાખેલ તે મારું અંગ પીળું થયું.

પછી તો કાંઇ અમે થયા ! જાણે જાત જ

બદલાઈ ગઈ; જાણે નાત જ બદલાઈ ગઈ. જાણે ઢેઢના બ્રાહ્મણ થઈ ગયા !

ને અમે કાંઈ સુંવાળા ફૂણા ફૂણા થયા ! માણસોને તે કાંઈ આવડે છે ! ને એવા છે કે વાત કરો મા ! ક્યાંઈથી ક્યાંઈ ને ક્યાંઈથી ક્યાંઈ ઉપાડીને નાખે છે.

એક વાર દુકાન ઊઘડી ને અમે એમાં બેઠેલા. એક ભલો ભાઈ અમને કારખાનામાંથી લઈ આવેલો. અમે તો ધારી ધારીને જોવા લાગ્યા. માળું દુકાનમાં આ બધા શું ટાંગ્યા છે ! છે તો અમારી નાતજાત, પણ રંગઢંગ જુદા કેમ છે ? ને આવા ઘાટઘાટ કોણે ઘડ્યા હશે ?

પણ ત્યાં તો એ ભલા ભાઈએ અમને જ ઉપાડ્યા; ને પેલી રાંપી લીધી, ને આમ પગ હેઠળ દબાવીને કાપવા માંડ્યા. 'ઓયવોય' થઈ ગયું. પછી તો આમ કાપ્યા ને આમ કાપ્યા, ને ફટાક ફટાક કરીને ખંખેર્યા.

ખબર ન પડી કે આ શું કરે છે. અમને થયું શું કામ નાહકના કટકા કરી નાખે છે ?

પણ એણે તો કટકા કર્યા ને પાછા સાંધ્યા ને ઓઠે ચડાવ્યા; લાહી લગાડીને ઓમથી વાળ્યા

તે તેમથી વાળ્યા ને અમને તો બનાવી કાઢ્યા ! આમ ઊંચે જોયું ત્યાં તો અમે પણ પેલા જેવા જ બની ગયેલા. અસલ રૂપેરંગે એના જ જેવા બનેલા !

ભલા ભાઈ પણ બરા ! આખો દિવસ આવું આવું કર્યા જ કરે. અમને કોરે મૂકીને બીજાને ઉપાડ્યા; બીજાને કરી ત્રીજાને લીધા. ને એવી રીતે કરીને કેટલાયને ભીંતે ટાંગ્યા.

સાંજ પડી ને અમને ગોઠામાંથી કાઢ્યા ને લટકાવ્યા.

બીજી સવાર થઈ ને ઘરાક આવ્યું. કહે : 'કાં જોડા છે? આ ભાઈના પરમાણાના જોઈએ.'

ભલો ભાઈ કહે : 'હા, શા'બ ! આ કાલે જ નવા કર્યા છે. જુઓ, છ નંબરના છે. ભાઈને બરાબર ફિટ થઈ રે'શે.'

પેલા માણસે અમારામાં પગ નાખ્યા ને ચપોચપ થઈ ગયા. એ તો રોફમાં આવ્યો ને ચટ ચટ ચાલવા માંડ્યો.

અમે ય તે ચમચમ બોલવા માંડ્યા. એ તો અમે અમારું ગાયન ગાતા હતા !

પરમાણના=માપના

ફિટ=બંધબેસતું

રૂપિયા સાડાત્રણ મોચીભાઈને ફેંકી દીધા ને લખમીદાસ અમને લઈને ઘેર આવ્યા.

લખમીદાસ છે ભલા માણસ ! રોજ અમને લૂછે છે. સાંજ પડતાં ગોઠવીને મૂકે છે, ને ચાર દહાડે રંગ લગાડે છે. એને ખબર નહિ હોય કે અમે ક્યાંના છીએ ને ક્યાં આવ્યા છીએ.

પણ લખમીદાસ બહુ કામમાં રહે છે. મરજી તો છે કે આ બધી વાત એને કહીએ ને ઓળખાણ પાડીએ. પણ હવે જોઈએ; કોઈ વાર લાગ આવે ત્યારે જોઈશું. હવે કાં ભૂલી નહિ જવાય. એકંદ વાર વાત સાંભરી છે તો ક્યાં ભુલાઈ જવાની છે ?

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

પશુપક્ષી ગ્રંથમાળા

ગધેડું

ચીડિયાખાનું

મહાસભાઓ

મંગેશનો પોપટ

મારી ગાય

મોતિયો

મારા ગોઠિયા

ક્યાંથી આવ્યા

•

આવા અન્ય રસ ભરપૂર

નીચેના ગ્રંથો પણ વસાવો

(એક ગ્રંથમાં આઠ પુસ્તકો)

હાસ્યવિનોદ	ગ્રંથમાળા
જીવનપરિચય	ગ્રંથમાળા
પાઠપોથી	ગ્રંથમાળા
જ્ઞાનવર્ધક	ગ્રંથમાળા
ગાતી	ગ્રંથમાળા
કથાનાટય	ગ્રંથમાળા
રમ્યકથા	ગ્રંથમાળા
અવલોકન	ગ્રંથમાળા
ચાલો પ્રવાસે	ગ્રંથમાળા

આર. આર. શેઠની કંપની

મુંબઈ–૨ * અમદાવાદ–૧